સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ


વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-
ફેબ્રુઆરી, ૨૦૨૨




દલિતો અને પછાતોના સ્નેહી-સ્વજન સમા વાત્સલ્યમૂર્તિ સંત

## પ્રમુખસ્વામી મહારાજ







*'પરાભક્તિ છે અચળ અંગ, સદ્-વાંચનનો નિત્ય જગન...'* આ પંક્તિ સહેજે જ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના જીવનમાં નીરખવા મળે છે. અનેકવિધ સત્સંગ-સમાજસેવાકીય કાર્યોની વ્યસ્તતા વચ્ચે પણ ભગવદ્‌ભક્તિ કરતા સ્વામીશ્રી સૌની સુખાકારી માટે સતત પ્રાર્થનારત રહે છે. પ્રજાસત્તાક દિને લાખો હરિભક્તો, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના ભલા માટે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને પ્રાર્થના કરી રહેલા સ્વામીશ્રી. સદ્‌ગ્રંથોનું સતત વાંચન-મનન-અનુશીલન પણ સ્વામીશ્રીની ભક્તિનું એક આગવું પાસું છે. સમયની વ્યસ્તતા વચ્ચે પણ સ્વામીશ્રી સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત થતાં પ્રકાશનો તેમજ પ્રતિમાસ પ્રકાશિત થતા 'સ્વામિનારાયણ પ્રકાશ'નું પણ નિયમિત વાંચન કરી લે છે. ગત મહિનાના સ્વામિનારાયણ પ્રકાશનું પઠન કરીને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય ગુણાનુવાદનું અનુપાન કરતા સ્વામીશ્રીની સ્મૃતિછબીઓ...

# સમતાના મેરુ અને મમતાના માળી પ્રમુખસ્વામી મહારાજ...



**શતાબ્દી પ્રકાશમાળા**
**સંપાદકીય**

સનાતન હિન્દુ ધર્મ સંવાદિતાનો ધર્મ રહ્યો છે. વિશાળતા અને ઊંડાણ બંને એની વિશેષતા છે. ભાવનાઓની વિશાળતા અને સમજણનું ઊંડાણ. આ ધર્મ જીવપ્રાણી પ્રત્યે આત્મીયભાવ કેળવવાની, એટલે કે ભાવનાની વિશાળતા શીખવે છે. બીજી તરફ, માનવી માત્રના હૃદયમાં પરમાત્માનાં દર્શન કરીને તેને આત્માની દૃષ્ટિએ નીરખવાની સમજણ પણ શીખવે છે. વનસ્પતિ કે મૂંગાં પ્રાણીઓ પ્રત્યે મમતા અને માયાળુતા શીખવતો આ ધર્મ, બીજા માણસ પ્રત્યે ભેદભાવની દૃષ્ટિ તો ક્યાંથી શીખવે? એટલે જ વસુધૈવ કુટુંબકમ્‌ની વિશાળ ભાવના અહીં સહજતાથી સિંચાઈ છે. આમ છતાં, ગુણ અને કર્મની વિવિધતાને કારણે માનવ માનવ વચ્ચે ભેદભાવ ઊભો થાય જ છે. વિશ્વની કોઈ એવી સંસ્કૃતિ નથી કે જ્યાં આવા કોઈપણ પ્રકારના ભેદભાવ ન હોય. પરંતુ સનાતન હિન્દુ ધર્મે એ ભેદભાવની વચ્ચે અભેદની એક દૃષ્ટિ શીખવી છે. જે વિદ્યા શીખવે અને જ્ઞાન આપે તે વર્ગ બ્રાહ્મણ. જે પોતાનું બલિદાન આપીને બીજાનું રક્ષણ કરે તે વર્ગ ક્ષત્રિય. જે મહેનત કરીને અનાજ ઉગાડે અને જે નાની-મોટી વસ્તુઓનો વિક્રય કરી સૌને વહેંચે તે વૈશ્ય. અને જે સૌની સેવા કરે તે શૂદ્ર. અને આ બધા જ વર્ગને ભગવાનના દિવ્ય શરીરના ભાગ રૂપે ગણવામાં આવતા હતા. 'બ્રાહ્મણોસ્ય મુખમાસિદ્‌...' ગાતા ઋગ્વેદના પુરુષસૂક્તમાં તેનો સ્પષ્ટ નિર્દેશ છે.

આવી એક સામાજિક વ્યવસ્થા ઋગ્વેદના સમયમાં હતી. જન્મથી કોઈ મહાન નહીં, જન્મથી કોઈ નીચો નહીં, એવી વ્યાપક માન્યતા હતી.

ભગવદ્‌ગીતા કહે છે તેમ, વ્યક્તિના કર્મ અને તેના ગુણના કારણે તે ઊંચો અથવા નીચો ગણાતો હતો.

પરંતુ સમય જતાં પરિસ્થિતિ બદલાઈ. શાસ્ત્રોનાં અર્થઘટનો અવળાં થયાં. શાસ્ત્રોમાં ક્યાંક ક્ષેપક ભાગો ઉમેરાયા. પરિણામે માણસ માણસ પ્રત્યેના વલણમાં જડતા પ્રવેશી. એટલે જન્મના કારણે ઊંચ-નીચના ભેદ આવી ગયા. સમાજમાં આ સડો વૈમનસ્યનું કારણ બન્યો.

તેમાં વિદેશી શાસને પણ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું. વર્ગ-વિગ્રહનો તેમણે અને ધર્માંતરણના હિમાયતીઓએ લાભ ઉઠાવ્યો. પરિણામે પરિસ્થિતિ વણસી.

સેંકડો વર્ષોની આ પરિસ્થિતિ સામે અવાજ ઉઠાવ્યો ૨૧ વર્ષના નવયુવાન ભગવાન શ્રી સ્વામિનારાયણે. તેમણે સનાતન હિન્દુ ધર્મની વૈદિક આધ્યાત્મિક દૃષ્ટિનો પુનઃ રણટંકાર કર્યો: સૌને આત્માની દૃષ્ટિથી જુઓ. દેહના ભેદભાવ દેહ પૂરતા મર્યાદિત છે.

ગઢડા પ્રથમના ૪૪મા પ્રકરણના વચનામૃતમાં તેમણે સ્પષ્ટ કહ્યું: આ જીવને આ દેહરૂપ જે ડગલો એ ક્યારેક તો બ્રાહ્મણ અને બ્રાહ્મણી થકી ઉત્પન્ન થાય છે ને ક્યારેક તો નીચ ગણાતી જાતિ થકી ઉત્પન્ન થાય છે. તેને વિષે જે પોતાપણું માને તે મૂર્ખ કહેવાય. અને તેને પશુ જેવો જાણવો... જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે.

લાખો લોકોમાં ભગવાન સ્વામિનારાયણે આ સમજણ સિંચી, એટલું જ નહીં, તેઓ સ્વયં બ્રાહ્મણ કુળમાં જન્મેલા અને લાખો લોકો દ્વારા પોતાની હયાતીમાં જ સ્વયં પરમાત્મા તરીકે પૂજાતા દિવ્ય વિભૂતિ હોવા છતાં, દલિતોનાં ઝૂંપડે જઈને બેઠા, તેમની સાર-સંભાળ લીધી, તેમના પર અપાર હેત વરસાવ્યું, તેમની સાથે ભોજન લીધું, અને તેમને મહાનની પંક્તિમાં મૂકી દીધા.

આ એક ક્રાંતિ હતી. શાંત ક્રાંતિ. જેની જ્યોતિનાં અજવાળાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ખૂબ વિસ્તાર્યાં. ગામોગામ હરિજનવાસ, વણકરવાસ,

“

**‘ભગવાનને ત્યાં ઊંચ-નીચના ભેદો નથી. કર્મે કરીને ભેદ પડ્યા છે. જો આપણાં કર્મ સારાં હોય તો આપણે બ્રાહ્મણ કરતાં પણ સારા છીએ. સંસ્કાર હશે તો ભલે સામાન્ય હશો, ઝૂંપડામાં રહેતા હશો તોય વંદનીય છો. સંસ્કાર કેળવશો તો આ નળિયાં સોનાનાં થતાં વાર નહીં લાગે.**

**– પ્રમુખસ્વામી મહારાજ**

”

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય

૬. શતાબ્દી સ્મૃતિ - મહેર કરી મારે મંદિર આવ્યા...

૮. શતાબ્દી ઉપદેશ - ભેદ ધર્મમાં નહીં, માણસની બુદ્ધિમાં છે...

૧૦. શતાબ્દી અનુભૂતિ

૧૨. દલિતો અને પછાતોના ઉદ્ધારની જ્યોત પ્રગટાવનાર કરુણામૂર્તિ ભગવાન શ્રી સ્વામિનારાયણ – સાધુ અક્ષરવત્સલદાસ

૨૨. દલિતો અને પછાતોના સ્નેહી-સ્વજન સમા વાત્સલ્યમૂર્તિ સંત પ્રમુખસ્વામી મહારાજ – સાધુ આદર્શજીવનદાસ

૩૪. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

સમાચારઃ

ગોંડલ ગુરુકુળનું ઉદ્‌ઘાટન (૩૮)
પીપલગ ગામે પુનઃમૂર્તિપ્રતિષ્ઠા (૪૦)
પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને ‘લાઈફ ટાઈમ અચિવમેન્ટ’ ઍવોર્ડ (૪૧)
મહાન ધર્માચાર્યો સાથે શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શન વિષે સંવાદ (૪૫)
કાર્યકર શિબિર (૪૮)
દેશ-વિદેશના વિવિધ સમાચાર (૪૯)

૫૦. અક્ષરવાસ


દેવીપૂજકવાસ, ભંગીવાસ કે આદિવાસીઓનાં ઝૂંપડે-ઝૂંપડે તેઓ કષ્ટો વેઠીને ઘૂમ્યા. જેમને સમાજે તરછોડ્યા હતા એમને સ્વામીશ્રીએ પોતાના ખોળે લીધા, ખૂબ નિઃસ્વાર્થ હેત વરસાવ્યું, તેમના જીવન-ઉત્કર્ષ માટે અપાર પુરુષાર્થ કર્યો. સમયે સમયે તેમણે લઘુતાગ્રંથિ અને ગુરુતાગ્રંથિના પૂર્વગ્રહોને તોડવાની સહજ સેવા કરી.

સ્વામીશ્રી એક વખત સારંગપુરમાં હતા. તેમની આસપાસ યુવાનોનું વૃંદ તેઓનાં અમૃતવચનોનું પાન કરી રહ્યું હતું. એ સમયે દૂર ઊભેલા કેટલાક યુવાનો તરફ સ્વામીશ્રીની નજર ગઈ. સ્વામીશ્રીએ વહાલથી બોલાવ્યાઃ ‘અહીં પાસે આવો ને! દૂર કેમ ઊભા છો?’

એ ચાર-પાંચ યુવાનો એકબીજા સામું આશ્ચર્યથી જોવા લાગ્યા. કોને બોલાવે છે!? દરેકને મનમાં સવાલ થયો. ત્યાં ફરીથી એ મધુર અવાજ સંભળાયો: ‘તમે બધા જ આવો.’

કંઈક શરમ અને કંઈક સંકોચ સાથે એ યુવાનો બોલી ઊઠ્યા: ‘પણ બાપજી! અમે તો હરિજન છીએ!’

સ્વામીશ્રીએ કરુણાભીના સ્વરે કહ્યું: ‘તો અમે પણ હરિના જન છીએ... નજીક આવો ને!’

દોડતાં એ યુવાનો સ્વામીશ્રી પાસે પહોંચી ગયા. સ્વામીશ્રીએ તેમનાં મસ્તક ઉપર પ્રેમાળ અભય હસ્ત ફેરવ્યો. દરેકના રોમેરોમમાં આનંદ છવાઈ ગયો.

‘ભાઈ! હરિના જન તો સૌને થવાનું છે. કાંઈ વ્યસન છે? જીવન શુદ્ધ કરજો. વ્યસન હોય તો છોડજો. વ્યસન વગરનું પવિત્ર જીવન કરજો. લ્યો, આશીર્વાદ છે...’

અને પછી તો સ્વામીશ્રીએ તેમના પર ખૂબ વહાલ વરસાવ્યું. તેમને કૃતાર્થ કરી દીધા. ગામના એ હરિજનોને માટે આ દિવ્ય અનુભવ હતો – કોઈ સંતનો નહિ, પણ સંતમાં રહેલા સાક્ષાત્ ભગવંતનો. અને એ નંખાઈ ગયેલા ચહેરાઓ ઉપર તેજ ઝળકી ઊઠ્યું, લઘુતાગ્રંથિ ઓગળી ગઈ, આનંદની લહેર ઊઠી, હૈયે પેલો સ્વર ઘૂંટાવા લાગ્યો: ‘આપણેય હરિના જન છીએ, ગૌરવવંતા છીએ, મૂઠી ઊંચેરા છીએ...’

એકવાર સ્વામીશ્રી અમદાવાદમાં બિરાજતા હતા.

તા. ૨૬-૧૧- ૧૯૯૩ના રોજ પ્રાતઃપૂજા કરીને તેઓ પોતાના ઉતારા તરફ જઈ રહ્યા હતા. બન્ને બાજુ સ્વયંસેવકોની કતાર હતી. સ્વામીશ્રીની નજર કચરાપેટી પાસે હાથમાં ઝાડુ લઈ દૂર ખૂણામાં ઊભેલ હરિજન બંધુ રામજીભાઈ પર પડી. સ્વામીશ્રીએ તેમને નજીક બોલાવ્યા. પરંતુ તેઓ ખચકાયા. સ્વામીશ્રી તેમની મૂંઝવણ પામી ગયા ને પોતે જ એ ખૂણા તરફ ખેંચાયા. રામજીભાઈ તો હજુ હાથ જોડી તેમજ ઊભા જ હતા.

સ્વામીશ્રીએ આશીર્વાદનો અભય હસ્ત તેમના મસ્તકે મૂક્યો. તેઓ નમ્યા ને સ્વામીશ્રીએ ફરી આશીર્વાદનો અભય કર તેમના વાંસામાં-ખભે મૂક્યો. પછી પ્રેમ વરસાવતાં કહ્યું: ‘સેવા કરો છો ને! બરાબર કરજો. સુખિયા થશો.’

આ પૂર્વે પણ રામજીભાઈને સ્વામીશ્રીએ વ્યસનમુક્ત કરીને બાળકોને અભ્યાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સ્વામીશ્રીની આ નિઃસ્વાર્થ હેત વર્ષાથી રામજીભાઈની આંખો ભીની થઈ ગઈ.

દક્ષિણ ગુજરાતના દેદવાસણ ગામના એવા જ એક પછાત ભક્ત શ્રી દલુભાઈ મદારીને ત્યાં સ્વામીશ્રી જે

રીતે કષ્ટો વેઠીને પધાર્યા હતા એ દલુભાઈ જીવનભર ભૂલી શક્યા નથી. સંતોના સંગે દારૂ, માંસ, હિંસા, ચોરી બધું છોડીને પવિત્ર જીવનના પંથે ચડ્યા હતા. એટલે એમની તીવ્ર ઇચ્છા હતી કે મારા ઘરે સ્વામીશ્રી પધારે અને મને પાવન કરે. સ્વામીશ્રી સુધી તેમની અરજ પહોંચી ગઈ.

પરંતુ એ તદ્દન પછાત ગામ સુધી પહોંચવાની રસ્તાની પણ પૂરતી સુવિધા નહોતી. એવામાં અધૂરામાં પૂરું હોય તેમ વરસાદે માઝા મૂકી. આમ છતાં, સ્વામીશ્રી ત્યાં ચાલતા જવા નીકળ્યા. ચાલી-ચાલીને કાદવ ખૂંદીને ઘરોઘર ઘૂમતા સ્વામીશ્રીને સંતોએ કહ્યું: 'બાપા! હવે આપણે રહેવા દઈએ. અહીં આપને બહુ તકલીફ પડે છે.' સ્વામીશ્રીએ એકદમ કહ્યું: 'ચાલવામાં ને વરસાદમાં આપણે થોડા ઘસાઈ જઈએ છીએ! અહીં આ લોકો હરિભક્તો આવી વિકટ પરિસ્થિતિમાં રહે છે. અને તમે બધા સંતો પણ મચ્છર, માંકડ, ચાંચડ, આવી ખાવા-પીવાની મુશ્કેલીમાં ફરો છો તો મને શો વાંધો આવી જવાનો છે?'

આમ કષ્ટો વેઠીને સ્વામીશ્રીએ દલુભાઈના ઘરમાં પગ મૂક્યો ત્યારે તેઓ તો આનંદથી નાચી ઊઠ્યા. પણ સાથે સાથે એ અંધારિયા ઝૂંપડામાં સ્વામીશ્રીને ક્યાં બેસાડવા એની મૂંઝવણ તેમના મોં ઉપર ઊપસતી હતી, કારણ કે એ 'ઘર'ને ઘર કહેવું કે કાગડાનો માળો? એવાં એનાં દીદાર હતાં. છેવટે ઢોર બાંધવાની કોઢ્ય સાફ કરીને, ગમાણની પાળી ઉપર સ્વામીશ્રીનું આસન બનાવ્યું. ભેંસને ખીલે બાંધવાનાં વાંકાંચૂંકાં લાકડાં પર પથ્થરો ટેકવીને તેના પર સંતોને બેસાડ્યા. સ્વામીશ્રીએ દલુભાઈને પ્રેમથી આશીર્વાદ આપ્યા અને પોતાના આસન પરથી ઊભા થઈ ગયા અને તેમને ભેટી પડ્યા. તેમને છાતી સરસા ચાંપ્યા. કરુણાભીના સ્વરે સ્વામીશ્રી બોલી રહ્યા હતા: 'ભલે ગરીબ છે, પરંતુ દર્શનથી શાંતિ થાય તેવા છે. આને કોણ પછાત કહે? સત્સંગી થયા, પવિત્ર થયા, આવાં ઘર તો તીર્થ કહેવાય. આવાં ઘરોમાં-ઝૂંપડાંઓમાં એમની ભક્તિનાં દર્શન થઈ ગયાં.' સમતાના મેરૂ સ્વામીશ્રીને મન એ અમૃતનાં સંતાન હતાં.

આ સ્નેહવર્ષાથી ભીંજાયેલા એવા લાખો લોકો સ્વામીશ્રીની જન્મશતાબ્દીએ તેમને આજે અંતરના ભાવથી યાદ કરી રહ્યા છે. એ જ પરંપરાનું વહન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ કરી રહ્યા છે.

તાજેતરમાં સ્વામીશ્રીની શતાબ્દીએ તેઓએ લખેલા સત્સંગદીક્ષા ગ્રંથમાં તેનો પડઘો સ્પષ્ટ અનુભવાય છે. તેમણે લખ્યું છે:

'સર્વ વર્ણનાં સર્વ સ્ત્રીઓ તથા સર્વ પુરુષો સદાય સત્સંગ, બ્રહ્મવિદ્યા અને મોક્ષના અધિકારી છે. વર્ણના આધારે ક્યારેય ન્યૂનાધિકભાવ ન કરવો. સર્વ જનોએ પોતાના વર્ણનું માન ત્યજીને પરસ્પર સેવા કરવી. જાતિએ કરીને કોઈ મહાન નથી અને કોઈ ન્યૂન પણ નથી. તેથી નાત-જાતને લઈને ક્લેશ ન કરવો ને સુખે સત્સંગ કરવો. (૧૪-૧૬)

'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક સ્વામીશ્રીના દિવ્ય જીવનનાં આ પાસાંને અંજલિ અર્પતો આપની સમક્ષ આવી રહ્યો છે. આ અંકે દલિતોની વાતો, અને ભવિષ્યમાં આદિવાસીઓની વાતો માણીશું.

આવતા અંક સુધી

જય સ્વામિનારાયણ!

**– સાધુ અક્ષરવત્સલદાસ** ◆

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૪, અંક : ૨, ફેબ્રુઆરી, ૨૦૨૨**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક** : સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**


બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક પ્રસંગસ્મૃતિઓ...

**શતાબ્દી સ્મૃતિ**

100 પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

# મહેર કરી મારે મંદિર આવ્યા...

ફેબ્રુઆરી મહિનાની કડકડતી ઠંડીના દિવસો હતા. સ્વામીશ્રી ૧૯ દિવસમાં વડોદરા, ભરૂચ અને પંચમહાલ જિલ્લાનાં ૬૭ ગામો ઘૂમી વળેલા. એવા અરસામાં તેઓ ઘરોઘર ઘૂમતાં ઘૂમતાં બપોરે પોણા એક વાગ્યે ઝરડકા પહોંચ્યા હતા. પરંતુ નગરયાત્રા ઘડિયાળના કાંટાને ગાંઠતી ન હોવાથી સ્વામીશ્રીનું આગમન થતાં જ વાજાં વાગવા લાગ્યાં. શોભાયાત્રાથી પરવારેલા સ્વામીશ્રી સાંજે ચાર વાગ્યે સભા કરી ઘરોઘરને પાવન કરવા નીકળ્યા. સૌ ગામવાસી પોતાના ખોરડે સ્વામીશ્રીને વધાવવા આતુર હોવાથી એકધારી ૬૦ પધરામણીઓ થઈ.



ગાર-માટીનાં આ ઘરોમાં મોટેભાગે નીચા વળી-વળીને જ દાખલ થવું પડતું. છતાં સ્વામીશ્રી સૌ જ્યાં લઈ ગયા ત્યાં બધે ગયા. છેલ્લા ઘેર તો તાળું લાગેલું, તોય તેની ઓસરીમાં જઈ તેઓએ પુષ્પો છાંટ્યાં અને એ ઘરવાસીઓ માટે કલ્યાણનાં દ્વાર ખોલી નાંખ્યાં.

આ પધરામણીઓ દરમ્યાન જ સ્વામીશ્રીએ સાથે ચાલતા કાર્યકરોને પૂછ્યું કે ‘અહીં બધા વ્યવસાય શું કરે છે?’

‘બાપા ! લગભગ બધા ખેતીવાળા જ છે.’

‘ખેતીમાં શું પાક લે?’

‘કપાસ, મગફળી વગેરે થાય.’

‘મરચાં કરે તો ન થાય ?’ નવો વિચાર વાવતાં સ્વામીશ્રી બોલ્યા.

‘એ અમે ક્યારેય કર્યાં નથી.’

‘કરો. મહારાજ સારું કરશે.’ આટલું કહી સ્વામીશ્રી ચાલી નીકળ્યા.

તેઓના આ વચનમાં વિશ્વાસ લાવી સત્સંગીઓએ મરચાંની ખેતી શરૂ કરતાં, એક-એક વીઘે આશરે સવા લાખ રૂપિયાની કિંમતનાં મરચાં નીકળ્યાં. તેથી તેઓના દિનમાન સુધરી જતાં કાચા મકાનો પાકાં થયાં. ગામ આખું ‘હિતકારી ભારી સૌ જીવના...’ સમા સ્વામીશ્રીનું સદાનું ઋણી બની રહ્યું. મોક્ષની સાથે વ્યવહારને પણ સુધારતા સ્વામીશ્રીને સૌ કેમ ન ઝંખે !

ઝરડકાથી સમી સાંજે



નીકળનારા સ્વામીશ્રી સમા થઈને મણિપુર પહોંચવાના હોવાથી, આ માર્ગમાં વચ્ચે આવતા ડેરોલના શંકરભાઈએ પોતાના ઘેર પધારવા નિમંત્રણ આપી દીધું. તે સ્વીકારતાં સ્વામીશ્રીએ તેઓને ગામની ભાગોળે ઊભા રહેવાનું જણાવી દીધું. તેથી આ વડીલ તો સમય થતાં પાદરે આવી રાહ જોવા માંડ્યા.

પરંતુ સમયની ખેંચ સર્જાતાં વ્યવસ્થાપકોએ ડેરોલનો કાર્યક્રમ મોકૂફ રાખી સીધા મણિપુર પહોંચી જવાની ગોઠવણ કરી દીધી. આ સમયે સ્વામીશ્રી કંઈ ન બોલ્યા અને કાફલો સમાથી સીધો મણિપુરનું પાટિયું નજરમાં રાખી નીકળી પડ્યો. તે વખતે સ્વામીશ્રીની પ્રતીક્ષામાં ઊભેલા પેલા હરિભક્ત પણ બે કલાક સુધી વાટ જોયા બાદ, 'હવે સ્વામીશ્રી નહીં પધારે' એ વિચાર સાથે ઘરભેગા થઈ ગયેલા. તેથી હવે ડેરોલ મુકામે પધરામણીની શક્યતા શૂન્ય થઈ ચૂકી.

પરંતુ થોડા સમય બાદ ડેરોલનું નાકું આવવાનો વખત થતાં સ્વામીશ્રીની નજર આમતેમ ઘૂમવા લાગી. તે પેલા હરિભક્તને શોધી રહેલી, જે હાલ તો ઘેર પહોંચી ગયેલા.

પરંતુ સૌનાં આશ્ચર્ય વચ્ચે ડેરોલ ગામ આવતાં જ જીપ ખોટકાઈ. તેની તાત્કાલિક મરામત કરાવવાની થઈ. રાત્રિનો સમય થઈ ગયો હોવાથી ભાગોળનાં ગેરેજ બંધ હતાં. પરંતુ તપાસ કરતાં એક મિકેનિક હાથ લાગ્યા. ત્યાં ગાડી અને સંઘ પહોંચ્યો ત્યારે ખબર પડી કે આ કારીગર તો ડેરોલમાં આવવાનું આમંત્રણ આપનારા હરિભક્તના ભત્રીજા છે અને એ હરિભક્તનું ઘર બાજુમાં જ છે !

તેથી ગાડીની મરમ્મત થતી રહી ત્યાં સુધી સ્વામીશ્રી તેઓના ઘેર પધાર્યા. એ ગરીબ હરિભક્તને તો 'મહેર કરી મારે મંદિર આવ્યા' જેવો ઘાટ થતાં તેઓ ઘેલા ઘેલા થઈ ગયા. સ્વામીશ્રીએ અહીં આરતી-અષ્ટક ગાયાં. જ્યાં ઘડીયે રોકાવાની વાત નહોતી ત્યાં વીસ-ત્રીસ મિનિટનું રોકાણ થઈ ગયું ! તે વેળાએ આ ગામનો કાર્યક્રમ રદ કરતી વખતે સ્વામીશ્રીએ સેવેલા મૌનનો મર્મ વ્યવસ્થાપકોને બરાબર સમજાઈ ગયો. ભક્તોના ભાવ કોઈ પણ રીતે સ્વામીશ્રી પૂરા કરે જ છે – તે રહસ્ય પણ હાથ લાગી ગયું.

પૂરપાટ ગતિએ દોડતા વિચરણમાં પણ પોતાનાં કાર્ય-ક્રિયાથી કદી કોઈને તકલીફ ન પડે તેનું ધ્યાન તેઓ હરહંમેશ રાખતા. 'પરકું પીડા ના કરે...'ની સ્વામીશ્રીની પ્રકૃતિ પર કદી ધૂળ બાઝી નહોતી. ◆

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓનો પ્રેરક ઉપદેશ

## શતાબ્દી ઉપદેશ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

# ભેદ ધર્મમાં નહીં, માણસની બુદ્ધિમાં છે...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હળવી શૈલી અને સરળ શબ્દોમાં એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે જેમાં સહજતાથી સૌને બોધ મળી જતો. અહીં પ્રસ્તુત છે એવી એમની સીધી-સાદી-સરળ પ્રાસાદિક વાણીની સરવાણી. સ્વામીશ્રીની શતાબ્દીના પર્વે શતાબ્દી પ્રકાશ-માળામાં તેઓની આ અમૃતવાણીનું પાન કરી અમર થઈ જઈએ...

આજકાલ ઘણાની સમજણ એવી હોય છે કે જેથી સમાજમાં પ્રશ્નો ઊભા થાય છે. ધર્મને લઈને ઝઘડા થતા હોય એવું સાંભળ્યું છે, પણ દરેક મનુષ્ય પોતાના ધર્મગ્રંથોને બરાબર સમજે તો પછી કોઈ પ્રશ્ન જ નથી. સૌને પોતાના ધર્મમાં શ્રદ્ધા હોય ને એની રીતે પાઠપૂજા કરતો હોય એમાં કોઈનેય વાંધો શું હોય? પણ મારો ધર્મ મોટો ને તારો નાનો, એમ માને એટલે તકરાર થાય.

સ્વામિનારાયણ ભગવાને કોઈ ભેદભાવ રાખ્યો નથી. ભેદ આપણી બુદ્ધિના છે. ભગવાન શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં એક વાત લખી દીધી કે 'ધર્મો જ્ઞેયઃ સદાચારઃ' દરેક વ્યક્તિએ સદાચારરૂપી ધર્મમાં ચાલવાનું છે. તો જ એને માણસ કહેવાય. પશુઓને બેન-દીકરીની ખબર જ નથી એટલે એ પશુ છે. જેમાં સત્ય, દયા, અહિંસા, બ્રહ્મચર્ય આદિ ગુણો હોય તો એ માણસ કહેવાય. કોઈ જીવની હિંસા કરવી નહીં - આ આપણો હિન્દુ ધર્મ સમજાવે છે. સર્વ જીવપ્રાણીમાત્ર પર દયા રાખવી, કુટુંબ પર દયા છે એવી



બધા પર રાખો. જે ભગવાનમાં શ્રદ્ધા હોય એમાં પૂર્ણ આસ્થા રાખી ભક્તિ કરો. એમના આદેશોને માનો. બધાને આદર આપો. જેને માનતા હો એના આદેશમાં રહો.

ભારત દેશ અનાદિથી ધર્મમાં માનતો આવ્યો છે. ધર્મનો આધાર છેઃ શાસ્ત્ર, સંતો અને મંદિરો. જેને ધર્મમાં-મંદિરોમાં શ્રદ્ધા ન હોય એને વિચાર આવે કે આ મંદિરોમાં પથરા ખડકવા ને મૂર્તિઓ પધરાવવાની શી જરૂર છે? સમાજમાં સ્કૂલો, કૉલેજો, દવાખાનાં, બધી સગવડો જોઈએ છે. દેશની રક્ષા માટે મિલિટરીની જરૂર છે. એમ જેને ભગવાનમાં શ્રદ્ધા છે એને ધર્મસ્થાનની જરૂર છે. જેને શ્રદ્ધા છે એ મંદિરો કરે, મસ્જિદો કરે, ચર્ચ કરે, ગુરુદ્વારા પણ કરે, માતા-મહાદેવનાં મંદિરો પણ થાય. દરેક પોતાની શ્રદ્ધા પ્રમાણે કરે છે એને ખોટું કહે છે એ ધર્મને સમજ્યા જ નથી. મંદિરો તો સમાજનાં અંગ છે.

કેટલાક લોકો પૂછે છે કે તમે મૂર્તિઓ કેમ પૂજો છો? તમે બધા મૂર્તિપૂજક છો! પરંતુ આખી દુનિયા મૂર્તિ જ પૂજે છે. ખ્રિસ્તી ધર્મમાં ચર્ચમાં ક્રોસ મૂકે છે. શા માટે મૂકે છે? એ લોકો શ્રદ્ધાથી માને છે કે આ ક્રોસ પર ઈસુ ચડ્યા એટલે એમાં ઈસુનાં દર્શન થાય છે. મુસ્લિમ ધર્મમાં પણ અમુક દિશામાં જ નમાજ કેમ પઢે છે? કારણ કે ત્યાં કાબાનો પત્થર છે. એમાં એમને શ્રદ્ધા છે. તે માને છે કે ત્યાં અલ્લા છે. એમ આપણી હિન્દુઓની મૂર્તિમાં શ્રદ્ધા છે. મૂર્તિઓની વિધિસર પ્રાણપ્રતિષ્ઠા થાય છે. પરાપૂર્વથી માનીએ છીએ કે મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થાય છે અને એમાં ભગવાન બિરાજે છે. એમાં શ્રદ્ધા હોય છે તેનાં કામ પણ થાય છે.

કેટલાક કહે છે કે મંદિર વિના ભગવાન ન ભજાય? પણ સમાજમાં પાર્લામેન્ટ ને ધારાસભા શું કામ કરવી પડે? ઝાડ નીચે બેસીને ન થઈ શકે? એને માટે યોગ્ય સ્થાન-વ્યવસ્થા હોવી જ જોઈએ તો કામ થાય છે. એમ ભક્તિ માટે એવું સ્થાન મંદિર જોઈએ. મંદિરના નિર્માણમાં ખર્ચ થાય એ કેટલાકને નકામા લાગે છે. દેશનાં કેટલાંય અધિવેશનોમાં લાખો રૂપિયા ખર્ચાય છે, પણ એ દેશના વિકાસ માટે છે. આપણે એ ન જાણતા હોઈએ એટલે એમ થાય કે આની શી જરૂર છે? ખર્ચા તો બીજા કેટલાય નકામા થાય છે. લગ્નમાં પાર વગરના ખોટા ખર્ચા થાય છે. ફિલ્મો-વ્યસનોના ખર્ચાનો વિચાર કે પ્રશ્ન થતો નથી. એની પાછળ કરોડો રૂપિયા ખર્ચી નંખાય છે. એ બધા ખર્ચાને જોતા નથી ને મંદિરો થાય છે એને માટે લોકોના મનમાં પ્રશ્નો થાય છે. એમ કહે છે કે આ મંદિરો થાય છે તે ખોટું થાય છે, પણ ખોટું નહીં, બધું જ ભગવાનની ઇચ્છા પ્રમાણે સારું થાય છે.

મંદિરોમાંથી સંસ્કાર મળે છે. માણસો સંસ્કારી થશે તો સમાજમાં શાંતિ થશે. વ્યસનો ને જુગારના અડ્ડા ખરાબ જ છે ને? કાયદો છે છતાં પણ એ ચાલે છે. પણ એમાંથી જેટલા સુધર્યા એટલું સારું થયું. એમ મંદિરો છે ને સંતો ફરે છે તો જેટલા માણસોનાં વ્યસન-દૂષણ મુકાયાં ને ધર્મને માર્ગે ચાલ્યા એટલું તો સારું જ છે ને!

સાધુસંતો એ સમાજનાં અંગ છે. કેટલાક લોકોને એમાં પણ શ્રદ્ધા નથી. સાધુઓ ખોટા છે, સાધુસંસ્થા બંધ જ કરી દેવી જોઈએ - એમ કહી ટીકા કરે છે. કેટલાક શિક્ષકો સારા ન હોય એટલે બધા શિક્ષકો ખરાબ થઈ ગયા? પાંચ-દસ જણા એવા હોય એટલે દુનિયામાંથી શિક્ષણ જ બંધ કરી દેવું એવું નથી. ડૉક્ટરોમાં, અધિકારીઓમાં, પ્રધાનોમાં પણ કેટલાક શિથિલ હોય છે. એટલે કંઈ દવાખાનાંઓ કે સરકારી તંત્ર બંધ ન કરાય, ચલાવવું જ પડે.

એમ મંદિરોમાં, ધર્મસ્થાનોની અંદર બે-ચાર ઠેકાણે જોવામાં આવ્યું એટલે કેટલાક એમ કહે કે બધું જ ખોટું છે, એની જરૂર જ નથી. પણ ભાઈ! ધર્મ-મંદિરો-ભગવાન-સંતો ખોટાં નથી. એની જરૂર છે જ. ગામમાં બે-ચાર તોફાની હોય, વ્યસનદૂષણ હોય ને લોકોને હેરાન કરતા હોય એણે કરીને કંઈ આખું ગામ ખોટું થઈ જાય ને ગામને બાળી નાખો? લોકો વિચાર કર્યા સિવાય બોલે છે. જ્યારે કંઈપણ થાય એટલે સીધી મંદિરો ઉપર ધોંસ આવી જાય છે. આપણે બધા હિન્દુ છીએ તો વિચાર તો કરવો જોઈએ!

લોકો ધર્મમાં ઊંડા ઊતરતા નથી. ઉપર ઉપરનું સાંભળીને બધું નક્કી કરે છે. મંદિર-સંત-શાસ્ત્ર બધાં અંગો પરોપકાર માટે છે, પણ કેટલાક બોલ્યા કરે કે બધું ખોટું છે, ખોટું છે! જે બોલે છે. એણે કરવાનું કાંઈ નહીં, કોઈ દા'ડો એક પૈસો ય આપવાનો હોય નહીં ને કહે કે ધર્મ ખોટો છે. ભાઈ! તમે કાંઈ કરો નહીં તો કાંઈ વાંધો નહીં, પણ ખરાબ ન બોલો, તેમાં પણ તમારી કેટલી મોટી સેવા છે!

કોઈની નિંદા કરવી નહીં. તમે તમારા સામું જોયા કરો. પોતાનું જુઓ તો આગળ વધી શકશો, પણ બીજાનું જોશો તો લડાઈ ને ઝઘડા ને પછી વિકાસ નહીં થાય.

ધર્મના નીતિ-નિયમોમાં રહીને જીવન ધન્ય કરવું. જનહિત અને આત્મકલ્યાણ - એ માટે મનુષ્યશરીર છે.

પ્રાર્થના કરીએ કે બધા પોતપોતાના ધર્મ પ્રમાણે રહે, બધા ભેદભાવ ભૂલીને એકબીજાને આદર આપે, એકબીજાના ધર્મને આદર આપે. આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ કરીને સમાજની સેવા કરીએ ને સમાજમાં ને રાષ્ટ્રમાં શાંતિ થાય એ જ પ્રાર્થના.'

(તા. ૫-૬-૨૦૦૫, જૂનાગઢ)◆

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક અનુભૂતિઓ...

# શતાબ્દી અનુભૂતિ

## પ્રભુતાનાં દર્શન, કરુણામૂર્તિ સંત



**શ્રી ટોની બ્લેર**
(પૂર્વ વડાપ્રધાન, ઇંગ્લેન્ડ)

ઇંગ્લેન્ડમાં શાંતિના ધામ સમા સ્વામિનારાયણ મંદિરમાં પ્રમુખસ્વામી મહારાજની દર્શન મુલાકાતનો મને લાભ મળ્યો તેને મારાં અહોભાગ્ય સમજું છું. મને તેમનામાં અગાધ નમ્રતા, દિવ્યતા અને પ્રભુતાનાં દર્શન થાય છે. તેમણે આખી દુનિયાને હિન્દુ ધર્મનાં જનસેવા, પ્રભુભક્તિ, શ્રદ્ધા, કૌટુંબિક એકતા, પરસ્પર સમજવાની વૃત્તિ વગેરે જે ઉપદેશો આપ્યા છે, તેની અમને રાજકારણમાં ખૂબ જ જરૂર છે. ભલે હું ખ્રિસ્તી છું, પરંતુ મને સહિષ્ણુતા અને સર્વધર્મ આદરની રીત અહીંથી શીખવા મળી છે. લંડનના સ્વામિનારાયણ મંદિરમાં પ્રદર્શનમાં ભગવાન સ્વામિનારાયણની જેવી કર્મશક્તિ અને સર્વ-ઉત્કર્ષની ભાવના દર્શાવી છે, તેવી જ ભાવના અને એ જ સ્પીરીટ હું પ્રમુખસ્વામીજીમાં જીવંતપણે જોઈ રહ્યો છું.

પ્રમુખસ્વામી મહારાજને હું મળ્યો ત્યારે ખરેખર બે બાબતથી હું અત્યંત પ્રભાવિત થયો હતો. એક તો, આવું ભવ્ય મંદિર બાંધવાનું વિઝન. હિન્દુ ધર્મનું આ કેવું એક એક્સ્ટ્રાઓર્ડિનરી સ્ટેટમેન્ટ બન્યું છે ! અને મને પ્રભાવિત કરનારી બીજી બાબત, જેણે મને આજે પણ પ્રભાવિત કરી છે, તે છે પ્રમુખસ્વામી મહારાજ સાથેની આધ્યાત્મિક અનુભૂતિ અને તે ઉપરાંત આ મંદિરમાં સુહૃદભાવ અને સંવાદિતાનું જે વાતાવરણ સર્જાયું છે, તે. આ સ્થાન અને તેનાં મૂલ્યો આજીવન મારી સાથે રહેશે જ. ◆



**શ્રી પ્રિન્સ ચાર્લ્સ**
(ઇંગ્લેન્ડના રાજવી, રેડક્રોસ જેવી અનેક સામાજિક સેવાઓના સૂત્રધાર)

સેન્ટ જેમ્સ પેલેસમાં પ્રમુખસ્વામી મહારાજ સાથેની મુલાકાત મને બરાબર યાદ છે. તેઓની વિનમ્રતા અને તમામ જીવ-પ્રાણીમાત્ર પ્રત્યેની કરુણા મને હૃદયમાં ખૂબ સ્પર્શી ગઈ છે. તેઓ બધું જ ભગવાન ઉપર છોડે છે. એવી નિર્માનિતા-અહંશૂન્યતા સિદ્ધ કરવી તે ઘણી અઘરી બાબત છે. લંડનના ભવ્ય-દિવ્ય ને સુંદર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની નકશીકલા વગેરે નિહાળી હું ખૂબ પ્રભાવિત થયો છું. આ મંદિર એ લંડનના નકશાનું એક અત્યંત ધ્યાનાકર્ષક અને જાજરમાન નજરાણું છે. એને નીરખતાં જ મારો આત્મા જાણે કે જાગ્રત થઈ ગયો. અહીં પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરનાર સ્વયંસેવકોને મળતાં એમ લાગે છે કે આ એક મહાન સિદ્ધિ છે, જેની પ્રેરણા પ્રમુખસ્વામી મહારાજે આપી છે. આજના સમાજે હિન્દુ સિદ્ધાંતોમાંથી ઘણું શીખવાનું છે. અહીં આવનાર કોઈપણ વ્યક્તિ શાંતિ અને હિન્દુ ધર્મની ભાવનાઓનો અનુભવ કર્યા સિવાય જશે નહીં. આ હું કહું છું એથી વિશેષ હું જાતે માનું છું. ◆

નારી ભક્તોની તેજસ્વી અને યશસ્વી ધારાને પ્રવાહિત કરતી અદ્‌ભુત પુસ્તક-શ્રેણી

# ભગવાન શ્રી સ્વામિનારાયણનાં નારી ભક્તરત્નો

## ભાગ ૧ થી ૬

આર્યાવર્તની પુણ્યભૂમિ પર વૈદિક સમયથી મહાન નારી ભક્તરત્નો અવતરતાં રહ્યાં છે.
આ સતત વહેતી ધારા સાથે અનેક મહાન નારી ભક્તરત્નોની એક વધુ પ્રકાશમય પરંપરા
પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે આપી છે. આજથી ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણે
સ્ત્રીઓના ઉદ્ધારની જે મહાન ક્રાંતિ કરી હતી, તેનું પ્રતિબિંબ આ પુસ્તક-શ્રેણીમાં ઝળકે છે.
એ પ્રત્યેક નારી ભક્તનું ચરિત્ર અનેક સદ્‌ગુણોનું દર્શન કરાવે છે,
દર્શન-ભક્તિનો આદર્શ પ્રસ્થાપિત કરે છે.
આ સ્ત્રીભક્તો શ્રીહરિની માળાના મણકા સમાન હતાં. શ્રીહરિની આજ્ઞાઓનું યથાર્થ પાલન કરતાં હતાં.
ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરનાર આ નારી ભક્તરત્નોના મહિમાનું ગાન
આ પુસ્તકમાળામાં કરાયું છે. આ પ્રેરક ચરિત્રોની ગાથા આજના યુગમાં
સૌ કોઈને જીવન જીવવાની કળા શીખવે છે.
પૂજ્ય અક્ષરજીવનદાસ સ્વામીની રસાળ કલમે લખાયેલાં આ ચરિત્રો વાંચતાં શ્રીહરિના દિવ્ય આધ્યાત્મિક
પ્રભાવનો ખ્યાલ આવે છે. આ નારી-રત્નોનો એક પરિચય આ ૬ ભાગો કરાવે છે.
ભગવાન સ્વામિનારાયણના સ્ત્રી-ઉદ્ધારના વિરાટ કાર્યની એક ઝાંખી
આપણને આ પુસ્તક-શ્રેણીમાંથી પ્રાપ્ત થાય છે.
આજે જ વસાવીએ, સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત -

શ્રીહરિની અપાર પ્રસન્નતાનાં અધિકારી બનેલાં
એ મહાન નારી-ભક્તોનાં પ્રેરક ચરિત્રોની ગાથાને
રજૂ કરતી પુસ્તક-શ્રેણીને...







## દલિતો અને પછાતોના ઉદ્ધારની જ્યોત પ્રગટાવનાર કરુણામૂર્તિ

# ભગવાન શ્રી સ્વામિનારાયણ

■ સાધુ અક્ષરવત્સલદાસ

વાત છે આજથી બસો વર્ષ પહેલાંની. ૧૮મી સદીનો સૂર્ય આથમ્યો હતો અને ૧૯મી સદીનું પરોઢ થયું હતું. માત્ર ગુજરાત કે ભારત નહીં, સમગ્ર વિશ્વ સર્વ ક્ષેત્રે અંધકારમાં સંઘર્ષ કરી રહ્યું હતું. દુખ-દરિદ્રતા-દમનમાં ભીંસાતી પ્રજા ત્રાહિમામ પોકારતી હતી. એવા સમયે પશ્ચિમ ભારતમાં એક મોજનું મોજું ફરી વળ્યું અને એટલે જ ગઢડાની સીમમાં બેઠાં બેઠાં હાથમાં કરતાલ લઈ મહાન સંતકવિ નિષ્કુળાનંદ સ્વામી લલકારી રહ્યા હતા:

*આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ,*
*દુર્બળનાં દુઃખ કાપિયાં રે, ન જોઈ જાત કજાત પુરુષોત્તમ પ્રગટી રે...*

તેઓ વાત કરી રહ્યા હતા - પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની. સૂર્ય સમ તેજસ્વી, અંદર-બહારનાં અંધારાંને કાપીને આનંદના અજવાળાં ફેલાવનારા, સમર્થ અને સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ! ભગવાન સ્વામિનારાયણનાં જીવન-કાર્યને નજરે અનુભવેલ યુગકાર્યને બિરદાવવા નિષ્કુળાનંદ સ્વામીના હૈયેથી આ પંક્તિ સરી રહી હતી.

માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના નહીં, પરંતુ દેશ-વિદેશના એવા અનેક લોકોએ ભગવાન સ્વામિનારાયણનાં જીવન-કાર્યને મન ભરીને બિરદાવ્યું છે, જેઓએ સંપ્રદાયના અનુયાયી તરીકે નહીં, પરંતુ એક તટસ્થ વિશ્લેષક તરીકે તેનો તલસ્પર્શી અભ્યાસ કર્યો છે.

ભગવાન સ્વામિનારાયણની હયાતીમાં જ સન ૧૮૨૩માં લંડનથી પ્રકાશિત થયેલ 'એશિયાટિક જર્નલ'માં, ભગવાન સ્વામિનારાયણે કરેલાં આમૂલ પરિવર્તનોની નોંધ લેતાં લખ્યું છે: 'In his lifetime, the most

intelligent people in the province, while they regretted (as Hindus) the levelling nature of his system, acknowledged their belief that his preaching had produced great effect in improving the morals of the people.'[૧]

અર્થાત્ પ્રાંતના શ્રેષ્ઠ બુદ્ધિશાળી માણસો માને છે કે શ્રી સ્વામિનારાયણના ઉપદેશે લોકોની નૈતિકતાને સુધારવામાં ખૂબ મહાન અસર પાડી છે. અને રિપોર્ટર અંતે ઉમેરે છે કે 'મતલબ કે મારો પોતાનો સ્થાનિક દેશવાસીઓ સાથેનો અનુભવ-વાર્તાલાપ પણ મને એ જ અભિપ્રાય બાંધવા પ્રેરે છે.'[૨]

પ્રખર વિદ્વાન અને ભારતના બંધારણના ઘડવૈયા કનૈયાલાલ મુન્શી નોંધે છે: 'બ્રાહ્મણ, બહુશ્રુત વિદ્વાન, ચુસ્ત વૈષ્ણવ અને આદર્શ સંન્યાસી-સાધુ એવા આ સુધારકે પોતાના જીવન અને કાર્યથી સંસ્કાર-ઘડતરમાં નવો પ્રકાશ પાથર્યો. આ રીતે તેમના આગમનથી જાણે એક અંતિમ ધાર્મિક યુગનો પ્રતિનિધિ ઓગણીસમી સદીના ઊંબરે આવીને ઊભો રહ્યો.'[૩]

અને કવીશ્વર ન્હાનાલાલના શબ્દોમાં કહીએ તો 'મહાપુરુષો સંસારને સંજીવની છાંટે છે. સ્વામિનારાયણે આપણા ગુજરાતના સંસારને સંજીવની છાંટી સજીવન કીધો હતો. સ્વામિનારાયણે શું કર્યું? એ ઈતિહાસ પ્રશ્નનો ઉત્તર એક જ સૂત્રમાં પૂછો તો એટલો જ છે કે શ્રીજીમહારાજે ગુજરાતને સરયૂનીરથી ધોઈ બ્રહ્મભીનો કીધો. નવ યુગના પ્રભાતના સ્વામિનારાયણ પ્રભાતસૂર્ય હતા.'[૪]

જાણીતા સમીક્ષક ઈશ્વર પેટલીકરે તત્કાલીન સમાજ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં લખ્યું છે: '૪૯ વર્ષની ઉંમરે લીલા સંકેલી લેનાર શ્રી સ્વામિનારાયણે લાગલગાટ ૩૦ વર્ષ એ કાળનો સર્વક્ષેત્રનો અંધકાર ઉલેચાય તેટલો ઉલેચીને પ્રકાશ પાથરવા સતત ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પરિભ્રમણ કર્યે રાખ્યું હતું. આમ શ્રી સ્વામિનારાયણે નવયુગના પ્રભાત-સૂર્યનો પ્રકાશ પાથરવાનું ગુજરાતમાં અવતાર કાર્ય કર્યું છે. આધુનિક ગુજરાતના એ પહેલા જ્યોતિર્ધર.'[૫]

એ અંધકારયુગમાં માત્ર ત્રણ જ દસકામાં ભગવાન સ્વામિનારાયણે, પોતાના કલ્યાણકાર્યનો જે અનરાધાર અમૃતમેહ વરસાવ્યો હતો, એના અનેક આયામોને આવરી લેતાં પ્રખર ગાંધીવાદી ચિંતક અને લેખક કિશોરલાલ મશરૂવાળા લખે છે: 'પોતાના પ્રકાશથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડનાર... એવા સહજાનંદ સ્વામી હતા.'[૬]

એ સહજાનંદી સૂર્યનાં અજવાળાં આ ધરતી પર ન પ્રસર્યાં હોત તો? સેંકડો વર્ષોથી સમાજમાં કચડાતા, ભીંસાતા પછાત, અંત્યજ અને નિમ્ન જ્ઞાતિના ગણાતા લોકોના ઉદ્ધારની શાંત ક્રાંતિ કેવી રીતે થાત?

ભગવાન સ્વામિનારાયણના વિરાટ જન-ઉદ્ધારના કાર્યમાં, એમણે કરેલો દલિતો-અંત્યજોનો ઉદ્ધાર, એમના વ્યક્તિત્વનું એક વિશિષ્ટ પાસું છે. એમણે અંત્યજોના ઉદ્ધાર માટે કેવો વિશિષ્ટ માર્ગ અપનાવ્યો હતો?

### તોડફોડ નહીં, નવસર્જનનો માર્ગ:

એક એવી વ્યાપક માન્યતા છે કે ક્રાંતિ ત્યારે જ થાય જ્યારે તમે જૂનું હોય તે ઉખેડી નાંખો અને પોતાનું નવું કંઈક રોપો. એવી ક્રાંતિમાં આક્રોશ હોય, વિદ્રોહ હોય, તોડ-ફોડનો હિંસક અભિગમ હોય. જ્યારે જ્યારે જગતમાં ક્રાંતિઓ થઈ છે ત્યારે ત્યારે તેમાં લોહિયાળ જંગ થયા છે. સંઘર્ષની એ પ્રચંડ જ્વાલાઓમાં કેટલાય લોકો જીવતા ભૂંજાઈ ગયા છે.

પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણની ક્રાંતિ શાંત હતી. તેમણે કરેલી દલિતો-અંત્યજો-પછાતોના ઉદ્ધારની ક્રાંતિમાં આક્રોશ નહોતો, ઉગ્રતા નહોતી, પરંતુ એક શાંત અને શાસ્ત્રીય અભિગમ હતો. એમણે યુગોથી ચાલી આવતી વર્ણાશ્રમ વ્યવસ્થાને તોડી-ફોડી ન નાંખી. એમણે સમાજને નવો માર્ગ ચીંધ્યો: કોઈપણ માનવ જન્મથી ભલે ગમે તે કુળમાં જનમ્યો હોય એને કર્મથી શ્રેષ્ઠ ન બનાવી શકાય? તેમણે લોકોને શાસ્ત્રોનો સાચો અર્થ સમજાવ્યો. તેમણે સમજાવ્યું કે શાસ્ત્રો સંસ્કારના આધારે જ માણસને ઊંચ-નીચ ગણે છે, કુળથી નહીં. આપણાં પવિત્ર શાસ્ત્રોમાં જડતા નથી,

---

૧. Asiatic Journal, First Series, London, 1823, XV, p.348-349.

૨. Ibid. p.348-349.

૩. 'Being a Brahman, a versatile pandit, a staunch Vaishnav and an ideal sannyasin, the sadhu-cum-reformer added a great enlightenment to the culture of Gujarat by his life and living. A representative of a last religious era was reappearing on the threshold of the nineteenth century.' કનૈયાલાલ માણેકલાલ મુંશી, 'ગુજરાતની અસ્મિતા. પૃ. ૬૩.

૪. ન્હાનાલાલ દલપતરામ કવિ, 'કવીશ્વર દલપતરામ' : કાવ્યદીક્ષા ભા. ૧, આવૃત્તિ ૧લી (૧૯૩૩).

૫. ઈશ્વર પેટલીકર 'શ્રી સ્વામિનારાયણના કાળનો સમાજ સંદર્ભ' 'સ્વામિનારાયણ સંતસાહિત્ય' સં. રઘુવીર ચૌધરી, બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા. (૧૯૮૧) અમદાવાદ, પૃ. ૧૨૨.

૬. કિશોરલાલ ઘ. મશરૂવાળા, 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય', નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, બીજી આવૃત્તિ, (૧૯૪૦) પૃ. ૮૦.

જડતા તો આપણા અર્થઘટન અને આપણા અહંકારમાં છે.

શાસ્ત્રોનો અધૂરો અભ્યાસ આપણને અંધ બનાવે છે, અહંકારી બનાવે છે. તેથી જ આપણે બીજાને નિમ્ન ગણીએ છીએ. તેઓ શાસ્ત્રોનો સાચો અર્થ સમજાવી કહેતા કે કોઈના જન્મથી તેના પ્રત્યે ઊંચ-નીચના ભેદ રાખીએ તેમાં આપણી દૃષ્ટિનો વાંક છે. જન્મે તો બધા જ શુદ્ર છે. પણ જ્ઞાન-કર્મથી ચોક્કસ ઉત્તમ બનાય છે. પ્રાચીન ભારતમાં શાસ્ત્રોમાં આવાં કેટલાં ઉદાહરણો છે? જન્મથી બ્રાહ્મણ ન હોય, પરંતુ કર્મથી પ્રગતિ કરીને બ્રાહ્મણપણું પામેલાં કેટલાંય પ્રાચીન ભારતીય ઉદાહરણો આ રહ્યાંઃ

- વૈદિક કાળમાં શૂદ્ર કન્યા ઈલુષાનો પુત્ર કવષ કર્મથી બ્રાહ્મણ પદ પામ્યો અને યજ્ઞમાં પુરોહિત પણ બન્યો. (ઐતરેય બ્રાહ્મણ, ૨.૧૯).
- પૌરાણિક યુગમાં અજમીઢ અને પુરુમીઢ બંધુઓ તો ક્ષત્રિય હતા, પરંતુ એમણે પવિત્ર કર્મ કરીને પોતાના વંશજો સહિત બ્રાહ્મણ પદ પ્રાપ્ત કર્યું. (વાયુપુરાણઃ ૯૧.૧૧૬).
- નિમ્નકુળમાં જન્મેલા શંતનુ અને દેવાપિ બે સગા ભાઈઓએ કર્મથી ઉત્ક્રાંતિ કરી. એક ક્ષત્રિય બન્યો અને બીજો બ્રાહ્મણ પુરોહિત બન્યો. (મહાભારત, શૈલ્યપર્વ, ૩૯.૧૦)
- શ્રીમદ્ભાગવત ધૃષ્ટક જાતિનો નિર્દેશ કરે છે, જે સમગ્ર નિમ્ન જાતિ ઉન્નતિ કરીને બ્રાહ્મણત્વ પામી ગઈ! (ભાગ. ૯.૨.૧૭)

આ બધાં ઉદાહરણોનો સાર એ છે કે પ્રાચીન ભારતમાં આનુવંશિકતા છોડીને કોઈપણ વ્યક્તિ બ્રાહ્મણપણું મેળવી શકતો. પ્રાચીન ભારતીય ઋષિઓએ સંસ્કારો દ્વારા વર્ણવ્યવસ્થામાં ઉત્ક્રાંતિની એ સુંદર વ્યવસ્થા વિચારી હતી.

મહાભારત વિસ્તૃત રીતે સમજાવે છે કે ભલે કોઈનો જન્મ શુદ્ર તરીકે થયો હોય, પરંતુ સારાં કર્મો અને સારા આચરણથી તે બ્રાહ્મણ બની શકે છે અને તે વિના બ્રાહ્મણ કુળમાં જન્મેલ વ્યક્તિ પણ પતિત થઈને શુદ્ર બની જાય છે. આ જ રીતે અન્ય જાતિઓનું પણ ઊર્ધ્વીકરણ કે પતન થાય છેઃ

कर्मणा दुष्कृतेनेह स्थानाद् भ्रश्यति वै द्विजः।
ब्राह्मण्यात् सः परिभ्रष्टः क्षत्रयोनौ प्रजायते।
स द्विजो वैश्यतां याति वैश्यो वा शूद्रतामियात्।
एभिस्तु कर्मभिर्देवि, शुभैराचरितैस्तथा।
शूद्रो ब्राह्मणतां याति वैश्यः क्षत्रियतां व्रजेत्।[૭]

મનુસ્મૃતિ પણ આ વાત સ્પષ્ટતાપૂર્વક ઉચ્ચારે છેઃ

शुचिरुत्कृष्टशुश्रूषुः मृदुवागनहंकृतः।
ब्राह्मणाद्याश्रयो नित्यमुत्कृष्टां जातिमश्नुते॥[૮]

સંસ્કાર દ્વારા બ્રાહ્મણત્વ પામવાની આ પ્રાચીન ભારતીય પરંપરા મધ્યકાળમાં વિલુપ્ત થઈ ગઈ હતી. એને ભગવાન સ્વામિનારાયણે નવા અભિગમ સાથે અપનાવી. વર્ણવ્યવસ્થામાં પેસી ગયેલા અમાનવીય દોષની શુદ્ધિ એમણે વર્ણવ્યવસ્થાને તોડ્યા સિવાય કરી - એ એમની આગવી વિશેષતા રહી છે. ફ્રેન્ચ વિદુષી ફ્રાન્ઝવાં મેલીસાંએ ભગવાન સ્વામિનારાયણની આ સફળતાને નોંધપાત્ર ગણાવી લખ્યું છે[૯]: 'આ સંપ્રદાયને હિન્દુ સમાજમાં સુધારાનો પ્રથમ પ્રયાસ કહી શકાય. સ્થાપિત સમાજ વ્યવસ્થાને ઉલ્લંઘ્યા સિવાય અને પરંપરાગત મૂલ્યોને ચુસ્ત રીતે વળગી રહીને, આ સુધારાએ નીચલા વર્ગના અને મહિલા અનુયાયીઓના ઉત્કર્ષનું મહાન કાર્ય કર્યું છે. તેની વર્તમાન સફળતાનું આ કારણ છે, જે પાછળથી શરૂ થયેલ નવ્ય હિન્દુવાદના સુધારાની ઝુંબેશથી ચઢિયાતું છે.'

કિશોરલાલ મશરૂવાળા કહે છેઃ 'નીચી જાતિઓને સુસંસ્કૃત કરવાની સ્વામિનારાયણની પદ્ધતિ જુદા પ્રકારની હતી. એમનો સુધારો ઉચ્ચ જાતિઓને હલકા પાડવાનો ન હતો, પણ નીચ જાતિઓને ચઢાવી એમનામાં ઉચ્ચ જાતિના સંસ્કાર પાડવામાં સમાયો હતો. એટલે એમણે દલિતો અને તે સમયે પછાત ગણાતી અન્ય જાતિઓના લોકોને પણ શુદ્ધ બ્રાહ્મણ જેવી રહેણી રહેતાં શીખવી દીધું. મદ્ય, માંસ, ખાવું નહીં, ગાળ્યાં વિનાનાં દૂધ-જળ પીવાં નહીં, અરે, ડુંગળી, લસણ અને હિંગ જેવી વસ્તુઓનો પણ ત્યાગ રાખવો - એ સ્વામિનારાયણીય સંસ્કારો હતા.'[૧૦]

## જાતિ નહીં, જાતને બદલવાનો માર્ગઃ

ભગવાન સ્વામિનારાયણે પછાતોના ઉદ્ધાર માટે રચનાત્મક અભિગમ અપનાવ્યોઃ જાતિ નહીં, કર્મ બદલો; જાતિ નહીં, જાતને બદલો. ભગવાન સ્વામિનારાયણે સંસ્કાર દ્વારા અંત્યજો-દલિતોની ઉત્ક્રાંતિનો કેવો રચનાત્મક અભિગમ અપનાવ્યો હતો, એમણે નિમ્ન ગણાતી જાતિઓનું સંસ્કાર આપીને કેવું ઊર્ધ્વીકરણ કર્યું હતું એ કેટલાક ઐતિહાસિક પ્રસંગોથી સમજીએ.

---

૭. महाभारत, अनुशासन पर्व, अ. 143, 7, 9, 11, 26.

૮. मनु. 9.335.

૯. Francoise Mallison, 'Le Sect Krishnaite des Swaminarayani au Gujarat, p.437-71.

૧૦. કિશોરલાલ મશરૂવાળા, 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય', નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, બીજી આવૃત્તિ, (૧૯૪૦) પૃ. ૬૩, ૬૪.








છાણી ગામની એ પ્રાસાદિક જગ્યા, જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે હરિજન બંધુઓને બ્રાહ્મણ તુલ્ય વિદ્વાન બનવાના આશીર્વાદ આપ્યા હતા. એ આશીર્વાદની પ્રતીતિ પૂરનારા પ્રસિદ્ધ સ્વામિનારાયણીય હરિજન ભક્તોઃ ભક્તરાજ શ્રી તેજા ભગત અને ભક્તરાજ શ્રી નારાયણદાસ, જેમનાથી મહારાજા સયાજીરાવ પણ પ્રભાવિત હતા. સંપ્રદાયમાં આજે પણ ભક્તરાજ નારાયણદાસ દ્વારા રચિત ભજનો ગાઈને સંતો-ભક્તો કરુણામૂર્તિ ભગવાન શ્રી સ્વામિનારાયણના એ આશીર્વાદની પ્રતીતિ અનુભવી રહ્યા છે...

વડોદરા પાસે છાણી ગામમાં વણકર તેજાભાઈ સ્વામિનારાયણી સંતોના પ્રસંગથી સત્સંગી બન્યા હતા. એમની અસર ગામના અન્ય હરિજનો પર પડી. હરિજનોનું સઘળું વૃંદ સ્વામિનારાયણીય શુદ્ધ આચાર-વ્યવહારથી અલંકૃત બન્યું. છાણી ઉપરાંત કરચિયા, બાજવા, સાંકરદા, પોઈચા, ભાદરવા, વાસણા, કોતરિયા વગેરે ઘણાં ગામોમાં સેંકડો હરિજન કુટુંબોમાં સ્વામિનારાયણીય પ્રભાવ આજે પણ સ્પષ્ટતાથી જોઈ શકાય છે.[૧૧]

એક વખત ભગવાન સ્વામિનારાયણ સયાજીરાવ બીજાના આમંત્રણથી વરતાલથી વડોદરા જવા નીકળ્યા હતા. રસ્તામાં છાણી ગામનું પાદર આવ્યું. ગામને પાદર હરિજન હરિભક્તોનો સંઘ તેમને વધાવવા માટે ઊભો હતો. એક વૃક્ષ નીચે તેમને પધરાવીને સૌએ સત્કાર કર્યો. ભગવાન સ્વામિનારાયણે તેમનો ભાવ અંગીકાર કર્યો. ભગવાન સ્વામિનારાયણ હરિજનોને સ્વીકારતા હોવાથી ગામના આગેવાનોએ ઢંઢેરો પિટાવી જાહેરાત કરી હતી કે બ્રાહ્મણ, વાણિયા, વૈશ્ય કે ક્ષત્રિય, કોઈ પણ ઉચ્ચ વર્ણના માણસે સ્વામિનારાયણનાં દર્શને જવું નહીં. આથી અહીં એકલા હરિજનો જ દર્શને આવ્યા હતા. ભગવાન સ્વામિનારાયણ હરિજન ભક્તોના શુદ્ધ ભક્તિ-ભાવથી પ્રસન્ન થયા. આશીર્વાદ આપી તેમણે કહ્યું : 'જાઓ, બ્રાહ્મણો જેવી પંડિતાઈ અને સદ્‌ગુણો તમારામાં આવશે. બ્રાહ્મણો શરમાઈ જાય તેવાં વિશુદ્ધ વર્તન તમારાં થશે.'[૧૨]

ભગવાન સ્વામિનારાયણના એ આશીર્વાદને ઈતિહાસે સિદ્ધ કરી બતાવ્યા. સાધના અને શ્રદ્ધાથી કોઈપણ વ્યક્તિ

૧૧. મૂળજી છગન પંજવાણી, 'ભગવાન સ્વામિનારાયણ સત્સંગ દર્શન', સ્વામિનારાયણ વિદ્યામંદિર, ગઢડા (વિ.સં. ૨૦૩૬), આવૃત્તિ પ્રથમ, પૃ. ૧૪૮, ૧૪૯.

૧૨. પ્રો. રમેશ મ. દવે, 'સહજાનંદ ચરિત્ર', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ (૧૯૯૩), પૃ. ૧૧૪-૧૧૫.

પોતાના જીવનનો સર્વાંગી વિકાસ સિદ્ધ કરી શકે છે - એમ સૂચવવું અને પોતાના ટૂંકા જીવનકાળ દરમ્યાન એ સિદ્ધ કરી આપવું એ આધુનિક ઈતિહાસની એક વિરલ ઘટના છે. ભગવાન સ્વામિનારાયણે એ વિરલ ઘટના સર્જી.

શ્રી સ્વામિનારાયણના વાત્સલ્યપ્રેમથી છાણીના હરિજનોનો સર્વાંગી વિકાસ કેવો થયો હતો? ઈતિહાસ નોંધે છે કે હરિજનોનાં વાણી-વર્તન સવર્ણોથીય મુઠ્ઠી ઊંચેરાં ચઢિયાતાં સિદ્ધ થયાં હતાં. સન ૧૮૩૦ થી ૧૮૫૦ની વચ્ચેની આ વાત છે. છાણીના વણકર તેજાભાઈ વગેરેની વિરુદ્ધ વડોદરાના કેટલાક ભદ્ર લોકોએ સ્થાનિક ન્યાયાલયમાં ફરિયાદ નોંધાવી કે આ હરિજનો સ્વચ્છતાનું કામ બરાબર બજાવતા નથી, તેમને રાજ્ય દ્વારા સોંપાયેલું સ્વચ્છતાનું કામ કરવા તેઓ આવતા જ નથી. તેજાભાઈને હાજર થવાનો હુકમ કરવામાં આવ્યો. તેજાભાઈ અને અન્ય હરિજનો હાજર થયા. અમલદાર બ્રાહ્મણ હતા. તેમણે પૂછ્યું: 'તમે કેમ સ્વચ્છતા કરવા જતા નથી?' તેજાભાઈએ નમ્રતાથી પણ મક્કમતાપૂર્વક જવાબ આપ્યો: 'સાહેબ, અમે ભગવાન સ્વામિનારાયણના સત્સંગી છીએ એટલે જૂઠું કદી નહીં બોલીએ. અમારા ભગવાનનો આદેશ છે કે નિત્ય બ્રાહ્મમુહૂર્તે જાગવું, એટલે અમે વહેલાં બ્રાહ્મમુહૂર્તે જાગીને, નાહી-ધોઈને પવિત્ર થઈને ધ્યાન-પૂજાપાઠ કરીએ. અને પૂજાપાઠ કરીને અમે સૂર્યોદય પહેલાં તો ત્યાં સ્વચ્છતા માટેનું કામ બજાવવા પહોંચી જઈએ છીએ! એ જાગે એ પહેલાં તો અમે અમારું કામ બજાવીને ફરી ઘરે જઈને પવિત્ર થઈને ભગવાનની ભક્તિ કરીએ છીએ. તેઓ મોડા ઊઠે છે પરિણામે અમે એમને ક્યારેય ત્યાં હાજર દેખાયા નથી!'

સાવ ક્ષુદ્ર ગણાતા લોકો, શુદ્ધ બ્રાહ્મણતુલ્ય આટલું પવિત્ર અને આટલું શુદ્ધ, આચારપૂત, ભક્તિપૂત જીવન જીવતા હશે – એ બ્રાહ્મણ અમલદારની કલ્પના બહારની વાત હતી. બ્રાહ્મણ અમલદારે જોયું તો તેજાભાઈના કપાળમાં રહેલો તિલક-ચાંદલો જાણે એમની સત્યતાની ગવાહી પૂરી રહ્યો હતો. અમલદાર હરિજનોની નમ્રતા, પવિત્રતા, કર્તવ્યનિષ્ઠાથી ખૂબ પ્રભાવિત થયો.

એવામાં બીજી ઘટના બની. એ સ્થાનિક અમલદારના પરિવારમાં એક લગ્ન પ્રસંગ હતો. પણ અચાનક કોઈકના મૃત્યુનો પ્રસંગ બની જતાં લગ્ન મોકૂફ રાખવાં પડ્યાં. આથી સેંકડો માણસની બનાવેલી રસોઈ પડી રહી. અમલદારે તેજાભાઈને એ રસોઈ લઈ જવા કહ્યું, પણ તેજાભાઈએ કહ્યું: 'ક્ષમા કરજો, આપની રસોઈ અમને ન ખપે!' એ ઉચ્ચકુળના બ્રાહ્મણ અમલદારને વીજળી શો આંચકો લાગ્યો. એક સાવ ઊતરતી કહેવાતી જ્ઞાતિનો સાવ સામાન્ય માણસ કઈ હેસિયતથી એક ઉચ્ચ બ્રાહ્મણ કુળના ઉચ્ચ કક્ષાના અમલદારને કહી રહ્યો હતો: તમારી રસોઈ અમને ન ખપે!

'અરે! તમે તો અમારી એઠ ખાનારા, તમને અમારી રસોઈ શા માટે ન ખપે?'

અમલદારે સ્પષ્ટતા માંગી ત્યારે તેજાભાઈએ કહ્યું: 'અમે ભગવાન સ્વામિનારાયણે આપેલ શિક્ષાપત્રીના આદેશ મુજબ પાણી, દૂધ, લોટ વગેરે ગાળી-ચાળી પછી જ તેમાંથી રસોઈ બનાવીએ અને પછી ભગવાનને ધરીને જમીએ. તમારી બનાવેલી રસોઈમાં બધું અણગળ વપરાયું હોય અને તેમાં વળી એ ભગવાનને ધરાવ્યા વિનાનું બધું હોય, તેમાં સ્વચ્છતા-પવિત્રતા ન હોય, માટે અમારે એ રસોઈ ન ખપે!'[૧૩]

એ અમલદાર નતમસ્તક બની ગયો.

ભગવાન સ્વામિનારાયણે કલ્પના કરતાંય ક્યાંય ઊંચાં કીધેલા શુદ્ધ વર્તનનો આ પ્રભાવ હતો.

આવો જ કંઈક પ્રસંગ જૂનાગઢના નવાબી રાજ્યનો છે. જૂનાગઢના મહેસૂલ ખાતાના એક ઉચ્ચ નાગર અધિકારીએ અનુભવેલો એ પ્રસંગ. તેમનાં પત્નીએ વધી પડેલી કઢી 'ગોવા' (ગોવિંદ) નામના એક હરિજનને આપી. ગોવાએ કહ્યું: 'બા! તમારી કઢી અમને ન ખપે!' 'ન ખપે એટલે શું? તું વળી અમારા કરતાંય ઊંચો થઈ ગયો?' નાગર ગૃહિણી છંછેડાઈ ગઈ.

ગોવાએ કહ્યું: 'ઊંચનીચમાં તો અમે માનતા નથી, કારણ કે અમે રહ્યા સ્વામિનારાયણ, પણ બા, રાજી રહેજો. તમારું અપમાન કરવા નથી કહેતો, પણ તમે રહ્યા નાગર બ્રાહ્મણ. નાગરો સ્વાદિયા બહુ હોય એટલે કઢીની અંદર લસણવાળી ચટણી નાંખી હોય અને અમારા માટે એ અભક્ષ્ય કહેવાય. અમે લસણ-ડુંગળી ખાતા નથી.' ઘરમાં અંદર બેઠેલા નાગર અધિકારી પોતાનાં પત્ની અને હરિજન ગોવાનો આ વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. એ બહાર દોડી આવ્યા. ગોવાને મળીને, તેની વાતો સાંભળીને અવાક્ બની ગયા. એમણે ગોવાનો પરિચય માંગ્યો. ગોવાએ કહ્યું: 'ભગવાન સ્વામિનારાયણના મહાન સંત ગુણાતીતાનંદ સ્વામીનું પ્રસાદીભૂત સ્વામિનારાયણ મંદિર છે, એમાં સ્વચ્છતાની સેવા કરવા જાઉં છું, સંતોને સેવામાં મદદ કરું છું, અને એમની વાણી સાંભળું છું - એનો આ પ્રતાપ છે!' એ

૧૩. બી. જી. વાઘેલા, 'ભગવાન સ્વામિનારાયણનું સમકાલીન લોકજીવન', સ્વામિનારાયણ અક્ષરપીઠ, (૧૯૯૮, ચતુર્થ આવૃત્તિ), પૃ. ૨૧૦.

અધિકારીએ કહ્યું: 'ગોવા, આજથી તારે મેલું ઉપાડવાનું બંધ. તું સૌનો મુકાદમ. રાજના ખર્ચે તને મકાન આપીશ, તારે એમાં રહેવાનું ને ભજન કરવાનું!'[૧૪]

સ્વામિનારાયણીય સંસ્કારોએ આવાં અનેક ઉદાહરણો સર્જ્યાં છે, જેમાં સવર્ણોથીય ચઢિયાતાં શુદ્ધ આચાર-વ્યવહાર નિમ્ન વર્ણોમાં ઝળહળતાં દેખાય છે.

સૌરાષ્ટ્રના ઝાલાવાડમાં આવેલા લીમલી ગામના દેવીપૂજક સગરામ વાઘરીને સ્વામિનારાયણનો સત્સંગ થયો અને એનું સકલ જીવન સૌને પરમ આશ્ચર્ય ઉપજાવતું રહ્યું. એક વખત સગરામ મુસાફરીએ જઈ રહ્યો હતો. તેને તરસ લાગી. રસ્તામાં નદીએ પાણી પીવા ગયો. એ જ વખતે શિયાણી ગામના શિવરામ ભટ્ટ પણ પાણી પીવા માટે નદીએ આવ્યા હતા. શિવરામ ભટ્ટે સીધું જ ખોબે ખોબે પાણી પી લીધું. અને સગરામે પોતાનો લોટો કાઢ્યો. લોટાને રેતીથી અજવાળ્યો. એના ઉપર ગરણું મૂકી થોડું પાણી ગાળેલું ભર્યું. એનાથી વળી લોટો વીંછળ્યો. પછી ફરીથી ગરણું મૂકી એમાં પાણી ગાળ્યું. અને ત્યારબાદ ભગવાનનું સ્મરણ કરી પાણી પીધું. શિવરામ ભટ્ટ સગરામની આટલી શુચિતા જોઈને આશ્ચર્યચક્તિ થઈ ગયા. પોતે બ્રાહ્મણ હોવા છતાં જે શુચિતાનું પાલન કરી શકતા નહોતા, તે એક સામાન્ય રીતે તુચ્છ ગણાતા કુળનો સગરામ સ્વામિનારાયણીય સંસ્કારથી ઉચ્ચ વર્ણનો બનીને પાળી રહ્યો હતો![૧૫]

સૌરાષ્ટ્રમાં આવેલા તડ ગામના જેઠાની વાત પણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. જેઠો બ્રાહ્મણ જેવા આચાર રાખે. એક અમલદાર સીમ જોવા નીકળ્યા. છેટેથી પૂછ્યું: 'અલ્યા કોનું સાંતી છે?' ત્યારે એક પટેલે કહ્યું: 'જેઠાનું છે.' એ સમયે સુખી ખેડૂતોને ત્યાં બળદો હોય, પણ નિમ્ન વર્ણના એ ગરીબ લોકોને ત્યાં તો ક્યાંથી હોય? આથી અમલદારે આશ્ચર્ય પામતાં પૂછ્યું: 'એ બળદ રાખે છે?' પટેલે કહ્યું: 'એના જેવા બળદ આખા ગામમાં કોઈની પાસે નથી!'

અમલદારે જેઠા પાસે જઈને બધું પૂછ્યું. તેની નજર દૂર પડી: 'ઓલ્યું બોરડીના ગળાયા નીચે શું છે?'

જેઠો કહે: 'પાણીની ભંભલી છે, તે ઉપર કાગડો બેસી ન જાય એટલા માટે પાલેરું માથે રાખ્યું છે.'

'લોટો કેમ છેટે રાખ્યો છે?'

જેઠો કહે: 'દિશાએ (શૌચાલય) જવું હોય તો પાણી લેવું જોઈએ ને! ને પાણી પીવાનો લોટો જુદો છે!'

જેઠાની સ્વચ્છતા-શુચિતાની વાત સાંભળી અમલદાર દિંગ થઈ ગયો.

પટેલે જેઠાની તારીફ કરતાં કહ્યું: 'સાહેબ! આ ગામમાં આ એકલો જેઠો જ એવો છે કે જે એકાદશી પાળે છે ને અન્નવસ્ત્ર ને આબરૂ એનાં જેવાં કોઈને નથી. તે દર દશમીને રોજ ઊના સ્વામિનારાયણ મંદિરે જાય, એકાદશીનો ઉપવાસ કરે ને ભજન કરે, બારસે પારણાં કરી ઘરે આવે એવો એને નિયમ છે. સવારે નિત્ય ઊઠીને નાહીને પૂજાપાઠ કરે અને તિલકચાંદલો કરે ને ઊજળાં લૂગડાં પહેરે.'[૧૬]

એક સમયે માછલાં મારીને નિર્વાહ કરતી અને ઢોર જેવી જિંદગી ગુજારતી એક ક્ષુદ્ર જાતિના લોકોને સ્વામિનારાયણે કેવા આબરૂદાર કીધા હતા એ સમજવા આ એક દાખલો પૂરતો છે.

પેઢીઓની પેઢીઓથી નર્ક જેવી પરિસ્થિતિમાં સબડતી રહેતી એ સામાન્ય પ્રજાની આટલી ઉચ્ચ કક્ષાની આચારશુદ્ધિ-વિચારશુદ્ધિ કરવામાં ભગવાન સ્વામિનારાયણે કેટલો પુરુષાર્થ કરવો પડ્યો હશે એની કલ્પના કરવાનું મુશ્કેલ છે. જ્યાં પેઢીઓની પેઢીઓથી કોઈ સવર્ણનો પડછાયો પણ નહોતો પડ્યો, એવાં એ લોકોનાં ઝૂંપડાંઓમાં જઈને ભગવાન સ્વામિનારાયણે અને એમના પરમહંસોએ, એ સમયની અત્યંત જડ રૂઢિચુસ્ત કિલ્લેબંધી વચ્ચે કેવી રીતે કાર્ય કર્યું હશે? એ સમજવું આજેય કઠિન લાગે છે.

'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ભગવાન સ્વામિનારાયણે સંસ્કાર દ્વારા દલિતોની કરેલી ઉન્નતિની પ્રક્રિયાને નોંધતાં વર્ણવે છે કે 'નિમ્ન જાતિઓમાં સંસ્કાર મૂલ્યો સિંચવાનું શ્રી સ્વામિનારાયણનું કાર્ય અદ્વિતીય હતું. નિમ્ન જાતિઓમાં ઉચ્ચ સાંસ્કૃતિક મૂલ્યો સિંચીને તેમને ઉપર ચઢાવવાનું કાર્ય, સહજાનંદ સ્વામીના સુધારાઓમાં કેન્દ્રસ્થાને હતું. દારૂ, માંસ, નશીલાં વ્યસનો, નિત્યસ્નાન અને પૂજા કર્યા સિવાય કાંઈ ખાવું પીવું નહીં, ગાળ્યાં વિનાનાં દૂધ ને પાણી ન લેવાં વગેરે સ્વામિનારાયણીય આદર્શોનું તેમાં સિંચન થયું હતું.'[૧૭]

દુર્ગાશંકર કે. શાસ્ત્રી નોંધે છે કે 'તેઓએ ગુજરાત-

૧૪. પુરાણી પ્રેમપ્રકાશદાસજી, 'સત્સંગની શુભ વાર્તાઓ' ભાગ ત્રીજો, સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ, (૧૯૮૬) પૃ. ૬૭-૭૪.

૧૫. બી.જી. વાઘેલા, 'ભગવાન સ્વામિનારાયણનું સમકાલીન લોકજીવન', સ્વામિનારાયણ અક્ષરપીઠ, (૧૯૯૮, ચતુર્થ આવૃત્તિ), પૃ. ૨૦૭.

૧૬. સાધુ અક્ષરપુરુષદાસ, 'કૃષ્ણચરણદાસ સ્વામીનું જીવનચરિત્ર અને ઉપદેશ' જૂનાગઢ, વાત-૭૦, પૃ. ૨૫.

૧૭. આર. સી. પરીખ અને એચ. જી. શાસ્ત્રી, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, મરાઠા કાળ', અમદાવાદ. ભો.જે. સંશોધન કેન્દ્ર, ૧૯૮૧ પૃ. ૩૧૮-૩૧૯.

કાઠિયાવાડની હલકી ગણાતી જાતિઓ પાસે મદ્યમાંસનો ત્યાગ કરાવી, હિંસાનો પણ ત્યાગ કરાવી, નાહવા-ધોવાનો આચાર શીખવી તેઓનો ઉદ્ધાર કર્યો એ મોટું કામ કર્યું છે. એમના સમયમાં જ અંગ્રેજોએ સ્વામિનારાયણને આ કારણથી જ મોટા કહ્યા છે.'[૧૮]

ભગવાન સ્વામિનારાયણે નિમ્ન વર્ણના લોકોના ઊર્ધ્વીકરણને યશવંત શુકલ 'સંસ્ક્રિટાઈઝેશન' કહે છે.[૧૯]

એ નિહાળવા માટે ઇતિહાસ પાસે વિપુલ પ્રમાણમાં ઉદાહરણો છે. ગુજરાતી સાહિત્ય અને ઇતિહાસના જાણીતા સાક્ષર ત્રિભોવન ગૌરીશંકર વ્યાસ દેવીપૂજક સગરામ વાઘરીનો એક કિસ્સો સરસ વર્ણવે છે. લીમલી ગામનો અભણ સગરામ, શ્રીમદ્ ભાગવતના પ્રખર વિદ્વાન શિવરામ ભટ્ટને આધ્યાત્મિક પ્રશ્નોમાં માત કરે અને શિવરામ એનો સત્સંગ કરીને સાધુ થવાની પ્રેરણા મેળવે, એ કેવી અસંભવિત ઘટના ગણાય! પણ ભગવાન સ્વામિનારાયણના પ્રભાવે એ સંભવિત બન્યું.

ભગવાન સ્વામિનારાયણે એ લોકોના માત્ર આચાર શુદ્ધ કર્યા એટલું જ નહીં, તેમનામાં ઉચ્ચ જ્ઞાન-શિક્ષણ સિંચીને તેમનાં મસ્તક ઉન્નત કર્યાં હતાં. ૧૮મી સદીના રૂઢિચુસ્ત સમાજનું વર્ણન કરીને ઈશ્વર પેટલીકર નોંધે છે કે 'એવા કાળમાં શ્રી સ્વામિનારાયણ હલકી ગણાતી વર્ણ-જ્ઞાતિઓ પણ ધર્મભક્તિ અને જ્ઞાનપરાયણ થવી જોઈએ એવા સુધારામાં માનતા હતા. એ લોકોને ઘેર તે પોતાનો મુકામ કરતા હતા. ગરીબ, અભણ અને પછાત વસતીના લોકોનો ભાવ સ્વીકારીને તેમના મહેમાન બનતા હતા. ભક્ત તેમને પૂજ્ય ગણતો હોવા છતાં પોતે એના નિકટના આત્મીયજન હોય તેમ તે એમની સાથે સમાનભાવે વર્તાવ કરતા હતા...'[૨૦]

તત્કાલીન અધોગતિ પામેલા સમાજની તાસીર વર્ણવતાં પેટલીકર આગળ કહે છેઃ 'લોકજીવનની જ્યારે આ સ્થિતિ હોય ત્યારે જેમની લોકહિતની વ્યાપક દૃષ્ટિ હોય તે સૌથી છેલ્લા માણસનો વિચાર કરીને તેનું હિત લક્ષમાં લે છે. તેમની નજર સમક્ષ લોકસમુદાય છે. કેવળ બ્રાહ્મણ જેવો ઉપલો વર્ગ શિક્ષિત અને સદાચારી બને તેમાં ધર્મનું કાર્ય સમાપ્ત થતું નથી, પરંતુ નીચેના મોટા સમાજ સુધી શિક્ષણ, સ્વચ્છતા અને સદાચાર વ્યાપક બનવાં જોઈએ. સ્વામિનારાયણ વર્ણાશ્રમ ધર્મમાં અને ઉચ્ચતાના ભેદમાં માનતા હતા, પણ એ ઉચ્ચતાવાળો ધર્મ એમાં માનતા હતા કે તેમણે નીચેના વર્ણમાં જ્ઞાન અને સદાચારનો ફેલાવો કરવો જોઈએ. જે પોતે ઊંચો છે તે જો બીજાને ઊંચો ન લાવે તો એની ઉચ્ચતાનો અર્થ શો? સાચો ઉચ્ચ એ છે કે પોતાની ઉચ્ચતા જોખમાયા વિના, જે નીચે છે તેને ઉપર લાવે... એ જ રીતે જે સાધુ સંતો, બ્રાહ્મણો અને ગુરુજનો છે તેમની ઉચ્ચતાનો રંગ ત્યારે પાકો કહેવાય કે તે છેલ્લામાં છેલ્લા માણસને પોતાનો રંગ બેસાડે.'[૨૧]

ભગવાન સ્વામિનારાયણનું આ આગવું વ્યક્તિત્વલક્ષણ હતુંઃ છેલ્લામાં છેલ્લા માણસને પોતાનો રંગ બેસાડવો. એટલે જ સ્વામિનારાયણીય હરિજનો કે અન્ય નિમ્ન ગણાતા ભક્તોના મુખેથી જ્ઞાનપ્રવાહ વહેતો હોય અને સંપ્રદાયના સાધુ સંતો તથા સવર્ણો એનું પાન કરતા હોય એ દૃશ્ય અહીં નવાઈ ભર્યું નથી. વડોદરા પાસે છાણી ગામે ભગવાન સ્વામિનારાયણે આશીર્વાદ આપ્યા હતા કે 'જાઓ, બ્રાહ્મણો જેવી પંડિતાઈ અને સદ્‌ગુણો તમારામાં આવશે. બ્રાહ્મણો શરમાઈ જાય તેવાં વિશુદ્ધ વર્તન તમારાં થશે.'[૨૨] એ આશીર્વાદના પ્રતાપે દલિતવર્ણોમાં એવાં અનેક રત્નો પાક્યાં છે કે જેમનું સ્મરણ કરતાં આજે સૌ ધન્યતાનો અનુભવ કરે છે. એવા પુણ્યશ્લોક નામાંકિતોમાં કવિ નારાયણદાસ પૂંજાભાઈનું નામ અમર છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ હરિજન ભક્તરાજ નારાયણદાસના અમર ભજનવારસાથી અપરિચિત વ્યક્તિ ભાગ્યે જ મળી આવશે. સંતો-હરિભક્તો આજે પણ નારાયણદાસનાં ભક્તિપદોને ભાવલીન થઈને ગાય છે ત્યારે, એક અલૌકિક વાતાવરણ ખડું થાય છે.

## જાતિ નહીં, સ્વભાવને બદલોઃ

નિમ્ન ગણાતા વર્ણોને ઉચ્ચ દરજ્જો આપવામાં, તેમનું સંસ્કૃતીકરણ કરવામાં ભગવાન સ્વામિનારાયણે ત્રીજું મહત્ત્વનું પગલું ભર્યું – એ વર્ણો પરથી અનૈતિકતાની છાપ ભૂંસવાનું.

એ સમયે દલિત વર્ણો માટે સામાન્ય જનસમાજમાં સૂગ હતી, એમાં તેમની અનૈતિક વૃત્તિઓ પણ જવાબદાર હતી. સવર્ણોના તિરસ્કારને લીધે આજીવિકાનો ખૂબ મોટો

૧૮. દુર્ગાશંકર કે. શાસ્ત્રી, 'વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, ફાર્બસ, ૧૯૩૯, મુંબઈ, પૃ. ૪૨૦.

૧૯. યશવંત શુકલ, 'ઐતિહાસિક સંદર્ભમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રદાન 'સ્વામિનારાયણ સંતસાહિત્ય' સં. રઘુવીર ચૌધરી, બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા. અમદાવાદ ૧૯૮૧, પૃ. ૧૨૬.

૨૦. ઈશ્વર પેટલીકર 'શ્રી સ્વામિનારાયણ અને અદ્યતન હિન્દુ ધર્મ પ્રવાહ', આર.આર. શેઠની કંપની, મુંબઈ (૧૯૮૦) પૃ. ૩૮.

૨૧. એજન, પૃ. ૬૭-૬૮.

૨૨. પ્રૉ. રમેશ મ. દવે, 'સહજાનંદ ચરિત્ર', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ (૧૯૯૩), પૃ. ૧૧૫.

પ્રાણપ્રશ્ન આ વર્ગ માટે હતો. જીવનના ગુજારા માટે કોઈ જ માર્ગ ન બચતાં કેટલાક લોકોએ અનૈતિક પ્રવૃત્તિઓનો પણ આશ્રય લેવો પડે એવા સંજોગો હતા. અને પરિણામે, એમના પર અનૈતિકતાનું આળ કાયમી બન્યું હતું.

ભગવાન સ્વામિનારાયણે આ વર્ણો પરથી એ આળ મિટાવવાનું ભગીરથ કાર્ય કર્યું. કનૈયાલાલ મુન્શી નોંધે છે કે, 'તેમણે સમાજમાંથી દૂષણો દૂર કર્યાં અને નીતિની સમજણનાં સાચાં ધોરણો પ્રસરાવ્યાં. તેમણે તત્કાલીન સમાજમાં ખૂબ જ વ્યાપ્ત એવાં વ્યભિચાર અને દુઃખો દૂર કર્યાં. તેમના પ્રયત્નોથી ગુજરાતનો નીતિભ્રષ્ટ વર્ગ સુધર્યો અને નીતિવાન બન્યો.'

નૈતિક રીતે એમણે સૌને કેવા ઉચ્ચ સંસ્કારોથી સમૃદ્ધ કર્યા હતા એ સમજવા માટે, સગરામ વાઘરી કે ગોવિંદ ભંગીનાં દૃષ્ટાંતો પૂરતાં છે. સ્વામિનારાયણીય સંસ્કારોએ આવાં અનેક ઉદાહરણો સર્જ્યાં છે. એક સમયે જેમના માટે પારકી વસ્તુની ચોરી પર જ જીવન નિર્વાહનો આધાર માનવામાં આવતો એવી એક કોમના સગરામની પરિવર્તનની કથા રોમાંચક છે! 'તમે ધૂળ ઉપર શું ધૂળ વાળી? ભગવાન સ્વામિનારાયણ મળ્યા ત્યારથી હું પારકી વસ્તુને ધૂળ જ સમજું છું!'[૨૩] સહજાનંદી અસ્મિતાનો એ રણકાર ઈતિહાસમાં અમર બની ગયો છે.

જૂનાગઢના ગોવિંદ ભંગીને નવાબના ચોકમાં વાળતાં વાળતાં બેગમની સોનાની સાંકળી મળી આવી અને બેગમને તે પાછી આપી ત્યારે 'અમે સ્વામિનારાયણના છીએ, અમારાથી ન લેવાય' એ ખુમારી દર્શાવી હતી, સ્વામિનારાયણીય આચાર-વ્યવહારની તત્કાલીન સમાજ પર ઘેરી અસર હતી એનું આ અવિસ્મરણીય ઉદાહરણ છે. ભગવાન સ્વામિનારાયણે તત્કાલીન કથિત નિમ્નવર્ણના લોકોમાં આણેલા આમૂલ પરિવર્તનની નોંધ લેતાં 'History of Gujarat' કહે છે:[૨૪]

'સહજાનંદજીએ પછાત વર્ણોમાંથી અસામાજિક તત્ત્વોને અને અધાર્મિક-અનૈતિક પ્રવૃત્તિઓને દૂર કરવામાં અગત્યનો ફાળો આપ્યો છે.'

તત્કાલીન બ્રિટિશ ઈતિહાસકાર-લેખક હેન્રી જ્યોર્જ બ્રિગ્સ લખે છે:[૨૫]

'શુદ્ધ હિન્દુ ધર્મની ચુસ્ત પુનઃસ્થાપના કરવા પૂરતી જ સહજાનંદ સ્વામી(સ્વામિનારાયણ)ની પ્રતિભા સીમિત ન રહેતાં, તે જમાનાનાં પ્રદૂષણો સામે અને સમગ્ર ગુજરાતમાં હજારો કમનસીબ માનવીઓ કે અત્યાર સુધી જેમની આજીવિકાનો આધાર અચોક્કસ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર હતો, તેમના ઉત્કર્ષ તરફ પણ દોરાઈ છે. વિશાળ ઝુંડોને તેમણે પ્રામાણિક અને ઉદ્યમી જીવનના પંથે વાળ્યા છે. એમાંથી આ દિશામાં એમની સફળતાના અનેક પુરાવાઓ મળી રહે છે.'

પ્રસિદ્ધ ખ્રિસ્તી લેખક બ્રધર એમ. સી. પારેખ નોંધે છે કે,[૨૬] 'અસ્પૃશ્યોને પણ સત્સંગમાંથી બાકાત રખાયા નહીં. તેમનો શિષ્યો તરીકે સ્વીકાર થતો. એક બે સ્થળોએ તેમણે (અસ્પૃશ્યોએ) પોતાનાં મંદિરો પણ બાંધ્યાં છે. જ્યારે રામમોહનરાય કે ખ્રિસ્તી મીશનરીઓએ (લેખક પોતે ખ્રિસ્તી છે) પણ આ કમનસીબ માનવીઓ વિષે વિચારેલ નહીં, એવા પ્રારંભિક દિવસોમાં સહજાનંદ સ્વામીનું તેમના પ્રત્યેનું વલણ નીચેના પ્રસંગ પરથી જાણવા મળે છે.'

લેખક એમ કહીને ભગવાન સ્વામિનારાયણે અસ્પૃશ્યો પર વરસાવેલા વાત્સલ્યના ઐતિહાસિક પ્રસંગો ટાંકે છે. રાજા રામમોહનરાયથી લઈને અદ્યતન સુધારાવાદીઓ કે ખ્રિસ્તી મિશનરીઓ સુધીનાં અનેકોએ દલિતોના ઉદ્ધારની પ્રવૃત્તિઓ કરી છે, પરંતુ એ સૌને માટે સૌ પ્રથમ ચીલો પાડનાર હતા ભગવાન સ્વામિનારાયણ.

અને એટલે જ જેટલો પ્રચંડ વિરોધ ભગવાન સ્વામિનારાયણે સહન કરવો પડ્યો તેટલો બીજા કોઈએ સહન કરવો પડ્યો નથી. કારણ કે તત્કાલીન સમાજ એ સુધારાઓને એટલી સહજતાથી સ્વીકારી લે તેવી મનઃસ્થિતિમાં નહોતો. સદીઓથી લોક માનસમાં જડ બની ગયેલી રૂઢ પ્રથાઓ, માન્યતાઓ અને અંધશ્રદ્ધાનો દુર્ભેદ્ય કિલ્લો તોડીને અંદર પ્રવેશવાનું અત્યંત કપરું અને લગભગ અસંભવિત જ હતું. છતાં રૂઢિગત સમાજનો ખોફ વહોરવાની પૂરી સજ્જતા સાથે ભગવાન સ્વામિનારાયણે આ પડકારને ઝીલી લીધો. કારણ કે એમનું લક્ષ્ય જ હતું માનવમાત્રના કલ્યાણનું. અસ્પૃશ્યોને અને દલિતવર્ણોને તેમણે ખોળે લીધા એની એક ગંભીર પ્રતિક્રિયા સમાજમાં એવી ઊભી થઈ કે સ્વામિનારાયણનો તિરસ્કાર ઉપલા વર્ણોમાં ખૂબ થયો. ભગવાન સ્વામિનારાયણ, એમના પરમહંસ સાધુઓ, એમના હરિભક્તો અને સમગ્ર સંપ્રદાયે

---

૨૩. સાધુ વિવેકસાગરદાસ, 'યોગીજી મહારાજની સત્સંગકથાઓ', અક્ષરપીઠ, ૧૯૮૫, પૃ. ૧૧૧.

૨૪. S.B. Rajyagor. History of Gujarat. S. Chand & Co. Ltd, New Delhi, 1982, p.408.

૨૫. Henry George Bridggs, Cities of Gujarashtra, 1849, p.233.

૨૬. M.C. Parekh, Shri Swaminarayan, Bharatiya Vidya Bhavan, Bombay, 1980, p.194.

ખૂબ તિરસ્કાર સહન કર્યો. એક તો સહજાનંદી સાધુઓની સાધુતા; બીજું, તેમણે અપનાવેલો અહિંસામય યજ્ઞોનો માર્ગ; ત્રીજું, વ્યસનમુક્ત શુદ્ધ જીવનનો માર્ગ; અને તેમાં ઓછું હોય તેમ સૌથી વિશેષ દલિત ગણાતી અને અન્ય પછાત ગણાતી કોમના લોકોને તેમણે ખોળે લીધા; કિશોરલાલ મશરૂવાળા કહે છેઃ 'ગુજરાત-કાઠિયાવાડની શૂદ્ર જાતિઓની ધાર્મિક ઉન્નતિ કરનાર પણ સ્વામિનારાયણ પહેલા હતા. એમણે કહેવાતી નીચ જાતિઓમાં એટલું બધું કાર્ય કર્યું હતું કે જૂના સંપ્રદાયીઓને સ્વામિનારાયણના ઘણાખરા શિષ્યો કડિયા, દરજી, સુથાર, ખારવા, મોચી અને ઢેઢ હતા, એ જ તે ધર્મનો વિરોધ કરવાને સબળ કારણ લાગતું હતું.'[૨૭]

સમાજની આ પ્રતિક્રિયાને નોંધતાં શ્રી યશવંત શુક્લ લખે છેઃ 'એમણે જે ફેરફારો કર્યા અને એ ફેરફારોને કારણે સ્થાપિત હિતોને જે આઘાત પહોંચ્યા, તેમણે સ્વામિનારાયણને રંજાડવા માટે ઓછું નથી કર્યું... ભારે જહેમત વેઠીને, ભારે સંકટો વેઠીને અને પોતાની પરમહંસ મંડળીને પણ દુઃખ વેઠતી જોઈને - હંમેશાં ક્રોધ કર્યા વગર, અહિંસાત્મક રીતે કોમળતાથી અને કોમળ ભાવોનું જતન કરીને તેમણે એક વાતાવરણ સર્જ્યું. જે વાતાવરણ આપણી ગુજરાતની સંસ્કૃતિને ઘડવામાં, તેને ઉછેરવામાં, સંસ્કારવામાં અને અર્વાચીનતા પ્રત્યે અભિમુખ કરવામાં સાર્થક બને છે.'[૨૮]

આજે પણ સ્વામિનારાયણ સંપ્રદાય જેવા વૈશ્વિક સંપ્રદાયને 'વાડો' કહીને તેના માટે જે સૂગ ફેલાવવામાં આવી રહી છે કે પરંપરાગત સૂગ ચાલી આવી રહી છે તેના મૂળમાં આ જ કારણ છે.

જોકે, આવા અનેક અપપ્રચારની ભગવાન સ્વામિ-નારાયણને કે તેમના શિષ્યવૃંદને કોઈ પરવા નહોતી. કારણ કે તેમનું લક્ષ્ય સ્પષ્ટ હતું. માનવમાત્રનો ઉદ્ધાર એ જ એમનું લક્ષ્ય હતું. એટલે એમણે એ બધું ખમી ખાધું, માત્ર માનવ સમાજના કલ્યાણ માટે.

આજે કહેવાતા સુધારકો અંત્યોદયના નામે ગૌરવ અને જશ મેળવે છે. ભગવાન સ્વામિનારાયણે પોતે ગૌરવ કે જશ મેળવવા નહીં, અંત્યજોને ગૌરવ અને જશ અપાવવા અનેક વિઘ્નો-મુશ્કેલીઓને વહોરી લીધી હતી. સાચે જ, આ દિશામાં તેઓ પોતાના સમય કરતાં બસ્સો વર્ષ આગળ હતા!

## જાતિ નહીં દૃષ્ટિને બદલોઃ

ભગવાન સ્વામિનારાયણ સૌને માટે એક એવું વિરાટ શિરચ્છત્ર હતા કે જેમાં પૃથ્વીના છેલ્લામાં છેલ્લા અંત્યજનું પણ સ્નેહભર્યું સ્થાન હોય. અને એટલે જ, અઢારેય વરણ ભગવાન સ્વામિનારાયણના કંઠમાં પરસ્પર ગૂંથાઈને માળા બનીને શોભતા હતા. કેવી કેવી જ્ઞાતિઓનો અને પેટા જ્ઞાતિઓનો તેમના ભક્તમંડળમાં સમાવેશ થયો હતો! આશ્ચર્ય તો એ છે કે દલિતોથી લઈને બ્રાહ્મણો સુધીના આવા અઢારેય વર્ણોને તેઓ પોતાના શિષ્યમંડળમાં એક જ સાથે કઈ રીતે બેસાડી શક્યા? લઘુતાગ્રંથિ અને ગુરુતાગ્રંથિના શિખરસમા વર્ણ-ભેદભાવોને એમણે કઈ રીતે મિટાવ્યા? એમાં જ એમના આધ્યાત્મિક પ્રભાવની ગરિમા અનુભવાય છે. ભગવાન સ્વામિનારાયણે આદરેલી ક્રાંતિ ઉપર છલ્લી સામાજિક ચળવળ નહોતી. એનાં મૂળ આધ્યાત્મિક હતાં અને એ ખૂબ ઊંડાં હતાં. એમણે દર્શાવેલી આધ્યાત્મિકતા એટલે આત્મદૃષ્ટિ કેળવવી, દેહભાવ છોડવો. સૌમાં બ્રહ્મભાવ કેળવી, પોતાને બ્રહ્મરૂપ માનીને પરબ્રહ્મની ભક્તિ કરવી. સનાતન વૈદિક પરંપરાના આ શુદ્ધ આધ્યાત્મિક જ્ઞાનને પોતાની આગવી શૈલીથી એમણે સામાન્યમાં સામાન્ય માણસમાં સહજતાથી સિંચ્યું હતું. અને એના પરિણામે, આ ક્રાંતિ પ્રગટી હતી. નિમ્ન ગણાતા લોકોની લઘુતાગ્રંથિ અને સવર્ણોની ગુરુતાગ્રંથિને આ સનાતન તત્ત્વજ્ઞાનથી તોડવામાં તેઓ સફળ રહ્યા હતા. 'History of Gujarat' ભગવાન સ્વામિનારાયણની આ આત્મદૃષ્ટિનો ખાસ ઉલ્લેખ કરે છેઃ[૨૯]

'તેમના (ભગવાન સ્વામિનારાયણના) ઉપદેશનું વિશિષ્ટ પ્રદાન, જ્ઞાતિપ્રથાની અવગણના ન કરતાં, તેની જડતા અને પક્કડનો નાશ કરવામાં છે... અનુયાયીઓને કહેવામાં આવતું કે આ બંધનો તો દેહનાં છે અને દેહમાંથી આત્મા મુક્ત થશે પછી આ જન્મના કર્માનુસાર, જ્ઞાતિના ભેદભાવની ગ્રંથિ વગર, તેઓ સારું નરસું ફળ મેળવશે.'

જૂનાગઢ પાસે અગતરાઈ ગામે ભગવાન સ્વામિનારાયણ પધાર્યા હતા. જન્માષ્ટમીની સભામાં સૌ સંતો-હરિભક્તો મહારાજ સન્મુખ બેઠા હતા. તે વખતે એક હરિજનનો છોકરો દૂરથી મહારાજનાં દર્શન કરતો હતો. મહારાજે તેને બોલાવ્યો. મહારાજે પૂછ્યુંઃ 'તું કેવો છે?' ત્યારે તેણે હાથ જોડીને કહ્યુંઃ 'મહારાજ! હરિજન છું.'

**(અનુસંધાન પૃષ્ઠ ૩૩ પર)**

૨૭. કિશોરલાલ મશરૂવાળા, 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય', નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ. ૬૩-૬૪.

૨૮. યશવંત શુક્લ, 'સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રદાન', 'સ્વામિ-નારાયણ સંતસાહિત્ય' સં. રઘુવીર ચૌધરી, બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા. (૧૯૮૧) અમદાવાદ, પૃ. ૧૨૬.

૨૯. M.S. Commissariat, History of Gujarat : The Maratha Period : 1758 to 1818, Gujarat Vidya Sabha, Ahmedabad, Vol. III, p.984-985.





## દલિતો અને પછાતોના સ્નેહી-સ્વજન સમા વાત્સલ્યમૂર્તિ સંત

# પ્રમુખસ્વામી મહારાજ

■ સાધુ આદર્શજીવનદાસ

પ્રમુખસ્વામી મહારાજ એટલે સૌ પર વરસતી વાત્સલ્યની અવિરત વર્ષા. જીવનભર જાતે ઘસાઈને બીજાને ઉજળા કરવા દિવસ-રાત ઘૂમતા પ્રમુખસ્વામી મહારાજે દલિતો અને પછાતોને પણ પોતાના ખોળે સમાવ્યા હતા. જેમને સમાજ અછૂત અને અભાગી ગણતો હતો એવો વર્ગ સ્વામીશ્રીને મન પોતાનો હતો. એમના સાચા સ્વજન અને સ્નેહી તરીકે તેમના પર હેત વરસાવીને સ્વામીશ્રીએ તેમના સર્વાંગી ઉત્કર્ષ માટે જે પુરુષાર્થ કર્યો છે તેની ગાથા એક વિરાટ અધ્યાય જેવી છે. અહીં, સ્વામીશ્રીએ તેમના પર વરસાવેલી સ્નેહવર્ષાની એક ઝાંખી મેળવીએ...

એકવાર પ્રમુખસ્વામી મહારાજ વડોદરા જિલ્લાના કુરાઈ ગામે સંતો સાથે બિરાજેલા ત્યારે ત્યાં ઠીકરિયા ગામના હરિજન ભક્ત શ્રી છગનભાઈ પણ બેઠેલા. તેઓને સ્વામીશ્રીએ કહ્યું: 'કીર્તન ગાઓ.' તેથી તે ભગતે કીર્તનો લલકાર્યાં બાદ યોગીબાપા સાથેના પોતાના અનુભવો પણ વર્ણવ્યા. આ સમયે સ્વામીશ્રીએ સાથે ફરતા એક સંતને કેમેરો લઈ આવવાની આજ્ઞા કરી. જ્યારે કેમેરો આવ્યો ત્યારે સ્વામીશ્રી છગનભાઈની બાજુમાં તેના સ્વજનની જેમ ઊભા રહ્યા અને સ્મૃતિછબિ લેવડાવી. એટલું જ નહીં, વડોદરાથી વિચરણ કરતાં કરતાં તેઓ મુંબઈ પધાર્યા ત્યારે સંતોને યાદ પણ કરાવ્યું કે 'કુરાઈવાળો ફોટો છગનને મોકલ્યો કે નહીં?'

દલિત ભક્તો સાથે આવો પ્રગાઢ સ્નેહ ધરાવતા સ્વામીશ્રી તા.

૨૦-૩-૧૯૭૧ના રોજ તો લીંબડીના હરિજનવાસમાં પધરામણીઓ કરવા માટે પહોંચી ગયા. આ સમયે તેઓએ હરિજનોનાં ઝૂંપડે-ઝૂંપડે જઈને પલાંઠી વાળી. સળી-વળીથી બનેલાં એ ખોરડાંમાં સગવડો તો કેવી? તેથી સ્વામીશ્રીને બેસવા માટે ક્યાંક લીંપણ પર કોથળા પથરાતા, તો ક્યાંક ગાભા જેવી ગોદડીઓ! છતાં ટટ્ટાર ઊભા રહેવા ન મળે એવાં નીચાં એ ઝૂંપડાંઓમાં પણ સ્વામીશ્રીએ પ્રેમથી પગલાં પાડ્યાં.

સૂર્યને શું હરિજન કે શું મહાજન! તે તો સૌ માટે અજવાળું લઈને આવી પહોંચે. તેમ અહીં સ્વામીશ્રીએ હરિજનનાં એક-એક ઝૂંપડે જઈને ઘણાને વ્યસનમુક્ત કર્યા. સદાચારી જીવનની પ્રતિજ્ઞા લેવરાવી. પાઠ-પૂજાઓ કરવાની રીત શીખવી અને 'હરિ'જનવાસ નામ સાર્થક કરી આપ્યું. તે વખતે એક-એક ઝૂંપડામાંથી નાદ ઊઠી રહ્યોઃ

*'નવ જોઈ તેં નાત ને જાત રે;*
*વારે વારે જાઉં વારણીયે...'*

સમાજ પર ચોંટેલું અસ્પૃશ્યતાનું કલંક નિવારવા માટે સ્વામીશ્રીએ આવાં નક્કર પગલાં ભરેલાં.

આવા જ એક પ્રસંગે તા. ૨૯-૪-૧૯૭૨ના રોજ ગંભીરા પહોંચેલા સ્વામીશ્રી ઘરોઘર ઘૂમી સૌને સત્સંગ તથા સંસ્કારયુક્ત જીવનની પ્રેરણા આપવા લાગ્યા.

આ ગામમાં હરિજનોની વસ્તી પણ હતી. તે સૌનો મનોરથ હતો કે 'સ્વામીશ્રીનાં ચરણ આપણાં ઝૂંપડામાં પડે.' તે પૂરો કરવાની સ્વામીશ્રીએ ખાતરી આપતાં સૌ અત્યંત ગેલમાં આવી ગયા. તેઓએ પોતાનાં ઝૂંપડાં પાસે મંડપો ખોડી દીધા. હરિજનવાસ આખો સ્વચ્છ કરી દીધો. તેમાં સુંદર મજાની રંગોળીઓ પૂરી. પાંદડાંનાં તોરણો લટકાવ્યાં. જ્યારે સ્વામીશ્રી પધાર્યા ત્યારે સૌએ તેઓને ઉમંગથી વધાવ્યા અને સ્વામીશ્રીનાં ચરણ ઝૂંપડે-ઝૂંપડે ફરવા લાગ્યાં. તે વખતે એકેએક હરિજનનું હૈયું ગાઈ રહ્યુંઃ *'સાચા સંત સગાં સહુ જનનાં રે, ઉદાર છે અપાર મનના રે...'*

તે વખતે અંત્યોદયના ઝંડાધારીઓથીયે કંઈક અધિક દૈવત આ ભગવાંધારીમાં સૌ જોઈ રહ્યા.

આવું જ દર્શન તા. ૧-૨-૧૯૭૫ની સાંજે સ્વામીશ્રી રાયમ પધાર્યા ત્યારે સૌને લાધ્યું. અહીં તેઓની સભાનું સ્થળ હતું – હળપતિવાસ!

તેમાં વસતા હળપતિઓએ વસાહતના ફળિયામાં સભા માટે નાનકડો પણ રૂપકડો સભામંડપ બાંધેલો. તેમાં બાંકડા પર પોતાના તારણહાર સ્વામીશ્રીનું આસન સજાવેલું. તે પર બિરાજી સ્વામીશ્રીએ શબ્દો ઉચ્ચાર્યા કે 'શેઠિયાના બંગલામાં કે તમારા ઝૂંપડામાં, સંતને બધું સરખું! સત્સંગમાં પૈસા આપવાના નથી. સત્સંગ મફત છે. ભગવાનને ત્યાં ભેદભાવ નથી. જીવનું સારું થાય તે માટે સત્સંગ છે.'

સ્વામીશ્રીના આ શબ્દોનો સીધો અનુભવ સામે બેઠેલો એકેએક હળપતિ કરી રહ્યો. તેથી આ આશીર્વાદ બાદ સૌને માથે હાથ મૂકી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે એ સમી સાંજના ૬ઃ૪૫ વાગ્યે પણ સૌ સમાજ-નવરચનાનો સૂર્યોદય નિહાળી રહ્યા.

આ સૂર્યનો ઉજાસ તા. ૨૪-૧૧-૧૯૭૫ની રાત્રે સંદેસરમાં પથરાયો. અહીં કેટલીક પધરામણીઓ કર્યા બાદ સ્વામીશ્રી સીધા જ પહોંચ્યા – દેવીપૂજકોના વાસમાં. તેઓનું અહીં પધારવાનું નિમિત્ત હતું – એક ફળિયાનું ખાતમુહૂર્ત. અહીંના રહેવાસીઓ સ્વામીશ્રીને પોતાનાં ફળિયાં પાવન કરવા પધારવાનું આમંત્રણ આપવા પહોંચી ગયા તે બીના જ સમજાવે છે કે સ્વામીશ્રી કેવા ખુલ્લા દિલ-દરવાજાના સંત હતા!

પોતાની એક આંખમાં સમતા અને બીજી આંખમાં મમતાની કીકી રાખીને વિચરતા તેઓ ઊબડ-ખાબડ લીંપણવાળા, સળી-સાંઠીકડાંની ભીંતોવાળા, ઘાસ-પૂળાનાં છાપરાંવાળા આ વાસના કૂબામાં નિરાંતે પલાંઠી વાળીને બેઠા. અહીં યોજાયેલી સભામાં સંબોધન કરતી વખતે તેઓ 'સ્વામિનારાયણ ભગવાને નાત-જાતના ભેદ રાખ્યા સિવાય સૌને અપનાવ્યા છે' એમ જે બોલ્યા તેને સૌ નજર સામે જ અનુભવી રહ્યા! આ રીતે સૌને શ્રીજીની સ્મૃતિ કરાવતાં સ્વામીશ્રીએ સભા બાદ ફળિયાનું ખાતમુહૂર્ત કરી તેનું 'યોગી ફળિયું' નામાભિધાન કર્યું.

તેઓની આવી કૃપાવર્ષાથી તા. ૧૩-૨-૧૯૭૬ના રોજ સંદેસરમાં આવેલો દેવીપૂજકોનો આ વાસ ફરી ભીંજાયો.

આ સમયે અહીં સ્વાગતમાં સુંદર મંડપ સજાવેલો. પોતાનાં ઘરમંદિરોમાં પણ આ દેવીપૂજક ભાઈઓએ શોભા કરેલી. તેમનાં આ ખોરડાંઓમાં પધરામણીઓ કરીને સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે અત્રે તેઓને સૌએ હારતોરાથી સન્માન્યા.

તે પછી સ્વામીશ્રીએ અમૃત વહાવ્યું કે 'જુઓ, તમે ભક્ત થયા તો અમે સીધા તમારે ઘેર જ આવ્યા. આપણે વ્યસનો છોડવાં. અમારા માટે ફૂલહારનો ખર્ચો ન કરવો. મંડપ ન બાંધવો. 'આ મોટાપુરુષ છે ને તેમને મંડપ વિના નહીં ચાલે' એવું ન માનવું. અમે તો નીચે ધૂળમાં બેસીને પણ કથા કરીએ. તમે વ્યસનો છોડો અને ભક્તિ કરો એ જ કરાવવાનું છે. તમે સારું કામ કરો તો સારું ફળ મળે. ખેતરમાં

બાવળિયા વાવીએ તો આંબા મળે? તેમ ખોટાં કામ કરીએ તો સુખ મળે? થોડું જ પણ સારું કર્યું હોય તો શાંતિ રહે.'

સ્વામીશ્રીના આ શબ્દો દેવીપૂજકો સાંભળી જ રહ્યા, કારણ કે તેમાંથી નરી લાગણી નીતરતી હતી, કોઈ માંગણી નહીં. તેથી જ સભાના અંતે સૌ પર આશીર્વાદનો અભયહસ્ત સ્થાપી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે એ વાસનું વાતાવરણ 'સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી...' સ્વામીશ્રી પર ઓવારી ગયું.

સમતાની આ સડકે સતત સરકતા સ્વામીશ્રીએ તા. ૧૪-૧૧-૧૯૭૮ના દિવસે બોચાસણમાં સૌને દેવદિવાળીના આશીર્વાદ આપી કૃતાર્થ કર્યા. આ સમૈયાની સભા બાદ મોડી બપોર સુધી પૂજન ચાલ્યું. આ વર્ષે ઉપરાછાપરી આવેલી બીમારીઓના હુમલાથી હવે સ્વામીશ્રીને પગથિયાં ચડવામાં અને સભામાં લાંબા સમય સુધી બેસવામાં ઘણું કષ્ટ અનુભવાતું. છતાં આ ભીડો વેઠી ભક્તોને રાજી કર્યાના સંતોષ સાથે તેઓ બપોરે આરામમાં જઈ રહેલા. તેઓના ઓરડાનું બારણું બંધ થવાની તૈયારીમાં જ હતું ત્યાં ચરોતર પ્રાંતના કેટલાક દેવીપૂજક ભક્તો હાર લઈને આવી ચડ્યા. તેઓનું ગામ બોચાસણથી ખાસ દૂર નહીં, છતાં કો'ક કારણસર તેઓ આટલા મોડા આવેલા. તેથી સેવકોએ કહ્યું: 'સ્વામીબાપા હવે પોઢી ગયા છે. સાંજે ચાર વાગ્યે આવજો.'

પણ ત્યાં તો સ્વામીશ્રી એ સાંભળી ગયા અને તેમણે જ સેવકોને સાદ પાડ્યો: 'તેઓને આવવા દો.'

તેઓનાં દ્વાર સૌ માટે સદા ખુલ્લાં જ રહેતાં. સ્વામીશ્રીના આવકાર સાથે જ ઓરડાની બુઝેલી બત્તીઓ ઝગી. સ્વામીશ્રીએ પ્રેમથી ફૂલહાર ગ્રહણ કર્યો. તે વખતે એકેએકના માથે હાથ મૂકી આશીર્વાદ આપતાં તેઓ બોલ્યા: 'તમારે અમારા માટે ફૂલહારનો ખર્ચ ન કરવો. નિયમ-ધર્મ પાળો છો તેમાં ભગવાન રાજી જ છે.'

આ કૃપાલાભથી તે ભક્તો ગદ્‌ગદકંઠ થઈ ગયા. આજની દેવદિવાળીએ દેવોને આનંદ નહીં હોય એટલો આ દેવીપૂજકો અનુભવી રહ્યા.

આવો જ આનંદ તા. ૧૮-૨-૧૯૭૬ના રોજ કરમાડનો દેવીપૂજક સોમો અનુભવી રહ્યો. આજની સવારે સ્વામીશ્રી પધરામણીઓ કરવા નીકળ્યા તે વખતે આ ગામવાસી તેના બે દીકરાઓને પરણાવવા જાન જોડીને જઈ રહેલો. સ્વામીશ્રીને જોતાં જ તેના હૃદિયામાં 'અંતર આજ ઉમંગે ગાવે, પ્રમુખસ્વામીને વધાવે...'નો ભાવ જાગ્રત થઈ ગયો. તેણે લગ્ન માટે લાવેલાં વાજાં પધરામણીઓમાં જોડી દેતાં થોડા સમય સુધી પધરામણીઓની સાથે સાથે વાજાં ગાજતાં રહ્યાં. સ્વામીશ્રીએ પણ એ ભાવિકના બે બાળ-વરરાજાઓને હાર પહેરાવી સુખી જીવનના આશીર્વાદ પાઠવ્યા!

તેઓની આવી આશીર્વર્ષાથી તા. ૨૭-૧૧-૧૯૭૫ની બપોરે આશી ભીંજાયું. અહીં સવા બાર વાગ્યે સામૈયાનો સત્કાર સ્વીકારી સ્વામીશ્રી બપોરે બે વાગ્યે પધરામણી કરવા નીકળ્યા. આ કાર્યક્રમ પૂર્ણ કરીને તેઓ પહોંચ્યા – આશીના હરિજનવાસમાં.

હા, અજ્ઞાન અને અણસમજણને કારણે સમાજના શિરે ચોંટેલું અસ્પૃશ્યતાનું કલંક ધોવા સ્વામીશ્રી કોર્ટના દરવાજે નહીં, પણ હરિજનોના દરવાજે જઈને ઊભા રહેતા. આ દૂષણ નિવારવા તેઓ આસ્ફાલ્ટની સ્વચ્છ-સમથળ સડકો પર સરઘસો ન કાઢતા, પણ હરિજનવાસની ગલીઓમાં જઈને ઘરોઘર પધરામણીઓ કરતા. છૂતાછૂતનું આ પાપ ધોવા તેઓ કેવળ સભાઓ ન સંબોધતા, પણ હરિજનવાસમાં પહોંચીને તેઓની વચ્ચે જ આસન જમાવી દેતા! સ્વામીશ્રીની આ ક્રાંતિને સમાજ વિસ્ફારિત નેત્રે નિહાળી રહેતો.

આ અનુભૂતિમાંથી પસાર થયા લાખિયાણીના એક વણકરભાઈ. તા. ૧૬-૬-૧૯૭૮ની સાંજે રાજકોટના મંદિરમાં યોજાયેલા સન્માન સમારંભમાં રાજકોટના રાજવી, જિલ્લા પંચાયત પ્રમુખ, શહેરના મેયર, સાંસદ સહિત અનેક નામાંકિતોનું સન્માન સ્વીકારી સ્વામીશ્રી રાત્રે પોતાના ઉતારામાં બિરાજમાન હતા. અહીં પત્રલેખન કરી રહેલા તેઓ પાસે પહોંચી ગયેલા પેલા ભાઈ પગે લાગી કહેવા લાગ્યા: 'મારે વણકરનો ધંધો છે. ધોતિયાં, પછેડીઓ, ટુવાલ વગેરે બનાવું છું. પણ માલ ખપતો નથી. તેથી દુઃખી થઈ ગયો છું. એટલે આપના આશીર્વાદ લેવા આવ્યો છું. આપના આશીર્વાદથી મારું ભલું થશે.'

દુખિયારાના આ શબ્દોમાં વેદના અને વિશ્વાસ – બંને છલકાતાં હતાં.

તેઓની વાત સાંભળી સ્વામીશ્રી ક્ષણભર તેઓ સામું જોઈ રહ્યા. પછી સંતોને કહ્યું: 'લીંબડીમાં આપણા સત્સંગી રામજીભાઈ આવાં જ હાથવણાટ કાપડનો વેપાર કરે છે. તેના પર ભલામણપત્ર લખી આપીએ.'

આમ કહેતાં રાત્રે અગિયાર વાગ્યે એક અપરિચિત વણકરના જીવનમાં વ્યાપેલો અંધકાર દૂર કરવા સ્વામીશ્રીએ કલમ ચલાવી.

આ કરુણાથી તે વ્યક્તિનું હૈયું ભરાઈ આવ્યું. તેણે પોતાની પાસે રહેલું વણવેચાયેલું એક ધોતિયું સ્વામીશ્રીને આપ્યું. તે ધોતિયું સ્વામીશ્રીએ લીધું, પણ પહેરવા નહીં, આશીર્વાદ લખી આપવા. એ વણકરના વિધિના લેખ જાણે નવેસરથી લખતા હોય તેમ, સ્વામીશ્રીએ તે ધોતિયા પર



સાંકરીના ગરીબ અને દલિત લલ્લુભાઈની છેલ્લી અવસ્થામાં તેના પર સ્નેહવર્ષા વરસાવવા પહોંચેલા પ્રમુખસ્વામી મહારાજ...

હસ્તાક્ષર પાડી આપ્યા અને યોગીસ્વરૂપદાસ સ્વામીને ભલામણ કરીઃ 'આમને જમાડીને મોકલજો.'

જમવા બેઠેલી એ વ્યક્તિ કોળિયે કોળિયે સ્વામીશ્રીની મમતાને જ મમળાવતી રહી. તેણે ભીની આંખે સંતોને કહ્યુંઃ 'આજે મારો હાથ ભગવાને ઝાલ્યો. હવે મારું કામ થઈ ગયું.'

આ વણકર વેદના અને વિશ્વાસ સાથે આવેલો. સ્વામીશ્રીને મળ્યા બાદ હવે વિશ્વાસ બચેલો; વેદના અલોપ થઈ ગયેલી. સ્વામીશ્રીનું આ જ કાર્ય હતું – લોકોની વેદનાને ભૂંસવાનું, લોકોના વિશ્વાસને ટકાવવાનું.

તેઓનો આ અનુભવ પામેલા પેલા વણકરભાઈ સ્વામીશ્રીએ ચીંધી આપેલા સરનામે જઈ સત્સંગીને મળ્યા. તે હરિભક્તે સ્વામીશ્રીની ચિઠ્ઠીના કારણે આ અજાણી વ્યક્તિનો માલ ખરીદ્યો. તે સાથે જ આ વ્યક્તિના નસીબ આડેનું પાંદડું હટી ગયું અને તેની આજીવિકા ચાલવા માંડી.

મહાનુભાવોના જાજરમાન સન્માન સ્વીકાર્યાં પછીની ગણતરીની મિનિટોમાં જ, એક વણકરનાં દુઃખ ફેડવા માટે સ્વામીશ્રીએ લીધેલી આ દરકાર જોઈ સૌનાં હૃદય તેઓનાં ચરણોમાં જઈ પડ્યાં.

આવી જ ઘટના બની તા. ૨૮-૨-૧૯૮૪ના રોજ. આ દિવસે સ્વામીશ્રીએ નવસારીના હરિજન ભાઈઓની વસાહત ઠક્કરબાપા વાસમાં નૂતન સંસ્કાર ભવનનો ખાતવિધિ કરતાં ત્રિકમના પાંચ ટચકા મારી ભૂમિખનન કરી આપ્યું. તેથી હરિજન બંધુઓને તો આનંદના ઓઘ વળી ગયા. આ નિમિત્તે આયોજિત સભામાં આ જ્ઞાતિનાં વિવિધ સામાજિક સંગઠનો વતી સ્વામીશ્રીને પુષ્પહાર અર્પણ થયા. તે તમામ પુષ્પહાર સ્વામીશ્રીએ તેઓને તરત પરત પહેરાવ્યા ત્યારે સૌ ગદ્‌ગદ થઈ ગયા, કારણ કે તેઓને આમ સન્માનિત કરનારા સ્વામીશ્રી પ્રથમ જ મહાપુરુષ હતા! આ કાર્યક્રમ સંપન્ન કરી હરિજનવાસના અંબાજી મંદિરે પધારેલા તેઓએ અહીં આરતી ઉતારી સૌને ધન્ય કર્યા.

આવી ધન્યતા તા. ૫-૨-૧૯૮૫ની સવારે ભોજ ગામમાં ફરી વળી. આજની પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી ગામના મહાદેવ મંદિરે દર્શન કરવા પધાર્યા ત્યારે આ ગામના કેટલાક હરિજનોએ પોતાની વસાહતમાં પધારવા તેઓને નિમંત્રણ આપ્યું. તેને તરત જ સ્વીકારતાં સ્વામીશ્રી મંદિરેથી

સીધા હરિજન વાસમાં જઈ પહોંચ્યા. અહીં તેઓએ હરિજન બંધુઓની વચ્ચે જ એક પાટ પર આસન માંડ્યું અને સાથે વાત પણ. સ્વામીશ્રીએ જણાવ્યું:

'કોઈ પણ વર્ણના મનુષ્ય હોય પણ સારાં કર્મ કરે તે બધા સારા જ છે. શબરી, રોહિદાસ વગેરે નીચા કુળમાં હતાં છતાં ભક્તિ કરી અને ભગવાને આપેલા નિયમોનું પાલન કર્યું તો શાસ્ત્રોમાં નામ લખાઈ ગયાં. મેં આપ સૌના હિતેચ્છુ એવા પ્રામાણિક માણસો પાસેથી સાંભળ્યું છે કે આપનામાં કેટલાકને અનેક પ્રકારનાં વ્યસનો પેસી ગયાં છે. જુઓ, આપના ઘરનાં છાપરાં હજી ઊંચાં નથી થયાં. આપ સૌ પણ આર્થિક દૃષ્ટિએ ઊંચા નથી આવી શક્યા. ઊંચું માથું રાખી શકીએ એવું જીવન આપણે કરવું જોઈએ. દારૂ-બીડી જેવું વ્યસન જો આપ મૂકશો તો આપનો આત્મવિશ્વાસ વધશે અને પૈસા પણ બચશે. એ પૈસા કોઈ બીજા નથી લઈ જવાના, આપના જ ઘરમાં રહેવાના છે. પરંતુ ગણતરી નથી એટલે જીવન ગમે-તેમ વેડફાઈ જાય છે. પછી એમ થાય કે 'ઊંચા નથી અવાતું.' પણ ક્યાંથી અવાય?

સંસ્કાર સારા ન હોય તો ગમે તેવો પૈસાદાર હોય કે રાજા હોય તોય એના ઘરનો. ને સંસ્કાર હશે તો ભલે સામાન્ય હશે, ઝૂંપડામાં રહેતો હશે તોય વંદનીય છે. આખું ગામ એને માનની દૃષ્ટિએ જોશે. તમારામાં સંસ્કારો પડેલા જ છે, પરંતુ એને બહાર લાવવાના છે. આ ઠાકોરજી તમારે ત્યાં આવ્યા છે, એની નિષ્ઠા રાખજો. આપણે બધા હિન્દુ છીએ, ભલે જ્ઞાતિ ગમે તે હોય.''

સ્વામીશ્રીએ આજે પ્રેરણાની ભાગીરથી વહાવી દીધી. તેમાં સ્નાન કરનારા કંઈક હરિજનોએ વ્યસન-દૂષણ છોડવાના અને નિયમિત ભક્તિ કરવાના નિયમો લઈ લીધા. તેથી તેઓને 'ઘેર બેઠાં તીરથ' જેવું થઈ રહ્યું!!

આ રીતે પોતાના પગલે પગલે તીર્થ પ્રગટાવતા સ્વામીશ્રી તા. ૨-૪-૧૯૮૦ની રાત્રે વિદ્યાનગરમાં અરવિંદભાઈ પટેલના ઘેર પધાર્યા હતા. અહીં તેઓ આવ્યા ત્યારે આશીનો વણકર રામજી બગીચામાં કામ કરી રહેલો. તે પર દૃષ્ટિ પડતાં જ સ્વામીશ્રીએ તેને નજીક બોલાવ્યો, પણ વર્ણાશ્રમ ધર્મની વ્યવસ્થા મુજબ તે નજીક આવતાં સંકોચાયો. છતાં સ્વામીશ્રીએ તેને પાસે બોલાવી માથે હાથ મૂકતાં કહ્યું: 'તારે અમારી નજીક આવવું. કોઈ બાધ નથી.'

સ્વામીશ્રીની આ કૃપાથી એ વણકરનું કણ-કણ નાચી ઊઠ્યું. જેને સમાજ અસ્પૃશ્ય ગણી તરછોડતો, તેને સ્વામીશ્રી આમ ગળે લગાડતા.

એથીયે આગળ, તેઓ જ્યારે જમવા બિરાજ્યા ત્યારે સામે બેસીને જમી રહેલા હરિભક્તોની પંગતમાં જ તેઓએ રામજીની થાળી પણ મુકાવી અને તેને કેરીનો રસ પિરસાવ્યો. આ અનુભવેય રામજી માટે નવીન હતો, પણ સવર્ણોની હારમાં તેને સ્થાન આપીને સ્વામીશ્રીએ 'બ્રહ્મ હમારી જાત'નો સંદેશ સમાજમાં વહેતો કરી દીધો.

તેઓએ સવર્ણોમાં એવી સમજ સિંચેલી કે જેથી તેઓ અન્ય વર્ણના સ્વીકારમાં ખચકાય નહીં અને અન્ય વર્ણના મનુષ્યોને એવું સદ્‌વર્તન શીખવ્યું કે તેઓ સવર્ણોમાં સહજ સ્વીકૃતિ પામે. સ્વામીશ્રીએ વર્ણ-વર્ણ વચ્ચેનાં સૂગ-સંકોચને સત્સંગનાં દ્રાવણ વડે એવાં ધોઈ નાંખ્યાં કે તેઓનો સંપ્રદાય માનવી-માત્ર માટે મીઠો માળો બની રહ્યો! તેઓની આ ક્રાંતિ લાઠિયાળી કે લોહિયાળ ન બનતાં કલ્યાણકારી સાબિત થઈ રહી છે, કારણ કે તેમાં કોઈ જૂથ પ્રત્યે આક્રોશ, પૂર્વગ્રહ કે દ્વેષ નહોતા, પરંતુ હતી સૌ માટે કરુણા.

તેઓની આવી કરુણાનું એક નૂતન પ્રકરણ ઊઘડ્યું કાવીઠામાં. તા. ૮-૫-૧૯૮૫ના રોજ અહીં પધારેલા સ્વામીશ્રીના આગમનથી ગામવાસી ભક્તોને જેટલો હરખ થયો તેથી અધિક આનંદ સાથે આશીના પેલા રામજીનું હૈયું ઊછળી ઊઠ્યું. કારણ કે આ ભક્તે પોતાની દીકરીનાં લગ્ન અંગે સ્વામીશ્રીની સલાહ લેતાં મનોરથ સેવેલો કે 'આ લગ્ન પ્રસંગે સ્વામીશ્રી નજીકના ગામમાં હોય તો સારું, જેથી તેઓના આશીર્વાદ લેવા જઈ શકાય.'

આ ઓરતો કરતી વખતે આ સત્સંગીના મનમાં નિકટવર્તી ગામ તરીકે બોચાસણ રમતું હતું. પરંતુ ભક્તોના સંકલ્પોને સવાયા સિદ્ધ કરવાની પ્રકૃતિ ધરાવતા સ્વામીશ્રી તો દીકરીનાં લગ્નની તિથિએ ગામથી તદ્દન નજીક વસેલા કાવીઠામાં જ આવી જતાં રામજીભાઈ હરખપદુડા થઈ દોડી આવ્યા તેઓ પાસે.

તા. ૯-૫-૧૯૮૫ની એ સવારે સ્વામીશ્રી ભ્રમણ કરી રહેલા ત્યારે આ ભક્તને જોતાં જ તેઓએ પૂછ્યું: 'રામજી! કેમ આવ્યો?'

'બાપા! આજે દીકરીનાં લગન છે.'

આ જવાબ સાંભળી સ્વામીશ્રીએ એ વણકરને પોતાની સાથે લીધા અને ચાલુ ભ્રમણે જ પૂછવા લાગ્યા: 'તમારી જ્ઞાતિમાં આપવા-લેવાનો શું રિવાજ છે? જમાઈને શું આપવાનું હોય? દીકરીને શું આપવાનું હોય? તારી પાસે કેટલું છે? લગનમાં કેટલા માણસો આવવાના છે? કઈ કઈ જ્ઞાતિના આવશે? એ બધાને જમાડવાની શું વ્યવસ્થા કરી છે? રસોઈમાં શું રાંધ્યું છે? મિષ્ટાન્નમાં શું કર્યું છે? પતરાવળાં લાવ્યાં છો?...'



હરિજનવાસ, વણકરવાસ, દેવીપૂજકવાસમાં ઝૂંપડે ઝૂંપડે જઈને વ્યસન-વહેમ મુક્તિની આહલેક જગાવતા સ્વામીશ્રી...

ઉપરોક્ત પ્રશ્નાવલી દ્વારા સગો બાપ પણ ન લે એટલી ઝીણવટથી સ્વામીશ્રી એક વણકરની દરકાર લઈ રહ્યા. આ પૂછપરછ ડગલાં ભરી રહેલા તેઓનો હાંફ વધારી રહેલી, પણ હરિભક્તને હેત-હૂંફ આપવામાં ડૂબેલા સ્વામીશ્રી આ તકલીફથી તદ્દન બેપરવા બનેલા.

તેઓના આ પ્રેમપ્રવાહે પેલા વણકર ભક્તનાં આંખ-અંતર છલકાવી દીધાં. પરંતુ તેઓ સહિત સૌ ગદ્ગદ તો ત્યારે થઈ ગયા કે જ્યારે સ્વામીશ્રી બોલ્યા: 'રામજી! મારે આજે મીટિંગમાં અમદાવાદ પહોંચવાનું છે, નહીંતર હું આવત. પણ હું મોટેરા સંતોને મોકલું છું.'

નાના-મોટા તમામ સાથે આવો સ્નેહ-સંબંધ ધરાવતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૩-૧૧-૧૯૮૫ના રોજ સમૂહલગ્નનો કાર્યક્રમ યોજાયેલો. તેમાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી બી. ડી. જત્તી, રાજ્યના નાણામંત્રી શ્રી અરવિંદ સંઘવી વગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત હતા. તે સૌ બ્રાહ્મણથી માંડીને હરિજન સુધીની જ્ઞાતિનાં યુવા-યુવતીઓને એક જ મંડપ નીચે પ્રભુતામાં પગલાં પાડતાં જોઈ અચંબિત થઈ ગયા. સ્વામીશ્રીએ વિકસાવેલી આવી સામાજિક એકતા અને ચેતનાની સાથે આ સમૂહ લગ્નોત્સવને બિરદાવતાં નાણાંમંત્રી તો બોલી ઊઠ્યા:

'દહેજના મોટા દૂષણને ડામવાની ચર્ચાઓ ખૂબ થાય છે, પણ એનો અમલ કરવાનું આ શ્રેય ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને મોટા પ્રમાણમાં જાય છે. અનેક જ્ઞાતિનાં યુવક-યુવતીઓને ભેગાં કરી એમણે ભવ્ય કામગીરી કરી છે.'

આવી ભવ્ય કાર્યવાહી ચલાવનારા સ્વામીશ્રી તા. ૩-૧-૧૯૮૬ની સવારે ગજેરાના વણકર ભાઈઓની વિનંતી સ્વીકારીને તેઓના વાસમાં પધાર્યા ત્યારે આ કૃપાથી સૌ જ્ઞાતિબંધુઓ ઘેલા બની ગયા. ના પાડવા છતાં તેઓ ઠેઠ ખડકીથી ઢોલ વગાડતાં-વગાડતાં સ્વામીશ્રીને ગાંધીમંદિર સુધી સામૈયું કાઢી લઈ આવ્યા. તે આખા રસ્તે વણકરવાસના વસાહતીઓએ વસ્ત્રના પટ્ટા પાથરી દીધેલા. તે પર પગલાં પાડતાં સ્વામીશ્રીએ સ્વાગત સ્વીકારી સભા ભરી. તેમાં સૌને સદાચારની શીખ આપી. આ પ્રવચન બાદ તેઓ દરેકને વ્યક્તિગત પણ મળ્યા. એટલું જ નહીં, તેઓએ પોતાની સાથેના સંત-શિષ્યોને આજ્ઞા કરી કે 'આ વણકરવાસના

એક-એક ઘેર જઈ વ્યસનોની મુક્તિ કરાવી આવો.'

વ્યસનમુક્તિ આંદોલન સ્વામીશ્રી માટે પ્રાસંગિક પ્રકલ્પ નહોતો, પણ કાયમનું કામ હતું. તેથી તેઓએ આજે એક પાટણવાડિયા હરિજનને કહ્યું: 'દારૂ પીને કદાચ પોલીસ પાસેથી છૂટી જવાશે પણ ભગવાન પાસેથી નહીં છુટાય. ભગવાનમાં વિશ્વાસ રાખીને મૂકી દો. એમનું કામ એવું છે કે પછી તમને દારૂ જોઈને ઉબકો આવશે. જો કદાચ દારૂ પીવાનું મન થાય તો કંઠી પકડી લેવી.'

આ રીતે હજારો હરિજનોને વ્યસનોથી છોડાવી સ્વામીશ્રીએ સમાજ પર ચઢાવેલું ઋણ ઉચ્ચારતાં અંત ન આવે એવું છે.

તેઓનો આ ઋણભાર તા. ૮-૬-૧૯૮૬ના રોજ સાંકરીના શિરે પણ ચડ્યો. અહીં વસ્તીમાં મુખ્ય પટેલો, પણ ઝાઝા હળપતિઓ-દૂબળાઓ. તેઓ પટેલોની જમીનમાં મજૂરી કરી દનિયાં મેળવે. પરંતુ તેઓનાં મોટા ભાગનાં દામ દારૂમાં ડૂબે. ભણતર પ્રત્યે પણ કોઈ વિશેષ લગાવ ન હોવાથી છૈયાં-છાપરાંની પ્રગતિનો વિચાર જ એ લોકોને ક્યાંથી?

આવા કેટલાક દૂબળાઓ તા. ૯-૬-૧૯૮૬ની ઢળતી રાત્રે મંદિરની સામે આવેલા બંગલાની બહાર દરવાજાને સમાંતર જતી બે પાળી પર બેસી ગપાટા મારી રહેલા. તે વખતે ત્યાંથી પસાર થતા સ્વામીશ્રી તેઓને જોતાં જ ઊભા રહી ગયા અને સૌને ઊંચે સાદે 'જય સ્વામિનારાયણ' કહ્યા.

તેઓનો અવાજ સાંભળી એ હળપતિઓએ સ્વામીશ્રી સામે જોયું. આ સમયે હજી ત્રણેક કલાક પહેલાં જ સ્વામીશ્રીના જમણા પગની પિંડીમાં થયેલી ફોલ્લીઓને ફોડીને પાટાપિંડી કરાયેલી. તેથી પગમાં સણકા વાગી રહેલા, પરંતુ આ પીડાને ન ગણકારતાં તેઓ ઊભાં ઊભાં જ બોલવા લાગ્યા:

'તમારે બધાએ દરરોજ આ મંદિરે દર્શને આવી જવું. જે કોઈ વ્યસન હોય એ કાઢી નાંખવાં. તેથી પૈસા બચશે તો મકાન સારાં થશે. છોકરાં સારાં કપડાં પહેરશે અને ભણીને આગળ વધશે. અમે તમારી પાસેથી પૈસા માંગતા નથી. તમે મંદિરે આવો ને હાથ જ જોડો એ અમારે મન લાખો રૂપિયા છે. આ મંદિર ખાલી પટેલોનું જ નહીં, પણ તમારું પણ છે. ગામમાં બીજા લાભ લે ને તમે લોકો રહી જાઓ તો અમને ઓછું લાગે. માટે અમે તમને કહીએ છીએ.'

આમ, પંદર-વીસ મિનિટ સુધી સ્વામીશ્રી અંધારે અટવાયેલાઓના રસ્તે પ્રકાશ પાથરતા રહ્યા.

પરંતુ તેઓનું આ કાર્ય આટલેથી ન અટક્યું. તેઓએ સંતોને આદેશ આપ્યો કે 'આપણે અહીં છીએ ત્યાં સુધી આ દૂબળાઓના ઝૂંપડે-ઝૂંપડે જાઓ અને તેઓને વ્યસનોથી છોડાવો.'

તેઓની આ આજ્ઞા અનુસાર સંતો ખોરડે-ખોરડે ઘૂમવા લાગતાં સૌને સાચી સમજ મળવા લાગી. તેથી રોજના ૨૫-૫૦ મનુષ્યો વ્યસન છોડવા સંમત થતા ગયા. તેઓને સાંજે સ્વામીશ્રી પાસે લાવવામાં આવે. સ્વામીશ્રી એ દૂબળાઓને બળની વાતો કરે: 'સંતને કોઈ ભેદભાવ નથી. તમે લોકો દારૂ, માંસ, જુગાર મૂકી દો એ અમારે મન મોટી ભેટ છે. તમારાં છોકરાંઓને ઉકાઈમાં અમારું ગુરુકુળ છે ત્યાં મૂકો. અમે બધો ખર્ચો ભોગવીશું. ભણાવીશું. ભણશે તો આગળ આવશે.'

આમ, સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન સાંકરી મુકામે સમાજ-સુધારણાનો એક યજ્ઞ જ યોજાઈ રહ્યો. તેમાં ૩૯૬ હળપતિઓએ વ્યસનો હોમ્યાં અને ૧૩૯ હળપતિઓએ સદાચારવર્ધક નિયમો લીધા.

આ કરુણાવર્ષા વરસાવતા સ્વામીશ્રીએ તા. ૧૭-૬-૧૯૮૬ના રોજ સાંકરીના મંદિરનો ૧૫મો પાટોત્સવ ધામધૂમથી ઊજવ્યો. આ અવસરે તેઓએ ઉજળિયાતો, પટેલો, ભરવાડો, હળપતિઓ, હરિજનો વગેરે સૌને જમવાનું નોતરું આપ્યું. તેથી વ્યસનો છોડાવી મેવા-મીઠાઈ જમાડનારા સ્વામીશ્રી સૌને મન ભાવી ગયા.

એટલે જ એક હરિજન બાઈએ તો કોઈ હરિભક્ત દ્વારા પોતાની ગરીબાઈ સંબંધી પત્ર સ્વામીશ્રી પર મોકલી આપ્યો. તે વાંચી સ્વામીશ્રીએ તરત જ મંદિરના વ્યવસ્થાપક પ્રભુસ્વરૂપદાસ સ્વામીને સૂચના આપી કે 'આવા માણસોને નિયમિત રીતે અનાજ વગેરે આપણે આપવું.'

મદદ કરવામાં સ્વામીશ્રીને મન સૌ સમાન. પછી એ બાઈ હોય કે ભાઈ, હળપતિ હોય કે ધનપતિ. તેથી જ આ વખતના રોકાણ દરમ્યાન તેઓની મદદનો મેઘ ઝીલનારા સૌની આંખો સ્વામીશ્રીની વિદાય વેળાએ નીતરી રહી.

આવી જ ભાવવિભોર અવસ્થામાં તા. ૨૧-૯-૧૯૮૬ના રોજ સારંગપુરના દેવીપૂજકો અને હરિજનો મુકાઈ ગયા. આજે શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ હોવાથી સ્વામીશ્રીએ સૌનાં ભોજનપાત્ર દૂધપાક પીરસી છલકાવી દીધાં.

તેઓની આ કૃપાવર્ષામાં ગામના છેવાડે રહેતા હરિજન બંધુઓ પણ બાકાત ન રહ્યા. ભલે તેઓ મંદિરે નહોતા આવ્યા છતાં સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને સૂચના આપી કે 'દૂધપાકનો પ્રસાદ હરિજનવાસમાં પણ બધાને વહેંચજો. દેવીપૂજકોને પણ જમાડજો.'



'ભગવાનના ઘરે કોઈ ભેદભાવ નથી...' ભોજના હરિજનવાસમાં હરિજન બંધુઓને સંબોધતા સ્વામીશ્રી...

દલિતો પ્રત્યે આ સ્નેહ સાથે વિચરતા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૨-૩-૧૯૮૭ની સવારે રામોદડી ગામના નવનિર્મિત મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. ત્યારબાદ સ્વામીશ્રી ગામમાં આવેલા દેવીપૂજકોના વાઘરીવાસમાં જઈ પહોંચ્યા. અહીં વસતાં ૬૦ કુટુંબોને તેઓના હસ્તે વ્યસન છોડવાની અને કંઠી પહેરવાની હોંશ હતી. તેથી સ્વામીશ્રીના આગમનને સૌએ બૂંગિયો ઢોલ પીટી વધાવ્યું. આ સ્વાગતને સ્વીકારી નિંબતરુ નીચે બાંધેલા મંડપમાં બિરાજેલા સ્વામીશ્રીએ અમીવર્ષા કરતાં કહ્યું:

'ભગવાન તો સર્વના છે. તેમનાં દર્શન, ભજન કરવાનો અધિકાર સૌને છે જ. માટે વહેમ કાઢવા. ઘણી વાર આપણને થાય કે તાવ આવે એમાં પશુનો વધ ન કરીએ તો માતા કોપશે, પણ માતા કોપતી જ નથી. માતા પોતાનાં છોકરાંને મારે? એ તો દયાળુ છે. તે તો છોકરાંને મોટા કરે. માટે નિર્દોષને મારવાની જરૂર નથી. લોકમાં કહેવત છે કે 'દેવીપૂજક વૈષ્ણવ થાય નહીં.' પણ તમે એવો સત્સંગ કરજો કે આ કહેવત ખોટી પડે.'

આ આશીર્વાદ બાદ સ્વામીશ્રીએ સૌ પર જળ છાંટી દરેકને વર્તમાન ધરાવ્યાં. તે પછી તેઓ નાર તથા પેટલાદને લાભ આપતાં વિદ્યાનગર પહોંચ્યા.

અહીં ખ્યાતિપ્રાપ્ત ઍલિકોન કંપનીના માલિક શ્રી ભાનુભાઈના ઘેર લગ્નપ્રસંગ નિમિત્તે સત્કાર સમારંભ ગોઠવાયેલો. બંગલાનું વિશાળ પ્રાંગણ શ્રેષ્ઠીજનોથી ઊભરાતું હતું. સ્વામીશ્રી માટે ફૂલની સેરો અને નાડાછડીની કલાત્મક પિછવાઈથી શોભતું સુંદર સિંહાસન તૈયાર હતું. તે પર સ્વામીશ્રીએ સ્થાન ગ્રહણ કર્યું ત્યારે તેઓના મુખારવિંદ પર એ જ પ્રસન્નતા ઝળકી રહી જેવી આજની બપોરે રામોદડીના દેવીપૂજકોની વસાહતમાં ઝાડ નીચે બેઠેલા તેઓના ચહેરા પર હતી.

પોતાની આ સમતાના રંગે સૌને રંગતા સ્વામીશ્રી તા. ૬-૭-૧૯૮૭ની સવારે અમદાવાદના મેઘાણીનગરમાં આવેલી ગણપત સોસાયટીનાં દ્વારે પધાર્યા. હરિજન ભાઈઓની આ કૉલોનીમાં તેઓને આવકારવા શહેરના ઉપમેયર ગોપાલભાઈ સોલંકી, સાંસદ ડાહ્યાભાઈ પરમાર, પૂર્વ ધારાસભ્ય દેવજીભાઈ પરમાર સહિત ઘણા પ્રતિષ્ઠિતો હાજર હતા. તેઓનું સ્વાગત સ્વીકારી સ્વામીશ્રીએ

આશીર્વાદ આપતાં જણાવ્યું કે –

'ભગવાનને મન કોઈ ભેદ હોતા નથી, પરંતુ કેટલીક વિકૃતિને લીધે નાત-જાતના ભેદ ઊભા થયા. તેથી આપણો ધર્મ છિન્ન-ભિન્ન થઈ ગયો. પણ તમારામાં અને અમારામાં એક જ ભગવાન બિરાજમાન છે. દરેક માણસ પોતાના ધર્મને ન સમજ્યો હોય એટલે વિગ્રહના પ્રયત્નો કરે. પણ આ આંતરિક વિગ્રહ નીકળે તો દુનિયાની કોઈ તાકાત નથી જે આપણને કાંઈ કરી શકે. ઘરનો કુસંપ વધારે હેરાન કરે છે. માટે જ અંદરનું સંગઠન થાય એ જરૂરી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના સંતો-પરમહંસોને ઘણી મુશ્કેલી પડી છતાં તેમણે આ કાર્ય કર્યું છે. આપણે સૌ ભગવાનના બાળકો છીએ. એટલે કોણ સવર્ણ નથી?'

સ્વામીશ્રીની આ સાદી ભાષામાં પથરાયેલા વિચારોનો વૈભવ જોઈ સૌ પ્રભાવિત થઈ ગયા. આવકવેરાના એક અધિકારી શ્રી આત્મારામભાઈએ તો મંચ પર આવી સ્વાનુભવ કહી દીધો કે 'મારા જીવનમાં મને મારાં લગ્ન વખતે પણ જેટલો આનંદ થયો નહોતો, એનાથી વિશેષ આનંદ આજે થયો છે.'

આ આનંદથી સૌને તરબતર કરતાં સ્વામીશ્રી તા. ૧૦-૧૧-૧૯૮૭ની સવારે જ્યાં પધાર્યા તે વલ્લી ગામનો સત્સંગ માત્ર સાત જ વર્ષનો. છતાં અહીંના તળપદા પટેલો, હરિજનો, કોળી વગેરેએ દુષ્કાળના દિવસોમાં આશરે ૩૫૦ વીઘા જમીન ઘાસચારો વાવવા માટે સંસ્થાને સુપરત કરેલી.

ગરીબ મનુષ્યોની આ અમીરાત જોઈ સ્વામીશ્રીએ સૌને રૂડા આશીર્વાદ આપતાં કહ્યું: 'આ ગામની વસ્તી ભલે સામાન્ય છે, પણ સત્સંગ અને ધર્મની દૃષ્ટિએ આપ ઊંચા છો. આપે જમીન આપી એ નાની-સૂની વાત નથી.'

આ આશીર્વાદ બાદ ભૂમિદાતાઓનાં નામ એક પછી એક બોલાવા માંડ્યાં. તે ક્રમ મુજબ સૌ સ્વામીશ્રી પાસે આવવા લાગ્યા. તેમાં છેલ્લે બે નામ બોલાયાં – ભગાભાઈ અને રત્નાભાઈ. બંને હરિજન. બંનેએ એક-એક વીઘું જમીન ઘાસ વાવવા વર્ષ પેટે આપેલી, પરંતુ તેઓ હાજર ન હોવાથી સ્વામીશ્રી પાસે ન આવ્યા. તેથી સભા બાદ ઉદેસંગભાઈની ઓસરીએ જમવા બિરાજેલા સ્વામીશ્રીએ મોંમાં કોળિયો મૂકતાં પહેલાં ગુણનિધિદાસ સ્વામીને કહ્યું: 'છેલ્લાં બે નામ બોલાયાં એમને બોલાવો. આપણે એમને મળવું છે. તે પછી જમીશું.'

આમ કહી સ્વામીશ્રી એ બે હરિજન ભાઈઓની પ્રતીક્ષા કરવા લાગ્યા! પરંતુ તેઓ બહારગામ ગયાનાં ખબર મળ્યાં એટલે સ્વામીશ્રીએ ભોજન શરૂ કર્યું, તોય સૂચના આપી કે 'ચાર વાગ્યે એ બંને ભાઈઓને બોલાવજો. મારે એમને ખાસ મળવું છે.'

તે મુજબ સાંજે ચાર વાગ્યે એ હરિજન ભાઈઓ આવ્યા ત્યારે તેઓને પ્રેમપૂર્વક આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ તમે મોટું કામ કર્યું છે. શેઠિયાઓ લાખ રૂપિયા આપે અને તમે એક રૂપિયો આપો તોય સરખું પુણ્ય છે. ભગવાન ખૂબ લાભ આપશે.'

આટલું કહી સ્વામીશ્રી એ હરિજન બંધુઓની જમીન પર દૃષ્ટિ કરવા પણ પધાર્યા.

તેઓએ વરસાવેલાં આ સ્નેહજળથી એ ભાઈઓનાં જીવતરનાં ખેતરમાં સત્સંગની હરિયાળી ફેલાઈ ગઈ. તેઓ સદાચારમય જીવન જીવતા થઈ ગયા.

આ શૈલી સૌની બની રહે તે માટે સ્વામીશ્રીએ અડાસ ગામના હરિજનવાસમાં તો સંસ્થાના સહકારથી મંદિર પણ તૈયાર કરી આપ્યું. તેમાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરવા તા. ૩-૨-૧૯૮૮ની બપોરે તેઓ સ્વયં પધાર્યા.

આ જ રીતે સ્વામીશ્રી તા. ૩-૫-૧૯૯૦ની સાંજે ઝાંઝરકાના સવગુણનાથ મંદિરમાં પધાર્યા. હરિજન બંધુઓના આ તીર્થધામમાં મહંત શ્રી બળદેવદાસજીએ તેઓને વાણીનાં ફૂલડાંથી વધાવતાં કહ્યું: 'અમારે કાઠિયાવાડમાં કહેવત છે કે 'જીને દીઠે રે નેણ ઠરે, એ સંત ક્યાં મળે?' એવા સંતનાં આજે દર્શન થયાં એ અમારાં ભાગ્ય. તમે આ જે પગલું ભર્યું છે એ આવકારદાયક છે.'

આ પ્રસંગે સ્વામીશ્રીએ પણ હરિજન-સમુદાયને સંબોધતાં કહ્યું: 'ગમે તે જ્ઞાતિમાં જન્મ એથી કંઈ આત્મા નીચો થઈ જતો નથી. મોક્ષનો અધિકાર દરેકને છે.'

આવું જ એક ઉદાહરણરૂપ કદમ સ્વામીશ્રીએ તા. ૧૩-૫-૧૯૯૦ના રોજ માંડ્યું. આ દિવસે બોચાસણના મંદિરમાં યોજાયેલા દલિત મહાસંમેલનમાં ખેડા, પંચમહાલ તથા વડોદરા જિલ્લાનાં દોઢસો ગામોમાંથી આશરે ૧,૫૦૦ હરિજનબંધુઓ ઊમટી પડેલા. આ આયોજનમાં સંસ્થાએ પૂરા પાડેલા સહયોગને જોઈ વિશ્વ હિન્દુ પરિષદના પ્રાંત-ઉપાધ્યક્ષ શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રી તો બોલી ઊઠ્યા: 'જ્યાં સુધી પ્રમુખસ્વામી જેવા સંતો છે ત્યાં સુધી વીરતા, ધીરતા અને સુજનતાનો દુકાળ નહીં પડે. આજે સદ્‌ભાગ્ય છે કે સ્વામી રામદાસ, પ્રાણનાથ અને ચાણક્યનાં દર્શન એક પાવન ચરણોમાં થઈ રહ્યાં છે.'

આ અવસરે સ્વામીશ્રીએ પણ જણાવ્યું કે 'હિન્દુધર્મમાં ભેદભાવ પહેલેથી પાડેલો જ નથી. વિશ્વને કુટુંબ સમજીને એમણે આદેશો આપ્યા છે. જે ધર્મ હિંસાને પોષતો હોય એ

ધર્મ જ નથી. એનાથી શ્રેય નથી. પોતે સહન કરે છે એ જ સાચો ધર્મ છે. હિન્દુ ધર્મે ક્યારેય બળજબરી કરી નથી, પરાણે પરિવર્તન કર્યું નથી. માટે આપણા ધર્મની મહત્તા સમજવાની જરૂર છે.'

આ સદ્‌બોધ સાથે પૂર્ણ થયેલા પ્રથમ સત્ર બાદ સૌ હરિજનબંધુઓ મંદિરમાં જ મહાપ્રસાદ જમ્યા. તે પછી આરંભાયેલા દ્વિતીય સત્રમાં પણ હાજર રહેલા સ્વામીશ્રીએ અંતમાં સૌને વ્યક્તિગત દર્શનનો લાભ આપ્યો. હરિજન સમાજમાં યોજાયેલી ભજન સ્પર્ધામાં વિજેતા થયેલાં મંડળોને સંસ્થા વતી પારિતોષિકો એનાયત થયાં ત્યારે તો સ્વામીશ્રીની આ ઉદારતા અને સમાનતાનો પડઘો પ્રચંડપણે ગાજી ઊઠ્યો.

**'ગમે તે જ્ઞાતિમાં જન્મ થાય એથી કંઈ આત્મા નીચો થઈ જતો નથી. મોક્ષનો અધિકાર દરેકને છે.'**

**– પ્રમુખસ્વામી મહારાજ**

તેની વચ્ચે વિદાય થયેલા તેઓ તા. ૨૮-૧-૧૯૯૨ની સવારે સારંગપુરમાં અલ્પાહાર ગ્રહણ કર્યા બાદ ઉતારાના હૉલમાં બિરાજી સૌને મળી રહેલા. તે સમયે મંદિરમાં કામ કરનારા બે હરિજનબંધુ દૂર ઊભા રહી દર્શન કરતા હતા. તેઓ પર નજર પડતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આવો.'

'બાપજી! ઝાડુ વાળવાવાળા છીએ.' તે બંનેએ દૂરથી જ પગે લાગતાં કહ્યું.

પરંતુ અગ્નિ અને આકાશને ભેદ શાના? તેથી અગ્નિ જેવા પવિત્ર અને આકાશ જેવા અસંગી સ્વામીશ્રીએ, એ બે હરિજનોને પાસે બોલાવી આશીર્વાદ આપ્યા તથા કંઠી પહેરાવી.

આ કૃપાવર્ષાથી ઝૂમી ઊઠેલા એ હરિજનોને સ્વામીશ્રીએ હળવે રહીને બીડીનું વ્યસન છોડવા કહ્યું ત્યારે તેઓ બોલ્યા: 'અરે, મા-બાપ! હમણાં જ બધું બાળી દઈશું. આપે અમને આપની નજીકમાં રાખ્યા!'

હરિજનોને આ સામીપ્યનો અનુભવ કરાવતા સ્વામીશ્રીએ તા. ૧-૧૧-૧૯૯૧ના રોજ ભાદરામાં દેવીપૂજકોના દરેક કૂબે પધરામણી કરી. તે દરમ્યાન એક ભાઈની ઓળખ આપતાં સ્થાનિક કાર્યકરે કહ્યું: 'સીમમાં મોર અને સસલાં આણે જ ખાલી કર્યાં છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ એ દેવીપૂજકને શીખ આપી કે 'જો ભ'ઈ! આપણે એવું કરવું જ નહીં. રોટલા ખૂટે તે દિ' અમારા મંદિરમાં કોઠારી પાસે જજે, પણ મૂંગાં પશુને મારતો નહીં.'

આ રીતે એક દેવીપૂજકના જીવનમાં દૈવત પૂરનારા સ્વામીશ્રીના વરદ હસ્તે અત્રે તા. ૨૩-૧૧-૧૯૯૧ના રોજ નડિયાદના નવનિર્મિત અક્ષર-પુરુષોત્તમ છાત્રાલયનો ઉદ્‌ઘાટન-વિધિ યોજાયો હતો. આ પ્રસંગે ભૂમિદાનમાં વિશેષ સહયોગી શ્રી નરેન્દ્રભાઈ દેસાઈ, સ્થાનિક ઉદ્યોગપતિ શ્રી ઈન્દુભાઈ પટેલ વગેરેને સન્માનવામાં આવ્યા, પરંતુ આયોજકો દેવીપૂજક શ્રી જલુભાઈને ભૂલી ગયા ત્યારે આ બાબતે સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોનું ધ્યાન દોર્યું. અલબત્ત, આ વ્યક્તિએ જમીન તો વેચાણમાં જ આપેલી, છતાં 'સૌને સરખા જાણું...'ની રીત રાખનારા સ્વામીશ્રી કોઈને ન ભૂલતા.

તેથી જ તા. ૧૮-૨-૧૯૯૨ના રોજ અટલાદરામાં બિરાજતા તેઓ એક ફાળિયાબદ્ધ દેવીપૂજકને આશીર્વાદ આપીને તેઓની ઓળખ આપતાં બોલ્યા હતા: 'આ સોખડાનો મંગળ. યોગીબાપાના આશીર્વાદથી સત્સંગી થયો, બાકી ઊડતાં પંખી પાડતો હતો.'

આટલું કહી તેઓની આંખે હાથ ફેરવતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'હવે બરાબર દેખાય છે ને?'

તેઓની આ દરકાર જોનારા સૌને 'પ્રભુ નિજજનને હમેશ પાળે...'નું દર્શન સ્વામીશ્રીમાં બરાબર થઈ રહ્યું.

પોતાનું આ બિરુદ સાર્થક કરતા સ્વામીશ્રી તા. ૧૫-૧૨-૧૯૯૨ની સવારે ઈસણાવ પહોંચ્યા. અત્રે તેઓ સત્સંગીઓની ભક્તિથી તૈયાર થયેલા નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સભામાં પધાર્યા તે વખતે સમીપવર્તી પીપળાવ ગામના બે-ચાર દેવીપૂજકોએ કહ્યું: 'બાપા! અમારા વાસમાં દર વર્ષે એક પાડો વધેરાય છે. નાના-મોટા પ્રસંગોમાં બકરાં તો આઠ-દસ વધેરાય છે. જો આ સભા બાદ આપનાં પગલાં ત્યાં પડે તો ભૂમિ પવિત્ર થાય.'

આ કાર્યક્રમમાં સામેલ થવું સ્વામીશ્રી માટે હિતાવહ નહોતું, કારણ કે ગઈકાલની રાતથી જ તેઓના શરીરમાં ઉધરસે ઉપાડો લીધેલો. તેથી તેઓ ત્રણ વાગ્યા સુધી તો સૂઈ જ નહોતા શક્યા. છતાં તેઓ ઈસણાવમાં સભા અને ભોજનથી પરવારી બપોરે સવા વાગ્યે પીપળાવ પધાર્યા!

અહીં તેઓને ગાડીમાં જ બેસી રહેવા સંતોએ વિનંતી કરી, પરંતુ સ્વામીશ્રી નીચે ઊતર્યા અને દેવીપૂજકોના પુષ્પહાર સ્વીકાર્યા. તે પછી ઊભાં-ઊભાં જ આશીર્વાદ આપ્યા કે 'સંતો અહીં રોકાય છે. સૌ સભાનો લાભ લેજો. કોઈ પણ વ્યસન-દૂષણ હોય તો કાઢી નાંખજો ને બધા અમારા સગરામ જેવા ભક્ત થઈ જાવ.' એમ કહીને

સ્વામીશ્રીએ અદ્‌ભુત પ્રેરણાવચનો કહ્યાં.

સ્વામીશ્રીનાં આ આગમન અને આશીર્વાદથી દેવીપૂજકોની વસાહતમાં સત્સંગની સરવાણી ફૂટી નીકળતાં સૌના મેલ ધોવાયા અને પશુહિંસા પર પૂર્ણવિરામ મુકાયું. તે પાછળ વપરાતું ધન બચતાં સૌ સધ્ધર બન્યા. સત્સંગ થતાં મોક્ષભાગી પણ થયા.

આ રીતે દલિતોના સ્નેહી-સ્વજન થઈને તેઓનો સર્વાંગી ઉત્કર્ષ કરનારા હતા – પ્રમુખસ્વામી મહારાજ.

તેઓનું આ પ્રદાન નિહાળીને ઝાંઝરકાના મહંત પૂજ્ય બળદેવદાસજી મહારાજના એક અંતેવાસી શ્રી ત્રિભોવનદાસે તા. ૧૦-૨-૧૯૯૪ના રોજ સ્વામીશ્રીને કહેલુંઃ 'સ્વામીજી! આપે યુગનું પરિવર્તન કર્યું છે. આપ જેવા પુરુષ હવે ક્યારે થશે! આપમાં જેવી નિખાલસતા અને સરળભાવ છે એવો ક્યાંય ભાળ્યો નથી. હરિજનોમાં આવનાર આપ એક જ છો. આપે સૌને એવો પ્રેમ આપ્યો છે એટલે અમારા લોકો દોડીને આપની પાસે આવે છે.'

સંસ્કૃતિના શરીરને કોરી રહેલું અસ્પૃશ્યતાનું દૂષણ સ્વામીશ્રીએ કઈ હદ સુધી મિટાવેલું તેનું આ બયાન છે. ◆

---

**(અનુસંધાન પૃષ્ઠ ૨૧ પરથી)**

એ સાંભળી સભામાં સૌ આઘાપાછા થવા લાગ્યા.

મહારાજે તે જોયું. પછી તે છોકરાને કહ્યું: 'તું એમ કહે કે હું હરિજન નહીં, આત્મા છું.' તે છોકરો તો કાંઈ સમજ્યો નહીં પરંતુ મહારાજે કહ્યું એટલે તેણે પણ કહ્યું: 'મહારાજ! હું આત્મા છું.' મહારાજે તેની પાસે દસ વખત કહેવરાવ્યું કે હું આત્મા છું. પછી ફરી પૂછ્યું: 'તું કોણ છે?' ત્યારે તેણે કહ્યું : 'મહારાજ! હું તો હરિજન છું.' આ સાંભળી મહારાજ હસ્યા. સંતો-હરિભક્તો મહારાજની આ ચેષ્ટા જોઈ રહ્યા હતા. મહારાજે ફરી તેને કહ્યું: 'હવે તું બોલ કે હું આત્મા છું. એકી શ્વાસે થાકી જા ત્યાં સુધી બોલ.' તે છોકરો તે પ્રમાણે એકી શ્વાસે બોલવા લાગ્યો. તેની પાસે સો વખત બોલાવરાવ્યું કે હું આત્મા છું. તે જ્યારે અટક્યો ત્યારે મહારાજે ફરી પૂછ્યું: 'તું કોણ છું?' ત્યારે તેણે એ જ કહ્યું: 'મહારાજ! તમે કહો છો એટલે આત્મા છું, બાકી હરિજન છું.'

આ સાંભળી મહારાજે સભામાં સૌને કહ્યું: 'જુઓ, આ છોકરો અજ્ઞાનથી કેવો દેહ સાથે જડાઈ ગયો છે! દેહ પ્રત્યેની તેની આત્મબુદ્ધિ મટતી જ નથી. એવી રીતે તમને સૌને પણ જ્યાં સુધી સાધુપણું, કાઠીપણું, પાટીદારપણું મટશે નહીં ત્યાં સુધી તમે સૌ આ છોકરા જેવા જ છો. એ અજ્ઞાન ટળશે ત્યારે તમે સૌ આત્મા છો એમ તમને મનાશે અને એમ વર્તાશે પછી જાતિ, વર્ણથી તમે ઓળખાશો નહીં. તેમજ તેવાં બંધનો પણ તમને અજ્ઞાનમૂલક જણાશે. આત્માના ભાવમાં આવવાથી ઊંચનીચના ભેદ ટળી જશે, કર્મે કરીને આ ભેદ થયા છે તેવું મનાશે તેથી હંમેશાં દયા અને કરુણાના ભાવ માનવમાત્ર પ્રત્યે જણાશે પછી તે નીચ હોય કે ઊંચ!'[૩૦]

૩૦. હર્ષદરાય ત્રિ. દવે, 'ભગવાન શ્રી સ્વામિનારાયણ', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ, ૧૯૯૧, ભા. ૨, પૃ. ૨૫૯-૨૬૦.

છૂતાછૂત અને ઊંચનીચની રૂઢિઓ વચ્ચે ઘેરાયેલા સમાજ પર એમના આ ઉપદેશની કેવી અસર હતી! જૂનાગઢ રાજ્યના પંચાળાના રાજવી સોલંકી રાજપૂત ગરાસદાર ઝીણાભાઈ શૂદ્ર જાતિના ગણાતા ભક્ત કમળશીભાઈની જાતે સેવા કરે! એ કેવું અનોખું કહેવાય! આ એક નહીં, ઇતિહાસનાં એવાં અનેક પૃષ્ઠોમાં ભગવાન સ્વામિનારાયણનું એ દિવ્ય પ્રદાન ઝળહળે છે.

ધારો કે ભગવાન સ્વામિનારાયણ પ્રગટ ન થયા હોત તો? તો ૨૦૦ વર્ષથી વહેતી પછાત જ્ઞાતિઓના ઉત્કર્ષની ધારા કેવી રીતે પ્રવાહિત થાત? આજે બસ્સો બસ્સો વર્ષોના યુગપ્રવાહો પછીયે એની અસર જીવંત છે. ભગવાન સ્વામિનારાયણના કાર્યનો પ્રભાવ આજે વધુ ને વધુ તેજસ્વી બનીને પ્રકટતો રહ્યો છે. સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ ભગવાન સ્વામિનારાયણના પંચમ આધ્યાત્મિક વારસ તરીકે અને વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજ એ દિવ્ય પરંપરાનું વહન કરી રહ્યા છે.

હરિજનવાસ હોય, વાઘરીવાસ હોય કે આદિવાસીઓનાં ઝૂંપડાંઓ હોય, ઠેર ઠેર યુગપુરુષ પ્રમુખસ્વામી મહારાજનો ગુંજતો સ્વર ઇતિહાસમાં પડઘા પાડી રહ્યો છેઃ 'ભગવાનને ઘેર ઊંચ-નીચના ભેદ નથી. આ ભેદ તો માણસે ઊભા કરેલા છે.' એ ભેદ મિટાવવા માટે હરિજનવાસ, વાઘરીવાસ કે આદિવાસીઓનાં ઝૂંપડાંઓમાં તેઓ અનેક વખત ઘૂમી વળ્યા છે. વર્ષોથી ઘર કરી ગયેલી લઘુતાગ્રંથિ અને અન્ય અનેક દૂષણોને દૂર કરવા એમણે ઠેર ઠેર ધૂણી ધખાવી છે. એમના સંત-શિષ્યોને આ દલિતો વચ્ચે સતત વિચરતા રાખીને એ દલિતોના સર્વાંગી ઉત્કર્ષ માટે સતત ભગીરથ પુરુષાર્થ કર્યો છે અને કરી રહ્યા છે. ઇતિહાસનાં પાનાંઓ પર દૃષ્ટિ કરતાં લાગે છે કે ૨૦૦ વર્ષથી વહેતા ભગવાન સ્વામિનારાયણના એ દિવ્ય ઉપકાર-કાર્યને ઇતિહાસ ક્યારેય પૂરેપૂરું ભૂલવી શકે તેમ નથી. ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## તીર્થધામ અટલાદરામાં સત્સંગલાભ આપતા સ્વામીશ્રી

*તાજેતરમાં તા. ૨૯-૧૦-૨૦૨૧ થી તા. ૨-૧૨-૨૦૨૧ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સાક્ષાત્ સ્થાન ગોંડલ ખાતે બિરાજીને સૌને અક્ષરના રંગે રંગી દીધા હતા. સતત ૩૫ દિવસ સુધી સ્વામીશ્રીએ અધ્યાત્મનાં દિવ્ય આંદોલનો પ્રસરાવી સૌને અધ્યાત્મ-ઊર્જાથી ચેતનવંતા કર્યા હતા. અહીંથી વિદાય લઈને સ્વામીશ્રી તા. ૨-૧૨-૨૦૨૧ના રોજ અટલાદરા-વડોદરા પધાર્યા હતા. ગોંડલથી અટલાદરા પધારતા પૂર્વે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ રાજકોટ ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધાર્યા હતા. અહીં દર્શનાર્થે પધારેલા હરિભક્તો તેમજ સ્થાનિક સંતોને દર્શનલાભ આપી સ્વામીશ્રી રાજકોટથી હવાઈ માર્ગે મોડી સાંજે અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે અટલાદરા પધાર્યા ત્યારે સૌએ હરિ-ગુરુનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. હરિ-ગુરુના આગમન નિમિત્તે ઘણા સંતો-હરિભક્તોએ વિવિધ તપ-વ્રતરૂપી ભક્તિ વહાવી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય સ્થાન ચાણસદ ખાતે ઊજવાનાર પ્રમુખસ્વામી મહારાજના ૧૦૦મા જન્મજયંતી મહોત્સવના વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોમાં લાભ આપવા માટે અટલાદરા-વડોદરા પધારેલા ગુરુહરિનું સાંનિધ્ય પ્રાપ્ત કરવા માટે મધ્ય ગુજરાતના*

વિવિધ પ્રાંતોમાંથી મુમુક્ષુઓ ઊમટતા હતા. આ સૌ મુમુક્ષુઓ ઠાકોરજી તેમજ ગુરુહરિનાં સમીપ દર્શન-આશિષ પામી કૃતાર્થ થયા હતા. મંદિરની સામેના વિશાળ મેદાનમાં રચવામાં આવેલા 'યજ્ઞપુરુષ સભાગૃહ'માં સ્વામીશ્રીની પ્રાત:પૂજાનો દર્શનલાભ અને વિવિધ પ્રસંગોની સ્મૃતિઓ સૌ માટે સ્મરણીય બની રહી હતી. પૂજામાં સંગીતજ્ઞ સંતો-યુવકોએ ભક્તિપદોનું ગાન કરી વાતાવરણમાં અનેરી દિવ્યતા પ્રસરાવી દીધી હતી. પૂજા બાદ સ્વામીશ્રીના મુખેથી મંગલ પ્રભાતે કથામૃતનો રસાસ્વાદ માણતા સૌ બ્રહ્માનંદમાં ઓતપ્રોત બન્યા હતા. સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન અસંખ્ય સંતો-હરિભક્તોએ વિશેષ ભક્તિ, સેવા, વ્રત, તપ અને સમર્પણ દ્વારા ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. દૂર-સુદૂરથી પદયાત્રા કરીને પધારતા સૌ પદયાત્રીઓ પર સ્વામીશ્રીની અપાર પ્રસન્નતા વરસી હતી.

સાયંકાળે સભાગૃહમાં યોજાતી સત્સંગ સભાઓમાં આધ્યાત્મિક કાર્યક્રમોની સાથે સાથે વિદ્વાન સંતોનાં પ્રેરક પ્રવચનો અને સ્વામીશ્રીના આશીર્વાદ પામી અસંખ્ય ભક્તજનો ધન્યભાગી બન્યા હતા. કોરોના મહામારીને કારણે કોવિડ-નિયમોને લક્ષ્યમાં રાખી સંતોએ કરેલાં આયોજન મુજબ જુદા જુદા દિવસોએ અટલાદરા મંદિરના નેજા હેઠળ કાર્યરત વિભિન્ન સત્સંગકેન્દ્રોના હરિભક્તોએ અને મહાનુભાવોએ સ્વામીશ્રીનાં સમીપદર્શન અને આશીર્વાદ મેળવ્યાં હતાં.

અટલાદરા ખાતેના નિવાસ દરમ્યાન તા. ૩-૧૨-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ અટલાદરા ખાતે નવનિર્મિત 'યજ્ઞપુરુષ સંત આશ્રમ'નું વિધિવત્ ઉદ્ઘાટન કર્યું હતું. ત્યારબાદ ખંડોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ કરાવી સ્વામીશ્રીએ પ્રાસાદિક પુષ્પો છાંટ્યાં હતાં.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૧૦૦મા જન્મોત્સવના ઉપક્રમે તા. ૭ થી ૧૧ ડિસેમ્બર ૨૦૨૧ દરમ્યાન યોજાયેલા 'પ્રમુખપર્વ' અંતર્ગત ચાણસદ અને અટલાદરા ખાતેના ભક્તિભર્યા કાર્યક્રમોમાં સ્વામીશ્રીએ દિવ્ય આધ્યાત્મિક લાભ આપ્યો હતો. આ જન્મોત્સવમાં કોઈ વિઘ્ન આવે નહીં, અટલાદરા-ચાણસદમાં પડતો વરસાદ બંધ થાય અને જન્મોત્સવ સારામાં સારી રીતે ઊજવાય તે માટે સ્વામીશ્રીએ ગોંડલથી જ માળાજાપ-પ્રાર્થના આરંભ્યાં હતાં. આ પ્રાર્થનાના પ્રતાપે અને તેઓશ્રીના આશીર્વાદથી 'પ્રમુખપર્વ'ના તમામ કાર્યક્રમો નિર્વિઘ્ને સંપન્ન થયા હતા. પર્વના અંતિમ દિને પ્રમુખસ્વામી મહારાજનો ૧૦૦મો જન્મોત્સવ વર્ચ્યુઅલના માધ્યમથી શાનદાર રીતે ઊજવાયો હતો.

તાજેતરમાં આફ્રિકા ખંડના ૧૬ દેશોનાં બી.એ.પી.એસ. સત્સંગકેન્દ્રો દ્વારા સત્સંગદીક્ષા મુખપાઠ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિજેતા થયેલા સ્પર્ધકોનો અભિવાદન સમારોહ તા. ૧૭-૧૨-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીની નિશ્રામાં ઓનલાઇન યોજાયો હતો. વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી યોજાયેલા 'સત્સંગદીક્ષા સ્પર્ધક અભિવાદન સમારોહ'માં સ્પર્ધકોએ સ્વામીશ્રી સમક્ષ મુખપાઠ રજૂ કરી ગુરુહરિના અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આજના સમારોહમાં સ્વામીશ્રીએ વિજેતા થયેલા સ્પર્ધકોને અપાનારાં પારિતોષિક પુષ્પ છાંટી પ્રસાદીભૂત કર્યાં હતાં. વિજેતા સ્પર્ધકોના ફોટા પર અને સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોની નામાવલિ પર પ્રેમપૂર્વક હાથ પસારી સ્વામીશ્રીએ ખૂબ રાજીપો વરસાવ્યો હતો, અંતરના આશિષ પાઠવ્યા હતા.

તા. ૧૬-૧૨-૨૦૨૧ થી તા. ૧૪-૧-૨૦૨૨ દરમ્યાન ધનુર્માસ નિમિત્તે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બ્રહ્મવિદ્યાના પાઠો આપી સૌને અધ્યાત્મવિદ્યા શીખવી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવવાનું પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને કેટલું તાન છે! કેટલો ઉમળકો છે! તેનાં દર્શન આ બ્રહ્મવિદ્યાના પાઠોમાં સૌને થયાં હતાં. સ્વામીશ્રીએ આપેલા આ પ્રત્યેક પાઠમાં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેની તેમની અનન્ય ગુરુભક્તિ છલકતી હતી.

અટલાદરા ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું રોકાણ ફક્ત એક માસ પૂરતું જ નિર્ધારિત હતું. પરંતુ, કોરોનાની વર્તમાન પરિસ્થિતિને કારણે હાલ અટલાદરા ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે સ્વામીશ્રીનું રોકાણ લંબાયું છે. સ્વામીશ્રીના સ્વાસ્થ્યને કેન્દ્રમાં રાખી હાલમાં પ્રાત:પૂજાથી લઈને તેમના સાંનિધ્યમાં યોજાતા

*તમામ જાહેર સત્સંગ કાર્યક્રમો સ્થગિત કરવામાં આવ્યા છે.*

*દિન-પ્રતિદિન વધી વધી રહેલા કોરોના મહામારીના ઉપદ્રવના કારણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી, તા. ૭-૧-૨૦૨૨થી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સૌના સુસ્વાસ્થ્યની કાળજી લેતાં અગમચેતીનાં પગલાં રૂપે લેવાયેલા નિર્ણય મુજબ અત્યારે તમામ સત્સંગ સભાઓ, પારિવારિક શાંતિ અભિયાન, સંસ્થા દ્વારા યોજાતા નાના-મોટા ઉત્સવ-સમૈયા, મંદિરોના પાટોત્સવ, સંત-વિચરણ, નૂતન મંદિરનાં ઉદ્‌ઘાટન-ખાતમુહૂર્તના પ્રસંગો વગેરે જેવા આધ્યાત્મિક કાર્યક્રમો સ્થગિત કરવામાં આવ્યા છે. હવેથી, બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાતી સત્સંગ સભાઓનો લાભ સૌ હરિભક્તો ઘરે બેઠાં લઈ શકે તે માટે જીટીપીએલ કથાચેનલ, sabha.baps.org અને live.baps.org પરથી તે સભાઓ ઓનલાઇન પ્રસારિત થઈ રહી છે.*

## દેશ-પરદેશમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા કરતા સ્વામીશ્રી...




ભારતીય સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ એટલે મંદિર. ભગવાન પ્રત્યેની આસ્થાનું કેન્દ્ર એટલે મંદિર. મનને શાંતિ પમાડનારું પરમ ધામ એટલે મંદિર. ચારિત્ર્યનું નિર્માણ કરનારી પાઠશાળા એટલે મંદિર.

આધુનિક યુગમાં સાચું દિશા-દર્શન કરાવતાં દેશ-પરદેશમાં ૧૧૦૦ જેટલાં બી.એ.પી.એસ. મંદિરોનું સર્જન કરી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આધ્યાત્મિક જગતમાં એક નૂતન ક્રાંતિ આણી છે. તેમણે નિર્માણ કરેલાં આ મંદિરોએ અસંખ્ય વ્યક્તિઓને સાચી દિશા ચીંધી છે. બી.એ.પી.એસ.નાં આ મંદિરોમાં યોજાતી અઠવાડિક સત્સંગ સભાઓથી આબાલ-વૃદ્ધ સૌ કોઈનું જીવન નવતર બન્યું છે. અહીં સૌ ભગવાનને ભેટ્યાનો આનંદ અનુભવે છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી દેશ-પરદેશમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો નિર્માણ પામી રહ્યાં છે. તાજેતરમાં નવેમ્બર અને ડિસેમ્બર, ૨૦૨૧ દરમ્યાન ગોંડલ અને અટલાદરા ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે દેશ-પરદેશમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી

આધ્યાત્મિકતાનાં દ્વાર ઉઘાડ્યાં હતાં. સાથે સાથે નૂતન નિર્માણ પામનાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોની ખાતમુહૂર્તની ઇષ્ટિકાઓનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન પણ કર્યું હતું. દેશ-પરદેશનાં સત્સંગ કેન્દ્રોની મૂર્તિપ્રતિષ્ઠાના પ્રસંગોએ ઉપસ્થિત રહેલા હરિભક્તોને સ્વામીશ્રીએ નિત્ય મંદિરમાં દર્શન, કથાવાર્તા, સત્સંગ-ભક્તિ કરવા પ્રેરણાવચનો કહ્યાં હતાં.



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રાણ-પ્રતિષ્ઠા કરેલી મૂર્તિઓ જ્યાં વિરાજમાન થવાની છે તે દેશ-પરદેશના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો અને નૂતન નિર્માણ પામનાર મંદિરોની નામાવલિ અહીં પ્રસ્તુત છેઃ

### મૂર્તિપ્રતિષ્ઠા (ગોંડલ ખાતે):

માળિયા (હાટીના), માણાવદર, પ્રાર્થના સંસ્કારધામ (મહેસાણા), અક્ષરધામ સંસ્કારધામ (મહેસાણા), લીરા (યુગાન્ડા), ભાણવડ સંસ્કારધામ, ગોરાણા (પુનઃ પ્રતિષ્ઠા), વરણા (ભાદરા), જાયવા (ભાદરા), પ્રમુખવાટિકા (રાજકોટ), તિરુપતિપાર્ક (રાજકોટ), સોરઠીયાવાડી (રાજકોટ), શ્રદ્ધાપાર્ક (રાજકોટ), બાંદરા (ગોંડલ), હરિપર (ગોંડલ), પીપળિયા (પોશીના), હિંગટિયા (પોશીના), ચિત્રોડી (પોશીના), ગાયત્રીનગર, નૂતન ગુરુકુળ (ગોંડલ), મધુરમ્ સંસ્કારધામ (જૂનાગઢ).

### ઇષ્ટિકાઓનું પૂજન (ગોંડલ ખાતે):

કેનબેરા (ઓસ્ટ્રેલિયા), દાર-એ-સલામ (ટાન્ઝાનિયા), ઉરણ મોરા, ધુવારણ, કલમસર, વાલવોડ, ગોરવા, ગાજણા, સુમુખ (મહેસાણા), શ્રીહરિપાર્ક (રાજકોટ), પ્રમુખરાજ (રાજકોટ), ચંદનપાર્ક (રાજકોટ), વાનાવડ, જામખંભાળીયા, બેરાજા, ખાખરડા (સંત આશ્રમ), મોટા દડવા (ગોંડલ), ભોજરાજપરા (ગોંડલ), ખોડિયારનગર (ગોંડલ), મોહનપાર્ક (ગોંડલ), સંત કાર્યાલય (ગોંડલ), સંતોકપુરા, કસુંબાડ અને રાવપુરા (ઝારોલા).

### મૂર્તિપ્રતિષ્ઠા (અટલાદરા ખાતે):

મહેળાવ ઝોનના ઈસરામા, દેવાતજ; બોડેલી ઝોનના કથોલા, ખજુરીયા, પ્રતાપનગર, છોટાઉદેપુર, બહાદરપુરા, લીંગસ્થળી, કાશીપુરા, લુણાદ્રા વસાહત અને અંબાલી; અન્ય ક્ષેત્રોના વાઘોડિયા, અંટોલી, ઈટોલા, પીપળિયા, શ્રદ્ધાપાર્ક સોસાયટી-રાજકોટ (ઘનશ્યામ મહારાજ), રાજુપુરા (ચિત્રપ્રતિમા), ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયા અને ક્વીન્સલેન્ડ.

### ઇષ્ટિકાઓનું પૂજન (અટલાદરા ખાતે):

કુંડળ (બોડેલી), ગોધરા (ઉતારા-ભવન), હાલોલ (સભામંડપ), બંટી ફળિયા (જંબુસર) અને અંબામાતા-વેરાઈમાતા (અટલાદરા)ના મંદિરની ખાતમુહૂર્તની શિલાઓનું સ્વામીશ્રીએ વેદોક્ત પૂજન કર્યું હતું. ◆

## અભિનંદન

**બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી યુવકોને અભિનંદન...**

### પ્રેરકભાઈ હીરેનભાઈ કોન્ટ્રાક્ટર, નડિયાદ (JEE ADVANCE પરીક્ષામાં ૩૫મા ક્રમે ઉત્તીર્ણ...)



નડિયાદ યુવકમંડળના સંનિષ્ઠ સભ્ય શ્રી પ્રેરકભાઈ કોન્ટ્રાક્ટરે તાજેતરમાં ધોરણ-૧૨ પછી ઉચ્ચ અભ્યાસ માટે લેવાતી JEE ADVANCE પરીક્ષામાં સમગ્ર ભારતમાંથી ૧,૪૨,૦૦૦ વિદ્યાર્થીઓમાં ૩૫મો ક્રમાંક પ્રાપ્ત કરી જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. અભ્યાસ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરીને શ્રી પ્રેરકભાઈએ બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધાર્યું છે. તેઓશ્રીને ખૂબ ખૂબ અભિનંદન.

### શ્રી સમીરકુમાર નવનીતભાઈ પારેખ, નવસારી, પીએચ.ડી. થયા...



નવસારી શહેરના બી.એ.પી.એસ. યુવા સત્સંગ મંડળના નિર્દેશક શ્રી સમીરકુમાર નવનીતભાઈ પારેખ "Literary Representation of Social Change: Shashi Deshpande and Shobha De" વિષય પર સાબરમતી યુનિવર્સિટીમાં પીએચ.ડી. થયા છે. પરમ પૂજ્ય ગુરુહરિ મંહત સ્વામી મહારાજે તેમને વધુ પ્રગતિ માટે રૂડા આશીર્વાદ પાઠવ્યા છે. તેઓને હાર્દિક અભિનંદન.




# ગોંડલ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર અને ગુરુકુળનાં નૂતન ભવનોનું ઉદ્‌ઘાટન કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ

વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલા માનવસેવાઓના વિરાટ ફલક પર શૈક્ષણિક ક્ષેત્રે તેઓનું પ્રદાન આગવું છે. પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સંચાલિત અનેકવિધ શૈક્ષણિક સેવાકાર્યો હજારો વિદ્યાર્થીઓના ભવિષ્યને ઊર્જાવાન બનાવી રહ્યાં છે. સન ૧૯૬૭માં ગોંડલ ખાતે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે શરૂ કરેલા બી.એ.પી.એસ. ગુરુકુળે એક અદ્વિતીય વિદ્યાર્થી-સંકુલ તરીકે સમગ્ર સૌરાષ્ટ્ર પંથકમાં આગવી નામના મેળવી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ ગુરુકુળમાં છાત્રાલયની સાથે સાથે સમયાંતરે નૂતન શાળાઓ વિકસાવીને તેને શિક્ષણતીર્થ તરીકે મહોરાવ્યું છે. અદ્યતન સુવિધાઓની સાથે સંસ્કારયુક્ત શિક્ષણની વિભાવના આ ગુરુકુળમાં મૂર્તિમંત થઈ છે. છેલ્લાં પચાસ વર્ષથી કાર્યરત આ ગુરુકુળે આજ સુધીમાં હજારો ચારિત્ર્યવાન, ગુણિયલ, સેવાભાવી અને સુશિક્ષિત યુવાનો તૈયાર કરી સમાજના ચરણે સમર્પિત કર્યા છે.

પ્રતિવર્ષે વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યાને કેન્દ્રમાં રાખી ગુરુકુળનો સતત વિકાસ થતો રહ્યો છે. વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા કરતાં સમયે સમયે પ્રમુખસ્વામી મહારાજે તેમાં રસ લઈ તેના સર્વાંગી વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના માર્ગદર્શનથી અક્ષરમંદિરની પાર્શ્વભૂમાં ગોંડલી નદીના તટ પર, વિશાળ ભૂમિ પર આ વિદ્યામંદિર અને ગુરુકુળનાં નૂતન શિક્ષણ-ભવનો નિર્માણ પામ્યાં છે.

આ નૂતન નિર્માણ પામેલાં શિક્ષણ-ભવનોનું વિધિવત્ ઉદ્‌ઘાટન તા. ૨૭-૧૧-૨૦૨૧ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, વડીલ સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં થયું હતું. સાયંકાળે અક્ષરપુરુષોત્તમ મહારાજની સાથે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ શિક્ષણ-ભવનોના ઉદ્‌ઘાટન પ્રસંગે વિદ્યામંદિરના પ્રાંગણમાં પધાર્યા ત્યારે વિદ્યાર્થીઓએ પુષ્પવર્ષા અને બેંડવાદનથી હરિ-ગુરુનું અભિવાદન કર્યું હતું. છાત્રોનું અભિવાદન ઝીલી સ્વામીશ્રીએ પ્રથમ ઠાકોરજીનું પૂજન કર્યું અને ત્યારબાદ નાડાછડી છોડીને 'બી.એ.પી.એસ. સ્વામિ-






નારાયણ વિદ્યામંદિર'નું વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારપછી સ્વામીશ્રીએ ફુગ્ગાઓ ગગનગામી કરી વિદ્યામંદિરને ખૂલ્લું મૂક્યું ત્યારે સૌએ જયનાદોથી આ ક્ષણને વધાવી હતી. ત્યારબાદ સ્વામીશ્રી વિદ્યાર્થીઓને સમીપદર્શન આપતાં 'સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી ગુરુકુળ' સમક્ષ પધાર્યા. અહીં પણ અક્ષરપુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ કરાવતાં સ્વામીશ્રીએ નાડાછડી છોડી ગુરુકુળનું વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું હતું. બંને સ્થળોએ સ્વામીશ્રી વતી વિવેકસાગરદાસ સ્વામીએ બારસાખનું પૂજન કરી શ્રીફળ વધેર્યું હતું.

આ અવસરે સ્વામીશ્રીએ વિદ્યામંદિરના વર્ગખંડ અને ગુરુકુળના કક્ષોની સઘળી વ્યવસ્થા રસપૂર્વક અને ઝીણવટથી નિહાળી રાજીપો વરસાવ્યો હતો. શિક્ષણની સાથે સાથે સંસ્કારોનું સિંચન કરતા વિદ્યામંદિરના ગુરુજનો, ગુરુકુળના સંચાલક સંતોને ગુરુકુળનું સારું પરિણામ આવે તેવા શુભાશિષ અર્પ્યા હતા. સાથે વિદ્યાર્થીઓને તેમની ઉજ્જ્વળ કારકિર્દી માટે આશિષ અર્પી સ્વામીશ્રીએ અમાપ વહાલ વરસાવતાં સમીપદર્શનનો લાભ આપ્યો હતો.

ગોંડલમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ઉદ્‌ઘાટિત થયેલાં આ શિક્ષણ-ભવનોમાં અભ્યાસ કરી અસંખ્ય વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે નૈતિકતાના પાઠો શીખી પોતાના જીવનને પ્રકાશિત કરશે, માતા-પિતાનું નામ રોશન કરશે.

આ શિક્ષણ-સંકુલ વિદ્યાર્થીઓનાં શિક્ષણ, સંસ્કાર અને વ્યક્તિત્વ વિકાસની ત્રિવેણીનું અનેરું પ્રદાન કરનારું બની રહ્યું છે. આધુનિક યુવાજગતનાં દૂષણોથી મુક્ત રહી અહીં વિદ્યાર્થીઓ ઉચ્ચ નૈતિક સંસ્કારોથી વિભૂષિત બને છે. સવાર-સાંજ થતી પ્રાર્થનાસભાઓ અને ગોષ્ઠિઓ દ્વારા વિદ્યાર્થીઓ ઉચ્ચ જીવનના પાઠો શીખે છે. સાથે સાથે સંતોનું વાત્સલ્ય, હૂંફ અને માર્ગદર્શન વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવે છે. વિદ્યાર્થીઓ પણ આ ગુરુકુળમાં રહી, અભ્યાસ કરી વિશેષ ગૌરવ અનુભવે છે.

આજે સવારે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગુરુકુળમાં સ્થાપિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. આ મૂર્તિઓ ગુરુકુળમાં વિરાજીને સદાયને માટે વિદ્યાર્થીઓ પર આશીર્વર્ષા વરસાવતી રહેશે. ◆





# નડિયાદ તાલુકાના પીપલગ ગામ ખાતે યોજાયો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ






ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના પ્રખ્યાત પીપલગ ગામ ખાતે વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રખર પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે તા. ૨૮-૩-૧૯૪૬ના રોજ અહીં સ્વામિનારાયણ ભગવાનની ચિત્રપ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. તેઓના આશીર્વાદથી સત્સંગની સતત અભિવૃદ્ધિ થતી રહી. ગુરુવર્યો અને સંતોનું વિચરણ યોજાતું રહ્યું ને સૌની નિષ્ઠાને વિશેષ પોષણ પણ મળતું રહ્યું. સન ૧૯૭૩માં પ્રમુખસ્વામી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની ચિત્રપ્રતિમાની પ્રતિષ્ઠાવિધિ કરી હતી. હરિભક્તોની ભક્તિને પોષણ આપતું આ મંદિર સમયના વહેણમાં જર્જરિત થતાં તેનો જીર્ણોદ્ધાર કરવાનું અનિવાર્ય જણાયું. પૂજ્ય મહંત સ્વામી મહારાજે બોચાસણમાં તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ ઈષ્ટિકાનું પૂજન કરીને મંદિર નિર્માણનો ખાતવિધિ કર્યો હતો. અહીં વિચરણ કરતા ધર્મનિલયદાસ સ્વામી અને શ્રીજીદર્શનદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ નિર્માણકાર્ય શરૂ થયું. બાળ-યુવા-યુવતી, પુરુષ-મહિલાઓની સેવાથી મંદિર નિર્માણ થયું અને પ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૭-૧૧-૨૦૨૧ના રોજ મહિલાપાંખ દ્વારા મહિલાદિન યોજાયો, જેમાં ૯૦૦ મહિલા ભક્તોએ ભક્તિસભર કાર્યક્રમને માણ્યો હતો. બીજા દિવસે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો, તેમાં ૫૦૦ યજમાનોએ યજ્ઞનારાયણને હુત દ્રવ્યો અર્પણ કરી મંગલ પ્રાર્થનાઓ કરી હતી. ઢળતી બપોરે કલાત્મક રથોમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભક્તિસભર નગરયાત્રા યોજાઈ હતી. સંધ્યાસભામાં સંગીતજ્ઞ શ્રી જયદીપભાઈ સ્વાદિયા અને સંતો-યુવકોના સુમધુર કંઠે કીર્તનભક્તિનો લાભ ગામજનોએ પ્રાપ્ત કર્યો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે નેનપુરમાં તા. ૯-૭-૨૦૨૧ના રોજ પ્રતિષ્ઠા કરેલ મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૯-૧૧-૨૦૨૧ના રોજ સવારે પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી, નિખિલેશદાસ સ્વામી, ભક્તવત્સલદાસ સ્વામી, ભગવત્ચરણદાસ સ્વામી, વેદજ્ઞદાસ સ્વામી તથા અન્ય સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલા સમારોહમાં સંતોએ પ્રેરણાવચનો પાઠવીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. મંદિર નિર્માણમાં વિશેષ સેવા આપનાર શ્રી સુરેશભાઈ રાવજીભાઈ પટેલ, કમલેશભાઈ છોટાભાઈ પટેલ, કિરીટભાઈ નાથાભાઈ પટેલ, ઘનશ્યામભાઈ રમણભાઈ પટેલ(ભૂમિદાતા), સંજયભાઈ ગોરધનભાઈ પટેલ, ઘનશ્યામભાઈ હસમુખભાઈ પટેલ, નિમેષભાઈ રમણભાઈ પટેલ તથા બળવંતભાઈ હસમુખભાઈ પટેલ વગેરે ભક્તોને સંતોએ સત્કાર્યા હતા.

આમ, સૌના ભક્તિમય પુરુષાર્થથી મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ધામધૂમપૂર્વક સંપન્ન થયો હતો. ◆

# તત્ત્વજ્ઞાન ક્ષેત્રે ભારત સરકાર સંચાલિત સંસ્થા ઈન્ડિયન કાઉન્સિલ ફોર ફિલોસોફીકલ રીસર્ચ દ્વારા પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને સર્વોચ્ચ 'લાઈફ ટાઈમ અચિવમેન્ટ' એવોર્ડ

તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ દિલ્હીમાં Indian Council of Philosophical Research (ICPR) (Ministry of Education, Government of India) દ્વારા મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને દેશભરના મૂર્ધન્ય વિદ્વાનો તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'લાઈફ ટાઇમ એચીવમેન્ટ' ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનને અનુસરીને ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભગવદ્ગીતા પર રચેલાં ભાષ્યો તેમજ વાદગ્રંથ દ્વારા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં અમૂલ્ય પ્રદાન કર્યું છે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં શતાબ્દીઓ પછી એવી ઘટના બની છે કે કોઈ એક જ ભાષ્યકાર દ્વારા સંપૂર્ણ પ્રસ્થાનત્રયી પર ભાષ્યો ઉપરાંત વાદગ્રંથનું પણ નિર્માણ થયું હોય. આ ઉપરાંત પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી દેશ-વિદેશનાં અનેક વિશ્વવિદ્યાલયો, શોધ-સંસ્થાનો તથા શૈક્ષણિક સંકુલોમાં જઈને વિદ્વાનો સાથે વૈદિક દર્શનો અંગે વિમર્શ કરી તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં નૂતન યોગદાન આપ્યું છે. આ બાબતોને ધ્યાનમાં લઈને ભારતીય શિક્ષામંત્રાલય દ્વારા પ્રવૃત્ત ICPR સંસ્થાએ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રનું સર્વોચ્ચ સન્માન મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને અર્પણ કર્યું હતું.

ICPR દ્વારા આયોજિત 'Various Dimensions of the Aksharpurushottam Darshan' વિષયક ત્રિદિવસીય પરિસંવાદના પૂર્ણાહુતિ અવસરે આ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પ્રસિદ્ધ નેતા, લેખક અને વિચારક ડૉ. શ્રી રામ માધવ (પૂર્વ રાષ્ટ્રીય સચિવ, ભાજપ) ઉપસ્થિત હતા. આ ઉપરાંત પ્રો. આર. સી. સિન્હા (ચૅરપર્સન, ICPR), પ્રો. જટાશંકર તિવારી (અધ્યક્ષ, અખિલ ભારતીય દર્શન પરિષદ), પદ્મશ્રી ચમુકૃષ્ણ શાસ્ત્રી (સહસંસ્થાપક, સંસ્કૃતભારતી તથા અધ્યક્ષ, પ્રાંતીય ભાષા સંરક્ષણ સમિતિ), શ્રી મુરલીધર






ICPR આયોજિત સમારોહના મંચ પર ભારતના પ્રસિદ્ધ દાર્શનિક વિદ્વાનો સાથે ભદ્રેશદાસ સ્વામી અને શ્રુતિપ્રકાશદાસ સ્વામી

શર્મા (કુલપતિ, તિરુપતિ સ્થિત રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય), પ્રો. સચ્ચિદાનંદ મિશ્રા (ICPRના સભ્ય સેક્રેટરી), પ્રો. શ્રીરામકિશોર ત્રિપાઠી (કાશીના પ્રખર વેદાંતી) સહિત ભારતભરનાં દસથી વધારે વિશ્વવિદ્યાલયોના મૂર્ધન્ય વિદ્વાનો તેમજ બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન ષડ્દર્શનાચાર્ય પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કવિકુલગુરુ કાલિદાસ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી શ્રીનિવાસ વરખેડીજીએ વીડિયો સંદેશ દ્વારા ભદ્રેશદાસ સ્વામીને અભિનંદન પાઠવ્યાં હતાં.

આ અવસરે ઉપસ્થિત વિવિધ વિદ્વાનોએ અક્ષર-પુરુષોત્તમ દર્શનની શાસ્ત્રીય પ્રમાણભૂતતા વિશે તથા મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીની વિદ્વત્તા વિશે તેમજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં કાર્યો અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્યતા વિશે પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

આ સમારોહમાં ખાસ ઉપસ્થિત રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, તિરુપતિના કુલપતિ શ્રી મુરલીધર શર્માએ ICPRને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું, 'હું ભારતીય દાર્શનિક અનુસંધાન પરિષદને અભિનંદન આપું છું કે તેમણે લાઈફટાઈમ એચીવમેન્ટ ઍવોર્ડ માટે યોગ્ય વિદ્વાનની પસંદગી કરી છે.' પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી દ્વારા લિખિત પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્ય વિષે પોતાનો અભિપ્રાય આપતાં તેમણે કહ્યું હતું, 'આટલી સરળ અને શાસ્ત્રીય ભાષામાં પ્રસ્થાનત્રયી પરના ભાષ્યની રચના સામાન્ય વાત નથી. આ ભાષ્યમાં કોઈનું ખંડન નથી. પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી એક અભિનવ ભાષ્યકાર છે.' અક્ષરપુરુષોત્તમ દર્શનની વૈદિકતા વિશે વાત કરતાં તેમણે કહ્યું હતું, 'અમારા આમંત્રણથી પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ તિરુપતિમાં દક્ષિણના મૂર્ધન્ય ૩૫ થી વધુ વિદ્વાનો સાથે દિવસો સુધી ચર્ચા કરી હતી, જેની ફળશ્રુતિરૂપે બધા વિદ્વાનોએ એકસૂત્રતાથી સ્વીકાર્યું હતું કે અક્ષરપુરુષોત્તમ દર્શન એક સંપૂર્ણ વૈદિક અભિનવ દર્શન છે.'


આ પ્રસંગે કવિકુલગુરુ કાલિદાસ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રૉ. શ્રી શ્રીનિવાસ વરખેડીજીએ વીડિયો સંદેશ દ્વારા પોતાનો અભિપ્રાય પ્રદર્શિત કરતાં જણાવ્યું, 'આ એક વિદ્વાનનું, એક ભાષ્યકારનું સન્માન છે. પ્રસ્થાનત્રયી પરના સ્વામિનારાયણ ભાષ્યના નિર્માણથી પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ અક્ષરપુરુષોત્તમ દર્શનને એક શાસ્ત્રીય પરિભાષાની વ્યવસ્થામાં વિદ્વાનો સમક્ષ રજૂ કર્યું છે. આજે લાઈફટાઈમ એચીવમેન્ટ ઍવોર્ડ દ્વારા તે દર્શનને રાષ્ટ્રીય સમર્થન મળ્યું છે.'

અખિલ ભારતીય દર્શન પરિષદના અધ્યક્ષ પ્રૉ. જટાશંકર તિવારીજીએ આજના સમારોહની મહત્તા દર્શાવતાં જણાવ્યું હતું, 'શતાબ્દીઓમાં એક એવા મહાપુરુષ પ્રગટ થાય છે જે પ્રસ્થાનત્રયી પર ભાષ્ય રચે. તે મહાપુરુષોની પરંપરામાં પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ નવી કડી જોડી દીધી છે. જ્યારે એક ભાષ્યના એક અંશના અભ્યાસમાં આખું જીવન વીતી જાય ત્યારે પ્રસ્થાનત્રયી પરના ભાષ્યની રચનામાં તેમને કેટલો શ્રમ પડ્યો હશે એ અકલ્પનીય છે.' અક્ષરપુરુષોત્તમ દર્શનની આગવી ઓળખનો સ્વીકાર કરતાં તેમણે કહ્યું, 'ત્રણ દિવસની ચર્ચા પછી પ્રતીત થાય છે કે આ ભાષ્યમાં જે અક્ષરપુરુષોત્તમ દર્શનની વાત કરી છે તે દર્શન વિદ્વાનો દ્વારા આદર પામવા

યોગ્ય છે.'

સંસ્કૃતભારતી સંસ્થાના સહસંસ્થાપક તેમજ પ્રાંતીય ભાષા સંરક્ષણ સમિતિના અધ્યક્ષ પદ્મશ્રી ચમુકૃષ્ણ શાસ્ત્રીએ પોતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું, 'પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને આ પુરસ્કાર આપવાથી ICPRનું અને પુરસ્કારનું મહત્ત્વ વધ્યું છે. આપણને તેમનું માર્ગદર્શન પ્રાપ્ત થાય છે અને તેમના સમયમાં આપણી પણ ઉપસ્થિતિ છે એ આપણું મોટું ભાગ્ય છે.'

ICPRના મેમ્બર સેક્રેટરી પ્રો. સચ્ચિદાનંદ મિશ્રાએ આ સન્માનનો હેતુ જણાવીને આ લાઇફટાઇમ એચીવમેન્ટ ઍવોર્ડના સન્માનપત્રનું વાંચન કરતાં કહ્યું હતું, ''આપને લાઇફટાઇમ એચીવમેન્ટ ઍવોર્ડથી સન્માનિત કરવા એ ભારતીય દાર્શનિક અનુસંધાન પરિષદ અને સમગ્ર દાર્શનિક જગત માટે એક ગૌરવનો વિષય છે... જો કે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આપના મહાન કાર્યને કોઈ જ ઓળખની જરૂર નથી, પરંતુ ભારતીય દર્શનને વધુ સમૃદ્ધ કરનાર આપની નિઃસ્વાર્થ આજીવન સેવાને સન્માનિત કરવાનો આ એક વિનમ્ર પ્રયાસ છે... અમારા સમયના જીવંત ભાષ્યકાર મહાનાચાર્યને લાઇફટાઇમ એચીવમેન્ટ એવોર્ડ પ્રદાન કરી ICPR ગર્વ અનુભવે છે...'' વાંચન બાદ ICPRના ચૅરમૅન પ્રો. આર. સી. સિન્હા તેમજ ICPRના મેમ્બર સેક્રેટરી પ્રો. સચ્ચિદાનંદ મિશ્રાએ આ આજીવન ઉપલબ્ધિ પુરસ્કાર (લાઇફટાઇમ ઍચીવમેન્ટ ઍવોર્ડ) મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને એનાયત કર્યો,


भारतीयदार्शनिकानुसन्धानपरिषत्
सुप्रसिद्धदार्शनिकं महामहोपाध्यायं संस्कृतविद्वांसं स्वामिश्रीसाधुभद्रेशदासं
आजीवनोपलब्धिपुरस्कारप्रदानेन २०२० समाजयति

प्रशस्तिपत्रम्

[illegible]

सादरम्

आचार्यः सच्चिदानन्दमिश्रः
सदस्यसचिवः

R. C. Sinha
आचार्यः रमेशचन्द्रसिन्हा
अध्यक्षः

જે પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણે સમર્પિત કર્યો હતો. ઉપસ્થિત સૌ સભાજનોએ પણ ઊભા થઈ પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીનું બહુમાન કર્યું અને તાળીઓના ગડગડાટ સાથે આ ઐતિહાસિક ક્ષણને વધાવી લીધી હતી.

ત્યારબાદ પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ કહ્યું હતું કે તેઓ તો એક અબુધ તોફાની બાળક હતા જેમને અભ્યાસમાં કોઈ રુચિ ન હતી. પરંતુ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તેમને પ્રેમથી સ્વીકાર્યા, અભ્યાસમાં પ્રેરિત કર્યા, ડગલે ને પગલે માર્ગદર્શન આપ્યું, સંભાળ રાખી, શ્રદ્ધાપૂર્વક શાસ્ત્ર અભ્યાસમાં પણ જોડ્યા. આથી અહીં જે પ્રશંસા થઈ છે તે પેલા તોફાની બાળકની નહીં, પરંતુ તેનું ઘડતર કરનાર સંત બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રશંસા છે. આજનું સન્માન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું સન્માન છે, પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું સન્માન છે.' વળી તેમણે જણાવ્યું હતું કે, 'જો સ્વામિનારાયણ ભગવાને પોતાના ઉપદેશમાં અક્ષર અને પુરુષોત્તમ તત્ત્વની ચર્ચા ન કરી હોત તો શું ભાષ્ય લખાયું હોત? તેથી આ સન્માન ભગવાન સ્વામિનારાયણનું છે. જો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે મને ભાષ્ય લખવાની આજ્ઞા જ ન આપી હોત તો શું ભાષ્ય લખાયું હોત? તેથી આ સન્માન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું છે અને અત્યારે પણ બધું કાર્ય અમારા ગુરુ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી જ થાય છે. તેથી આ સન્માન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું છે.' અંતમાં તેમણે કહ્યું હતું, 'સાધુ માટે તો સાધુતા જ લાઇફટાઇમ એચીવમેન્ટ ઍવોર્ડ છે. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી પ્રમાણે 'તન કી ઉપાધિ તજે સોઈ સાધુ' આવી સાધુતાનો પુરસ્કાર આ જ જીવનમાં હું પ્રાપ્ત કરી શકું એવી આજે પ્રાર્થના કરું છું.'

આજના સમારોહના મુખ્ય અતિથિ, પ્રસિદ્ધ નેતા, લેખક અને વિચારક ડૉ. શ્રી રામ માધવજીએ કહ્યું હતું, 'આ દેશની મહાન સંસ્કૃતિ, પરંપરા અને સભ્યતાની મહાનતાનો સંદેશ લોકો સુધી સદા પહોંચતો રહે તેમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું મોટું યોગદાન રહેલું છે. સ્વામિનારાયણ સંપ્રદાય ખૂબ મોટો ભક્તિ સંપ્રદાય છે, જેના માધ્યમથી દેશની ધાર્મિક પરંપરા આગળ વધતી રહી છે. આજે જ્યારે વિજ્ઞાનની પ્રગતિ સાથે જ્ઞાનની પણ આવશ્યકતા જણાય છે ત્યારે પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ એ જ જ્ઞાનપરંપરાને આગળ વધારી છે.'

ICPRના ચૅરમૅન અને સમારંભના અધ્યક્ષ પ્રો. આર.

સી. સિંહાએ જણાવ્યું હતું, 'ભારતીય દાર્શનિક અનુસંધાન પરિષદ અને અખિલ ભારતીય દાર્શનિક પરિષદને સંતોના આશીર્વાદ મળતા રહ્યા છે. યદ્યપિ સંત માટે ઍવોર્ડ કોઈ મહત્ત્વ નથી ધરાવતો પણ આ ઍવોર્ડ આપવાથી ICPR સન્માનિત થયું છે, તેની ગરિમા વધી છે. આ સભા જોતાં લાગે છે કે ICPR ધન્ય થઈ ગયું છે.''

ત્યારબાદ આ પ્રસંગ નિમિત્તે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પાઠવેલા આશીર્વાદનું વાંચન શ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ કર્યું હતું, જેમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે લખ્યું હતું, 'ICPR દ્વારા મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી લાઈફટાઈમ એચીવમેન્ટ ઍવોર્ડથી સન્માનિત થઈ રહ્યા છે એ ક્ષણ આપણા સૌ માટે એક ઐતિહાસિક છે. ભદ્રેશદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં સ્વામિનારાયણ ભાષ્ય, સ્વામિનારાયણ સિદ્ધાંત-સુધા જેવા અનેક ગ્રંથોની રચના કરી છે તેથી આ સન્માન ફક્ત ભદ્રેશદાસ સ્વામીનું જ નથી, પરંતુ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પ્રસંગે તેમનું પણ છે...'




આ સમારોહના અંતે પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ પોતાના સમાપન વક્તવ્યમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આર્ષ દૃષ્ટિનો પરિચય આપતાં કહ્યું હતું, 'શિલ્પકાર એક પથ્થરમાં મૂર્તિ જુએ તે રીતે ભાષ્ય લખાયાનાં ૨૦ વર્ષ પહેલાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું કે 'આ ભદ્રેશદાસ સ્વામી ભાષ્ય લખશે.'' અંતે તેમણે આ પ્રકારે ભારતીય દાર્શનિક પરંપરાનું સન્માન કરવા બદલ ICPRનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ અવસરે સંસ્કૃત વાઙ્મયના ક્ષેત્રે ભારતની નામાંકિત જર્નલ 'વ્યાસશ્રીઃ' દ્વારા અક્ષરપુરુષોત્તમ દર્શન પરનો વિશેષાંક પણ પ્રકાશિત કરાયો હતો. જર્નલના મુખ્ય સંપાદક પ્રૉ. શ્રી બુદ્ધેશ્વર ષડંગીજીએ કહ્યું, 'વ્યાસશ્રીઃ વર્ષમાં બે વાર પ્રકાશિત થતી સંસ્કૃત તથા સંસ્કૃતિના પ્રચારમાં રત ISSN marked અને UGC referred જર્નલ છે, જેના દરેક અંકમાં મુખપૃષ્ઠ પર એક વિદ્વાનની છબિ સાથે તેમને તે અંક સમર્પિત કરવામાં આવે છે જેથી ભવિષ્યની પેઢી પણ તેમના યોગદાનને જાણી શકે. અમારી ઇચ્છા હતી કે પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીની છબિ પણ મુખપૃષ્ઠ પર મૂકવી, પણ તેમણે વિનમ્રતાપૂર્વક ના પાડી અને આ અંકને પોતાના ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં સમર્પિત કરવા કહ્યું. વ્યાસશ્રીઃ ના પ્રકાશિત ૧૯ અંકોમાં આ પ્રથમ એવો અંક છે, જેમાં કોઈ વિદ્વાનની છબિ મુખપૃષ્ઠ પર નથી. આ અંકમાં અક્ષરપુરુષોત્તમ દર્શન વિષયે વિદ્વાનો દ્વારા રજૂ કરાયેલા એક એક શોધપત્ર પર મહિના સુધી ચર્ચા કરી શકાય તેમ છે અને શોધપ્રબંધ લખી શકાય તેમ છે.''

આ પ્રસંગે કાશીના બહુમાન્ય વિદ્વાન પ્રૉ. રામકિશોર ત્રિપાઠીજીનું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શોધ સંસ્થાન દ્વારા 'વેદાંત-માર્તંડ'ની ઉપાધિથી અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રો. રામકિશોર ત્રિપાઠીજીની વિદ્વત્તાનો પરિચય આપતાં પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ જણાવ્યું હતું કે, 'વિદ્વાનોને સન્માનની અપેક્ષા નથી હોતી, પણ વિદ્યા સન્માનને આકર્ષે છે. પ્રો. રામકિશોર ત્રિપાઠીજી મહાન વિદ્વાન છે, વેદાંત વિભૂતિ છે. તેઓ નવથી વધુ વેદાંતદર્શનોનો અભ્યાસ કરાવે છે. તેમની આ વિદ્વત્તાને સત્કારતાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શોધ સંસ્થાન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દી અવસરે તેમને 'વેદાંત-માર્તંડ'ની ઉપાધિથી સન્માનિત કરે છે.'

દિલ્હીમાં આયોજિત આ કાર્યક્રમને વેબકાસ્ટ દ્વારા પણ દેશ-વિદેશમાં અનેક લોકોએ નિહાળ્યો હતો. આમ, સમગ્ર વૈદિક સનાતન ધર્મના ક્ષેત્રમાં તથા દાર્શનિક દૃષ્ટિએ સ્વામિનારાયણ સંપ્રદાયનો એક ઐતિહાસિક સમારોહ સંપન્ન થયો.

દાર્શનિક જગતનું ગૌરવ વધારનારો આ સન્માન સમારોહ નિહાળનાર સૌ માટે ચિરસ્મરણીય બની રહ્યો. અખિલ સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ વધારનાર પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને ખૂબ ખૂબ અભિવંદન. ◆

# વૈદિક સનાતન હિન્દુ પરંપરાના મહાન ધર્માચાર્યો સાથે શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શન વિષે સંવાદ

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શન એક સ્વતંત્ર મૌલિક અને સર્વથા વૈદિક દર્શન છે, એવું જાણ્યા બાદ ભારત અને વિદેશના વિદ્વાનોમાં આ દર્શન પ્રત્યેની જિજ્ઞાસા અને આદર વધતાં રહ્યાં છે.

ભારતવર્ષના વિવિધ સંપ્રદાયોના મૂર્ધન્ય પંડિતો સાથે અનેક વાર શાસ્ત્રીય રીતે આ દર્શન અંગે ખૂબ ઊંડાણથી સંગોષ્ઠિઓ થઈ છે. પ્રસ્થાનત્રયી અર્થાત્ ઉપનિષદો, બ્રહ્મસૂત્ર તથા ભગવદ્ગીતા જેવાં વૈદિક શાસ્ત્રો, વચનામૃત જેવા સ્વામિનારાયણ ભગવાનના ઉપદેશ ગ્રંથો તથા પ્રસ્થાનત્રયી પર લખાયેલ સ્વામિનારાયણ ભાષ્ય ઇત્યાદિ ગ્રંથોનાં પ્રમાણો સાથે આ સંગોષ્ઠિઓ થતી. સૌ વિદ્વાનો અક્ષરપુરુષોત્તમ દર્શનની વિશેષતાઓ, તેની વૈદિકતા તથા અપૂર્વતાને જાણીને અતિ પ્રસન્ન થતા, આ મૌલિક દર્શનનું સ્વાગત કરતા અને સ્પષ્ટ રીતે તેનું સમર્થન પણ કરતા.

ભારતના પારંપરિક વિદ્વાનોએ બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંત પ્રસ્થાનત્રયીના ભાષ્યકાર મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી વિવિધ સંપ્રદાયના પીઠ સ્થાનોમાં જઈ ત્યાંના ધર્માચાર્યો સાથે પણ દાર્શનિક સંગોષ્ઠિ કરે તેવી ઇચ્છા દર્શાવી. આથી તે તે સંપ્રદાયના વિદ્વાનોની જેમ વૈદિક સનાતન પરંપરાના મહાન ધર્માચાર્યો સાથે પણ પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત આ અક્ષર-પુરુષોત્તમ દર્શન અંગે સંગોષ્ઠિઓ થતી રહી છે. તેના એક ભાગરૂપે ૨૦૨૧ના ઑક્ટોબર માસમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી કેટલાંક પ્રાચીન પીઠ સ્થાનોની મુલાકાતે ગયા હતા અને તે તે સંપ્રદાયના ધર્માચાર્યો સાથે અક્ષર-પુરુષોત્તમ દર્શન વિશે સૌહાર્દપૂર્ણ સંવાદ કર્યો હતો.

### મધ્વ સંપ્રદાયના પીઠાધીશ્વર ધર્માચાર્ય સાથે સંવાદ

આ યાત્રા અંતર્ગત તા. ૨૫ ઑક્ટોબર, ૨૦૨૧ના દિવસે કર્ણાટકમાં ઉડુપી સ્થિત પ્રસિદ્ધ શ્રીકૃષ્ણ મઠમાં પૂજ્ય વિશ્વપ્રિયતીર્થ સ્વામીજી સાથે તેઓની મુલાકાત થઈ હતી. મધ્વાચાર્યજી દ્વારા સ્થાપિત અષ્ટ મઠોમાં આ મઠ અદમારુ મઠ તરીકે પ્રસિદ્ધ છે. આ મઠના અર્ચકો તથા વિદ્વાનો દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા સ્વામિનારાયણ ભાષ્યકાર ભદ્રેશદાસ સ્વામીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઠાકોરજી તથા સંતોને હાર પહેરાવી પૂર્ણકુંભથી, વેદોક્ત મંત્રોનું ગાન કરતાં તેઓ મંદિર સુધી દોરી ગયા હતા. આ સ્થાને મઠના પર્યાય પીઠાધીશ્વર ધર્માચાર્ય પૂજ્ય ઈશપ્રિયતીર્થ સ્વામીજીએ સ્વાગત કરી દેવદર્શન કરાવ્યાં અને સ્વાગત કર્યું. અહીં પીઠાધીશ્વર પૂજ્ય સ્વામીજી તથા પંડિતોની ઉપસ્થિતિમાં પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ સંપૂર્ણ પ્રસ્થાનત્રયીનું સ્વામિ-નારાયણભાષ્ય ભગવાનની મૂર્તિ સમક્ષ અર્પણ કર્યું.

પ્રથમ આ મઠના વરિષ્ઠ મહંત પૂજ્ય શ્રી વિશ્વપ્રિયતીર્થ સ્વામીજી સાથે મુલાકાત થઈ. ન્યાય, વ્યાકરણ તથા વેદાંત જેવા શાસ્ત્રીય વિષયોમાં તેઓનું પ્રભુત્વ વિદ્વદ્જગતમાં પ્રસિદ્ધ છે. તેઓ સંતોનું સ્વાગત કરવા મઠના દ્વાર સુધી આવ્યા. તેમની સાથે મધ્વાચાર્યજી દ્વારા સ્થાપિત દ્વૈત દર્શન અને ભગવાન સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત અક્ષર-પુરુષોત્તમ દર્શન અંગે શાસ્ત્રોના આધારે સુદીર્ઘ વિમર્શ થયો. પ્રસ્થાનત્રયી પર લખાયેલ સ્વામિનારાયણ ભાષ્યનો સંપુટ જોઈ પૂજ્ય સ્વામીજીએ ખૂબ જ સંતોષ વ્યક્ત કર્યો અને સ્વામિનારાયણ ભગવાનના આ વિશિષ્ટ તત્ત્વજ્ઞાનને પ્રસન્નતાભર્યું સમર્થન આપ્યું. સાથે સાથે એ પણ જણાવ્યું કે 'શ્રી પ્રમુખસ્વામી મહારાજનું આ બહુ જ મોટું કાર્ય છે કે તેમણે સ્વામિનારાયણ ભગવાનનો પોતાનો એક આગવો વિશિષ્ટ સિદ્ધાંત છે તેનું પ્રતિપાદન કરતાં ભાષ્યો તૈયાર કરાવ્યાં. બહુ જ દીર્ઘદૃષ્ટિ હોય તેમને જ આવો વિચાર આવે. આ સિદ્ધાંતની શાસ્ત્રીયતામાં કોઈ શંકાને સ્થાન નથી.'

પૂજ્ય વિશ્વપ્રિયતીર્થ સ્વામીજીએ પોતાના સ્થાને પીઠાધીશ્વર આચાર્ય તરીકે પૂજ્ય ઈશપ્રિયતીર્થ સ્વામીજીને સ્થાપિત કર્યા છે. પૂજ્ય ઈશપ્રિયતીર્થ સ્વામીજી પણ વૈદિક સનાતન શાસ્ત્રોમાં પ્રકાંડ વિદ્વત્તા ધરાવે છે. તેઓની સાથે પણ તેમના આસને અક્ષરપુરુષોત્તમ દર્શન વિશે ખૂબ વિસ્તારથી તાત્ત્વિક વિમર્શ થયો હતો. આ વિમર્શ દરમ્યાન

મધ્વ સંપ્રદાયના મૂર્ધન્ય પંડિતો પણ ઉપસ્થિત હતા. સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન કઈ રીતે અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત તથા દ્વૈત વગેરે ઇતર દર્શનોની જેમ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે તે અંગે સુંદર સંગોષ્ઠિ થઈ. જરૂર જણાઈ ત્યાં પૂજ્ય ઈશપ્રિયતીર્થ સ્વામીજી તથા પંડિતોએ પ્રશ્ન પૂછ્યા હતા, જેના વચનામૃત આદિ સાંપ્રદાયિક શાસ્ત્રો તથા ઉપનિષદાદિ શાસ્ત્રના સંદર્ભો દ્વારા પ્રમાણબદ્ધ ઉત્તરો આપીને ભદ્રેશદાસ સ્વામીએ તેઓની જિજ્ઞાસાને સંતોષી હતી.

આ વિદ્વદ્‌ગોષ્ઠિ બાદ મધ્વપીઠાધીશ્વર પૂજ્ય ઈશપ્રિયતીર્થ સ્વામીજીએ એક વિશિષ્ટ જાહેરસભાનું પણ આયોજન કર્યું હતું. તેમની ઇચ્છા હતી કે ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રસ્થાપિત અક્ષરપુરુષોત્તમ દર્શનનું પ્રતિપાદન કરતું સ્વામિનારાયણ ભાષ્ય મોટી સભામાં અર્પણ થાય. આ સભામાં પૂજ્ય પીઠાધીશ્વર સ્વામીજીએ પોતે જ આજના પ્રસંગનો અહેવાલ સમગ્ર સભાજનોને આપ્યો.

ત્યારબાદ પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ સ્વામિનારાયણ સંપ્રદાય અને મધ્વ સંપ્રદાય વચ્ચેના પ્રેમપૂર્ણ સંબંધો અને મધ્વ સંપ્રદાયના ગુરુવર્યો સાથે પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજના આદર તથા સ્નેહની સ્મૃતિ કરી અક્ષરપુરુષોત્તમ દર્શનનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. સભાના અંતે ભાષ્યકાર પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ પૂજ્ય ઈશપ્રિયતીર્થ સ્વામીજીને સ્વામિનારાયણ ભાષ્યો ભેટ આપ્યાં. આ સંગોષ્ઠિ બાદ પૂજ્ય પીઠાધીશ્વર ઈશપ્રિયતીર્થ સ્વામીજીએ પોતાના હસ્તાક્ષરે પત્ર લખીને આ ઐતિહાસિકતા પ્રસંગ અંગે આનંદ દર્શાવ્યો હતો.

આ જ રીતે મધ્વ સંપ્રદાયના પ્રસિદ્ધ પેજાવર મઠના શોધ સંસ્થાનમાં પણ મધ્વ વેદાંતના નિષ્ણાત વિદ્વાનો સાથે અક્ષરપુરુષોત્તમ દર્શનની મૌલિકતા અંગે સુંદર સંવાદ થયો હતો. આમ, મધ્વ સંપ્રદાયના ધર્માચાર્યશ્રી તથા મૂર્ધન્ય પંડિતો સાથે અક્ષરપુરુષોત્તમ દર્શન વિશે રસપ્રદ શાસ્ત્રીય સંવાદ યોજાયો.

## શારદા પીઠ શ્રુંગેરીના શંકરાચાર્ય શ્રી વિધુશેખરભારતી સ્વામીજી સાથે દાર્શનિક સંગોષ્ઠિ

શૃંગેરીમાં આવેલ શારદા મઠ ૮મી સદીમાં શ્રીમાન આદિ શંકરાચાર્યજી દ્વારા સ્થાપવામાં આવેલો છે, જેમાં હાલ શ્રી શ્રી વિધુશેખરભારતીતીર્થ સ્વામીજી જગદ્‌ગુરુ શંકરાચાર્યનું પદ શોભાવી રહ્યા છે. શારદા પીઠમાં સદીઓથી પારંપરિક રીતે વૈદિક સનાતન ધર્મના ગ્રંથોનું અધ્યયન-અધ્યાપન સુચારુ રીતે ચાલી રહ્યું છે. આ પીઠ વિવિધ શાસ્ત્રોમાં પારંગત એવા વિદ્વાનોની ખાણ સમાન છે. અહીંના મઠાધીશ્વર પૂજ્ય શ્રીવિધુશેખર ભારતી સ્વામીજી પોતે પણ સાધુતાની સાથે શાસ્ત્રોમાં પણ પારંગત છે. ષડ્‌દર્શનના પ્રકાંડ પંડિત છે. ન્યાય-વ્યાકરણ-વેદાંત તથા મીમાંસા વગેરે વિષયોમાં નિષ્ણાત છે. નિયમિત રીતે શારદા પીઠમાં શાસ્ત્રાર્થોનું આયોજન થતું રહે છે અને તેમાં અધ્યક્ષ સ્થાને વિરાજિત થઈ શાસ્ત્રાર્થનું સૂત્ર સ્વામીજી પોતે સંભાળે છે.

૨૫ ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ સવારે ૧૦:૩૦ વાગે જગદ્‌ગુરુ શ્રી શ્રી વિધુશેખરભારતીજી સાથે દાર્શનિક સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુનિવાસ નામથી ઓળખાતા પીઠાધીશ્વર પૂજ્ય સ્વામીજીના આસને જ સંગોષ્ઠિ ગોઠવાઈ હતી. ગુરુનિવાસમાં પ્રવેશતાં જ પૂજ્ય શંકરાચાર્યજીએ મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીનું સાનંદ સ્વાગત કર્યું. પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ પૂજ્ય શંકરાચાર્યજીને દંડવત પ્રણામ કરી નમસ્કાર કર્યા.

પૂજ્ય શ્રીવિધુશેખરભારતી સ્વામીજી સારી રીતે જાણતા હતા કે ભદ્રેશદાસ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંતને અનુસરતાં પ્રસ્થાનત્રયી ભાષ્યો રચ્યાં છે. આ ઉપરાંત તિરુપતિ રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટીમાં દસ દિવસ ચાલેલી વિદ્વત્સંગોષ્ઠિમાં દક્ષિણ ભારતના મૂર્ધન્ય વિદ્વાનો સાથે અક્ષરપુરુષોત્તમ દર્શન વિશે જે શાસ્ત્રચર્ચા થઈ હતી તેનો અહેવાલ પણ તેઓએ પંડિતો પાસેથી પ્રાપ્ત કર્યો હતો. આથી તેઓશ્રી પણ આ દર્શન અંગે શાસ્ત્રીય સંવાદ કરવા ઉત્સુક હતા. ઔપચારિક આવકાર બાદ સતત દોઢ કલાક સુધી દાર્શનિક ચર્ચા થઈ. પૂજ્ય વિધુશેખરભારતી સ્વામીજીએ આ ચર્ચામાં ખૂબ રસ લઈ ઘણા પ્રશ્નો પૂછ્યા. આ ચર્ચામાં બ્રહ્મસૂત્રના આધારે વિમર્શ થયો. અથાતો બ્રહ્મજિજ્ઞાસા જેવા બ્રહ્મસૂત્રમાં અક્ષરપુરુષોત્તમ દર્શન કઈ રીતે છે તેની સ્પષ્ટતાઓ થઈ. સૃષ્ટિમીમાંસા, પ્રમાણ-મીમાંસા, પ્રમેયમીમાંસા, સાધનમીમાંસા તથા ફળમીમાંસા જેવા અતિ શાસ્ત્રીય વિષયોમાં ગહન વિમર્શ થયો. આ વિષયોમાં પૂજ્ય શંકરાચાર્યજી અદ્વૈત દર્શનની માન્યતાઓને રજૂ કરતા અને પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી સ્વામિનારાયણ ભગવાને આપેલ દિશાના આધારે અક્ષરપુરુષોત્તમ દર્શનના સિદ્ધાંતો રજૂ કરતા. ગંગાના પ્રવાહની જેમ શાસ્ત્રીય સંસ્કૃત ભાષામાં ચાલતા આ દાર્શનિક સંવાદની ગરિમા ત્યાં ઉપસ્થિત વિદ્વાનોને સાનંદ માણતા હતા.

સૌહાર્દસભર દાર્શનિક સંગોષ્ઠિના અંતે પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ પૂજ્ય શંકરાચાર્યજીને પ્રસ્થાનત્રયી

સ્વામિનારાયણ ભાષ્ય ભેટ આપ્યાં. જીવંત ભાષ્યકાર સ્વયં પોતે લખેલાં ભાષ્યો અર્પણ કરે છે તેનો આનંદ તેઓએ વ્યક્ત કર્યો. અક્ષરપુરુષોત્તમ દર્શન અંગે સુદીર્ઘ ચર્ચા તો થઈ જ હતી, તેમ છતાં ફરી તેઓએ સ્વામિનારાયણ ભાષ્ય હાથમાં લઈ તેમાં વર્ણવેલ વિષયો અને શૈલીમાં અભિવ્યક્ત થતી શાસ્ત્રીયતાની ખૂબ પ્રસન્ન ચિત્તે સરાહના કરી. બ્રહ્મસૂત્ર સ્વામિનારાયણ ભાષ્યમાંથી એક સૂત્રને દર્શાવી તેમણે જણાવ્યું કે આ સાચા અર્થમાં દાર્શનિક ભાષ્યો છે કારણ કે ભાષ્યોમાં હોવાં જોઈએ તે લક્ષણો આ ભાષ્યગ્રંથોમાં છે. ત્યારબાદ પૂજ્ય શંકરાચાર્યજીએ મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીને શાલ ઓઢાડી સન્માન્યા. સાથે આવેલ સંતો સરલજીવનદાસ સ્વામી, ભક્તિવેદાંતદાસ સ્વામી તથા નિર્દોષયોગીદાસ સ્વામીનું પણ અભિવાદન કર્યું. પોતાના સંપ્રદાયનું સાહિત્ય ભેટ આપ્યું અને અંતે આદર સાથે ભદ્રેશદાસ સ્વામીને પ્રેમભર્યો આગ્રહ કર્યો કે તમે વારંવાર અમારે ત્યાં આવો અને અહીં શાસ્ત્રીય ચર્ચામાં તમારો લાભ આપો.

સંગોષ્ઠિ પૂર્ણ થતાં ત્યાં ઉપસ્થિત શારદાપીઠના મૂર્ધન્ય વિદ્વાને કહ્યું કે 'અમારા માટે આ અલૌકિક અવસર છે કે અમે આ વૈદિક સનાતન દર્શન વિષે વિગતે પ્રથમ વાર પરિચય પ્રાપ્ત કરીએ છીએ. અમે તો એમ સમજતા હતા કે સ્વામિનારાયણ સંપ્રદાયનો કોઈ આગવો સિદ્ધાંત નથી. તે તો કોઈ ઈતર દર્શનની શાખા જ છે. પરંતુ આજે એ જાણીને અત્યંત આશ્ચર્ય અને આનંદ થાય છે કે આ સંપ્રદાય પણ અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત તથા દ્વૈત વગેરે અન્ય દર્શનોની જેમ જ પોતાનું વિશિષ્ટ તત્ત્વજ્ઞાન ધરાવે છે, જેનું નામ છે અક્ષરપુરુષોત્તમ દર્શન. સ્વામિનારાયણ ભગવાનનાં વચનામૃતોમાં આટલું સ્પષ્ટ રીતે અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ પુરુષોત્તમ એ બે તત્ત્વોનું નિરૂપણ છે એ જોઈને આ દર્શન ખરેખર પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાન પ્રબોધિત વૈદિક દર્શન છે એવી પ્રતીતિ થાય છે.'

આ રીતે વૈદિક સનાતન પરંપરાના ધર્માચાર્યો સાથે અક્ષરપુરુષોત્તમ દર્શન વિષે થયેલો શાસ્ત્રીય સંવાદ પરસ્પર સ્નેહ અને આદર વધારનારો રહ્યો. ◆

મહાન ધર્માચાર્યો સાથે દાર્શનિક સંવાદોની સાથે સાથે, તિરૂપતિ ખાતેની રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહીને પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ પ્રકાંડ વિદ્વાનોને સંબોધીને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શનનું ગૌરવ વધાર્યું હતું...






# બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા ૧૩,૦૦૦ કરતાં વધુ સત્સંગ-કાર્યકરોની યોજાઈ કાર્યકર શિબિર



તા. ૧૩-૧૨-૨૦૨૧ થી તા. ૨-૧-૨૦૨૨ દરમ્યાન બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા કુલ ૨૨ કાર્યકર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપક્રમે સારંગપુર, ગોંડલ, અમદાવાદ, બોચાસણ, ભરૂચ, સાંકરી અને તીથલ મંદિરે શિબિરો યોજાઈ હતી.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ઉજવણીના ઉપક્રમે આ શિબિરનો મધ્યવર્તી વિચાર હતો: 'એક નિશાન – શતાબ્દી મહોત્સવ.' શિબિરનાં વિવિધ સત્રોમાં પ્રેરક વક્તવ્યો, વર્કશોપ, ચોટદાર સંવાદો, ગોષ્ઠિઓ જેવાં માધ્યમો દ્વારા કાર્યકરોને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ઋણનું વિશેષ સ્મરણ થયું હતું. આ શિબિરોમાં પૂજ્ય ડૉક્ટર સ્વામી તથા પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે વરિષ્ઠ સંતો તથા અન્ય સંતોએ પ્રેરણાવચનો દ્વારા સૌ કાર્યકરોને શતાબ્દી મહોત્સવની સેવામાં યાહોમ થવાની હાકલ કરી હતી.

શિબિરમાં ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વીડિયો આશીર્વચન દ્વારા શતાબ્દી મહોત્સવનું અમૂલ્ય ટાણું ચૂકી ન જવાય તે અનુસંધાન આપ્યું હતું તથા શતાબ્દી મહોત્સવની સેવાનું ફળ અક્ષરધામ છે, તેવા શુભાશિષ અર્પ્યા હતા. બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિ તથા યુવા પ્રવૃત્તિના કુલ ૧૩,૦૦૦ જેટલાં પુરુષ-મહિલા કાર્યકરોએ આ શિબિરનો લાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી અને શતાબ્દી મહોત્સવની સેવામાં જોડાવા બુલંદ નાદ કર્યો કે - *મહંતસ્વામીની હાકલ છે, હવે અમારો વારો છે...શતાબ્દીનો નારો છે, હવે અમારો વારો છે...* ◆





# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત


## વાઇબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટમાં IPDC

તાજેતરમાં તા. ૫ અને ૬ જાન્યુઆરી, ૨૦૨૨ દરમ્યાન અમદાવાદ સ્થિત સાયન્સ સિટી ખાતે 'વાઇબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ-૨૦૨૨' યોજાઈ હતી. આ ઉપક્રમે યોજાયેલ કોન્ફરન્સમાં દેશ-વિદેશના અનેક શિક્ષણવિદો જોડાયા હતા. કોન્ફરન્સની સાથે યોજાયેલા શૈક્ષણિક પ્રદર્શનમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા નિર્મિત અભ્યાસક્રમ IPDC - ઈન્ટિગ્રેટેડ પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. મૂલ્ય-નિષ્ઠા આધારિત સર્વાંગી વ્યક્તિત્વ વિકાસને કેન્દ્રમાં રાખીને નિર્માણ પામેલા આ કોર્સનો પરિચય પ્રાપ્ત કરીને અનેક મહાનુભાવોએ પોતાની યુનિવર્સિટીમાં શરૂ કરવાની જિજ્ઞાસા વ્યક્ત કરી હતી. ◆



## એશિયા-પેસિફિક દેશોમાં યોજાયો વાંચન યજ્ઞ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે ઠેર ઠેર ભક્તિમય કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. એ જ શૃંખલામાં તા. ૧ થી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૧ દરમ્યાન એશિયા-પેસિફિક દેશોમાં પ્રમુખસ્વામી મહારાજ વિસ્તૃત જીવનચરિત્ર વાંચન યજ્ઞ-પારાયણ યોજાઈ હતી. એના ઉપક્રમે એશિયા-પેસિફિકમાં ચાલતા બી.એ.પી.એસ. સત્સંગ-કેન્દ્રોના ૨૭૦૦ કરતાં વધુ યુવાનો-વડીલો-મહિલાઓએ પ્રમુખસ્વામી મહારાજના જીવન ચરિત્રના ભાગ-૪ અને ભાગ-૫નું વાંચન કર્યું હતું. આમ, સામૂહિક વાંચન-પારાયણ કરીને સૌ ભક્તોએ વિશેષ ભક્તિ અદા કરી હતી. ◆




## બ્રિસ્બેન ખાતે શ્રી નીલકંઠવર્ણીનો પ્રતિષ્ઠાવિધિ

તાજેતરમાં તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ બ્રિસ્બેન, ઓસ્ટ્રેલિયા ખાતે શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિનો પ્રાણપ્રતિષ્ઠાવિધિ યોજાયો હતો. બ્રિસ્બેન ખાતે નિર્માણ પામેલા બી.એ.પી.એસ. મંદિરમાં નૂતન અભિષેક મંડપનું નિર્માણ થયું છે. તેમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ પ્રતિષ્ઠિત થયેલી નીલકંઠવર્ણીની મૂર્તિનો સ્થાપનવિધિ પૂજ્ય પરમચિંતનદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો. આ પ્રસંગે અનેક પરિવારોએ ઓનલાઈન માધ્યમથી ઘેર બેઠાં અને કેટલાક ભક્તોએ મંદિરે પધારીને આ વિધિનો લાભ લીધો હતો. ◆



### ભક્તરાજ શ્રી રતિલાલ લાલભાઈ પટેલ, વેસ્મા, ઉં.વ. ૮૨, અક્ષરવાસ તા. ૧૮-૧૨-૨૦૨૧



દક્ષિણ ગુજરાતના વેસ્મા ગામના વતની ભક્તરાજ રતિલાલ પટેલના અક્ષરવાસથી સેલવાસ ક્ષેત્રને એક પાયાના ભક્તરાજની ખોટ પડી છે. તેઓને સન ૧૯૭૦મા સત્સંગનો રંગ લાગ્યો હતો ત્યારથી દિનપ્રતિદિન ચઢતો ને ચઢતો રહ્યો હતો. વ્યવસાયે સમાજકલ્યાણ વિભાગમાં ઉચ્ચ પદે ફરજ નિભાવતાં નિભાવતાં બી.એ.પી.એસ. સંસ્થાની વિવિધ સેવાઓ અને સત્સંગલક્ષી કાર્યોમાં પણ ખૂબજ ભક્તિભાવથી જોડાઈ ગયા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી સેલવાસમાં હરિમંદિર માટે જમીન સંપાદનની સેવા પણ ઉત્સાહથી કરીને વર્ષો સુધી આ ક્ષેત્રમાં અગ્રેસર કાર્યકર તરીકે સત્સંગવિકાસની પ્રવૃત્તિમાં પણ સેવારત રહ્યા. સેલવાસ વિસ્તારમાં સત્સંગની શરૂઆતમાં સંતોની સાથે પગે ચાલતા કે સાઈકલ ઉપર તેઓ ગામડે ગામડે સ્વામીશ્રીનો સંદેશ લઈને વ્યસનમુક્તિ અને સદાચારવૃદ્ધિ માટે ઘૂમતા. અંતરિયાળ ગામડાંઓમાં અનેક અસુવિધાઓ વચ્ચે સત્સંગસભાઓ, શિબિરો, આદિવાસી છાત્રાલયોમાં કાર્યક્રમો ગોઠવીને સત્સંગનો પ્રચાર-પ્રસાર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજ અને સંતો આ વિસ્તારમાં વિચરણ અર્થે પધારતા ત્યારે રતિલાલના ઘરે જ ઉતારો રહેતો. સેલવાસ વિસ્તારમાં સત્સંગવિકાસમાં નોંધપાત્ર યોગદાન આપનાર શ્રી રતિલાલ પટેલને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી રાજેશકુમાર ધીરજલાલ સુહાગિયા, અમદાવાદ, ઉં.વ. ૫૦, અક્ષરવાસ તા. ૬-૧-૨૦૨૨



સાવરકુંડલા પાસેના ગણેશગઢ (ગાધકડા) ગામના વતની અને વર્ષોથી અમદાવાદ સ્થાયી થયેલા શ્રી રાજેશભાઈને સૌ રાજુભાઈના હુલામણા નામથી ઓળખતા. અત્યંત સરળ સ્વભાવ, કર્મઠતા, સેવાભાવી સ્વભાવના કારણે તેઓ સત્સંગમાં સૌના પ્રિય બની ગયા હતા. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ સંસ્થાના અનેક મહોત્સવો તેમજ અક્ષરધામ, દિલ્હી અને રાંદેસણ સ્કૂલ જેવાં સંકુલોના નિર્માણકાર્યમાં અને સ્વામિનારાયણ અક્ષરપીઠમાં પણ તેઓએ ખૂબ જ સેવા કરેલી. છેલ્લા કેટલાક સમયથી તબિયત નાદુરસ્ત રહેવા છતાં તેઓ સેવામય રહીને સદાય આનંદમાં રહેતા અને બીજાને રાખતા. દેહની વિપરીત પરિસ્થિતિ હોવા છતાં સેવાકાર્યમાં પણ એટલો જ ઉત્સાહ. આવા સેવાભાવી, સરળ અને સદાય આનંદમાં રહેતા ભક્તરાજના અક્ષરવાસથી મોટી ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...



## સારંગપુર બી.એ.પી.એસ. શ્રી યજ્ઞપુરુષદાસજી ગૌશાળાનો અશ્વ અને ગીર ગૌવંશ ભારતમાં પ્રથમ ક્રમાંકે

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી સારંગપુર સ્થિત બી.એ.પી.એસ. શ્રી યજ્ઞપુરુષદાસજી ગૌશાળા ભારતીય ઉચ્ચ ઓલાદના અશ્વ, ગીર ગાય, જાફરાબાદી ભેંસોના સંવર્ધન માટે સમગ્ર વિશ્વમાં ખ્યાતિ પામી છે. સમયે સમયે યોજાતી અનેક સ્પર્ધાઓમાં અહીંનું પશુધન ઉચ્ચ કક્ષાની ભારતીય ઓલાદ તરીકે ઉત્તીર્ણ થાય છે. તાજેતરમાં સારંગખેડા, મહારાષ્ટ્ર ખાતે યોજાયેલ શ્રેષ્ઠ ભારતીય અશ્વ સ્પર્ધામાં સારંગપુર, બી.એ.પી.એસ. ગૌશાળાનો ત્રણ વર્ષીય કાઠિયાવાડી અશ્વ (વછેરો) - માલવ 'ટૂ ટીથ કોલ્ટ' સ્પર્ધામાં સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમાંકે આવ્યો છે. ઉલ્લેખનીય છે કે માલવના પિતા કનૈયા ઘોડાને પણ સન ૨૦૧૮માં સમગ્ર ભારતમાં શ્રેષ્ઠ કાઠિયાવાડી અશ્વની કક્ષામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો હતો.

### ગૌશાળાને પ્રાપ્ત થયો બ્રીડ કન્ઝર્વેશન ૨૦૨૧નો એવોર્ડ

ICAR - National Bureau of animal Genetic Resources, કર્નાલ, હરિયાણા દ્વારા સારંગપુર બી.એ.પી.એસ. શ્રી યજ્ઞપુરુષદાસજી ગૌશાળાને ઓર્ગેનાઈઝેશન કક્ષાએ નસલ સંરક્ષણનો પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો છે. સારંગપુર ખાતે સંવર્ધન થઈ રહેલા ઉચ્ચ કક્ષાના ગીર ગૌવંશ માટે સંસ્થાને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ સંવર્ધન કાર્યમાં જોડાયેલા તમામ સેવારથીઓને અભિનંદન...








## અટલાદરા ખાતે બિરાજતા મહંત સ્વામી મહારાજના હસ્તે બી.એ.પી.એસ. મંદિરોની મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા વિધિ...

અટલાદરા ખાતે બિરાજતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અનેકવિધ ભક્તિમય કાર્યક્રમોની હારમાળા રચાતી રહી. એ શૃંખલામાં સ્વામીશ્રીના વરદ હસ્તે અનેક બી.એ.પી.એસ. મંદિરોમાં બિરાજમાન થનાર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને અન્ય ભગવદ્‌સ્વરૂપોનો પ્રાણપ્રતિષ્ઠા વિધિ પણ સંપન્ન થયો હતો. આ પ્રસંગે સ્વામીશ્રીએ તા. ૨૪-૧૨-૨૦૨૧ના રોજ વાઘોડિયા અને અંટોલી તથા તા. ૧૨-૧-૨૦૨૨ના રોજ ઑસ્ટ્રેલિયાનાં ક્વિન્સલેન્ડ અને વિક્ટોરિયા બી.એ.પી.એસ. મંદિર ખાતે સ્થાપિત થનાર મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા વિધિ કર્યો હતો. આ ઉપરાંત અન્ય ૧૯ શહેરોનાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરોના પ્રાણપ્રતિષ્ઠા વિધિ સ્વામીશ્રીના હસ્તે અટલાદરા ખાતે સંપન્ન થયા હતા. એ દિવ્ય પ્રસંગોની સ્મૃતિછબીઓ...

Swaminarayan Prakash Gujarati, February-2022, Published on 1-2-2022. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.



અમેરિકામાં રોબિન્સવિલ ખાતે બરફવર્ષા વચ્ચે તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીની ભવ્ય મૂર્તિ
અને તેનાં દર્શનમાં રત શ્રદ્ધાપૂર્ણ ભક્તોની સ્મરણીય છબી...



**Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas**